समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઈન

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૫ જુલાઈ : ૨૦૧૦ અંક : ૧



**: પરામર્શનસમિતિ :**

**ભગવતીકુમાર શર્મા** — પ્રમુખ
**રતિલાલ બોરીસાગર** — વરિષ્ઠ લેખક
**પ્રફુલ્લ રાવલ** — પ્રકાશન મંત્રી

**: તંત્રી :**
યોગેશ જોષી

**: સહતંત્રી :**
મોહન પરમાર



**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ m ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફેક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com





## અ નુ ક્ર મ


| | |
|---|---|
| **પરિષદ-પ્રમુખનો પત્ર** | લેખિકાસત્ર : વધુ સાર્થક આયોજનોની દિશા ઊઘડી ● ભગવતીકુમાર શર્મા |
| **કવિતા** | સ્વગત સર્વોક્તિ ● હરિકૃષ્ણ પાઠક, નિયતિ ● પ્રા. મુકુંદ દે. ભટ્ટ, મરીઝ ● હરીશ મીનાશ્રુ, તાર જોડાઈ ગયો છે ● નીતિન વડગામા |
| **શતાબ્દીવંદના** | કવિવર ઉ.જો.નું પ્રભાવક ગીત : લૂ, જરી તું – ● લાભશંકર ઠાકર, ‘છિન્નભિન્ન છું’ – ઉમાશંકરની કવિતાના નવા પ્રસ્થાનનું પહેલું પદ ● ચંદ્રકાન્ત શેઠ, કવિશ્રી ઉમાશંકર જોશી : થોડીક અંતરંગ વાતો... ● મણિલાલ હ. પટેલ |
| **શ્રદ્ધાંજલિ** | પ્રયોગાત્મક ટૂંકીવાર્તાના સર્જક ઘનશ્યામ દેસાઈની ચિરવિદાય ● પ્રફુલ્લ રાવલ, સમર્થ સમકાલીન કવિ-વિવેચક : નીતિન મહેતા ● મણિલાલ હ. પટેલ |
| **સમીક્ષા/ગ્રંથાવલોકન** | રાષ્ટ્રભાવનાનું ઘડતર અને રચનાત્મક કાર્ય ● ડૉ. અરુણ કક્કડ |
| **સૂચિ** | સાહિત્યિક પત્રકારત્વ વિષયના ગુજરાતી ભાષામાં પ્રાપ્ય સંદર્ભ ગ્રંથો-લેખો ● ડૉ. કિશોર વ્યાસ |
| **પરિષદવૃત્ત** | સંકલન : રાજેન્દ્ર પટેલ |
| **સાહિત્યવૃત્ત** | સંકલન : ઇતુભાઈ કુરકુટિયા |
| **આવરણ** | શિવાની પટેલ |

# પરિષદ-પ્રમુખનો પત્ર

## લેખિકાસત્ર : વધુ સાર્થક આયોજનોની દિશા ઊઘડી

'લેખિકાસત્ર ?!' 'લેખિકાસત્ર' આગવું અને વિશિષ્ટ. સુરતમાં તે યોજાયું. ગયા મે મહિનાની તા. સોળમી અને સત્તરમી. 'ગુજરાતી સાહિત્ય પરિષદે' તેનું આયોજન કર્યું અને 'અખિલ હિન્દ મહિલા પરિષદ'ની બૃહદ્ શાખા તથા તેના નેજા હેઠળ ચાલતા 'વાચકમંચ'નો તેને પૂર્ણ, સક્રિય સહકાર પ્રાપ્ત થયો. છેલ્લા ત્રણેક મહિનામાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ' દ્વારા સુરતમાં યોજાયેલો આ બીજો સાહિત્યિક કાર્યક્રમ હતો. આ અગાઉ 'ગુજરાત સાહિત્ય અકાદમી'ના સહકારથી સુરતમાં 'નવલકથાસત્ર' યોજાયું હતું. આ વર્ષે દક્ષિણ ગુજરાતમાં 'સાહિત્ય પરિષદ'ના ઉપક્રમે વધુ ત્રણેક સાહિત્યવિષયક કાર્યક્રમો યોજવાની અમારી ભાવના છે. એ દ્વારા સાહિત્યની આબોહવાનો પ્રસાર એ જ આશય હોય.

પરિષદના ઉપક્રમે 'લેખિકાસત્ર' જેવાં ઝાઝાં આયોજનો આ પહેલાં કદાચ નહિ થયાં હોય. સુરતમાં તો તે પહેલું જ હતું. છૂટાંછવાયાં લેખિકા-સંમેલનો થતાં રહે છે. થોડાંક વર્ષ પહેલાં વલસાડમાં એક એવું સંમેલન યોજાયું હતું પણ જેમાં કચ્છથી મુંબઈ સુધીનાં પચાસેક જેટલાં લેખિકાઓ-કવયિત્રીઓ હાજર રહ્યાં હોય તેવું સંભવતઃ આ પહેલું સત્ર હતું. વસ્તુતઃ આ 'લેખિકાસત્ર' યોજાયું અને સાકાર થયું ત્યારે જ તેના ખરા મહિમાનો ઘણાંને ખ્યાલ આવ્યો હશે. હું તો મૂલતઃ ઉમળકાનો માણસ. ઔપચારિકતાઓ, વિધિવિધાન કે યમનિયમોની મને ઝાઝી ગતાગમ નથી, તે હું કબૂલું છું, પણ મારો ઉમળકો સાહિત્યપદાર્થકેન્દ્રી જ છે, તે મારે સ્પષ્ટ કરવું જોઈએ. મેં તો 'લેખિકાસત્ર'ની ઉદ્ઘાટનબેઠકમાં જ મારા વક્તવ્ય દરમિયાન કહી દીધું કે ભવિષ્યમાં ક્યારેક 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું એક આખું અધિવેશન લેખિકાઓને જ સમર્પિત કેમ ન કરી શકાય ? એમાં 'પરિષદ'-પ્રમુખ, વિભાગીય અધ્યક્ષાઓ, વક્તાઓ – સર્વત્ર લેખિકાઓ જ બિરાજમાન હોય. મારા આ સૂચનને સત્રમાં ઉપસ્થિત લેખિકાઓએ ઉમળકાભેર વધાવી લીધું, તે બતાવે છે કે આવા ઉપક્રમો પરત્વે તેઓનો ઉત્સાહ અને ઉત્સુકતા કેવાં પ્રબળ છે. તદુપરાંત પરિષદના મહામંત્રી રાજેન્દ્ર પટેલે એવો પણ વિચાર વ્યક્ત કર્યો કે પરિષદના ઉપક્રમે લેખિકાસત્ર જેવું આયોજન વર્ષમાં એક વાર તો થવું જ જોઈએ. આ બધું સૂચવે છે કે એક કરવા જેવા કામનો પ્રારંભ તો થયો છે અને તે સુરતમાં.

એકંદરે ઘણાં સાહિત્યધર્મીઓની એવી માન્યતા અને લાગણી છે કે ગુજરાતમાં લેખકોના અનુપાતમાં લેખિકાઓની સંખ્યા હજી ઘણી ઓછી છે. લેખિકાસત્રનાં અધ્યક્ષા અને સુવિખ્યાત વાર્તાલેખિકા ડૉ. હિમાંશી શેલતે તેમના અધ્યક્ષીય પ્રવચનમાં આ હકીકતનો પડઘો પાડ્યો. આમેય 'લેખિકાસત્ર'માં હિમાંશીબહેનનાં બધાં વક્તવ્યો સમુચિત રીતે ધારદાર અને મુદ્દાસરનાં હતાં. તેમણે એક વેધક દૃષ્ટાંત આપતાં કહ્યું કે મહેન્દ્ર મેઘાણી જેવા ઉત્તમ અને સમર્થ વાચક-ભાવક-સંપાદક દ્વારા સંપાદિત અને પ્રકાશિત થયેલા 'મારી વાચનયાત્રા'ના દળદાર ગ્રંથોમાં લેખકોના લેખોની સંખ્યા ત્રણસોથી વધુ છે, જ્યારે લેખિકાઓના લેખોની સંખ્યા માત્ર નવેક જેટલી જ છે. જો મહેન્દ્રભાઈના સંપાદનમાં પણ આ સ્થિતિ હોય તો લેખિકાઓને સંદર્ભે અન્યત્ર શી દશા હશે એ કલ્પી શકાય. સ્ત્રીઓ લેખન પ્રતિ કેમ ઓછી વળે છે અને જેઓ લખે છે તેઓમાં પણ લેખન-સાતત્ય કેમ જળવાતું નથી, તેની મીમાંસા કરવાની સાથે તેમણે સ્ત્રીઓની બીજી સર્જનાત્મક ક્ષમતાઓનો પણ સરસ ઉલ્લેખ કર્યો.

આ લેખિકાસત્રમાં પુરુષલેખકો દ્વારા તેઓની કૃતિઓમાં થતું નારી-નિરૂપણ, લેખિકાઓની રચનામાં સ્ત્રીજીવનનું આલેખન; નવલકથા, ટૂંકી વાર્તા, નિબંધ અને કવિતાક્ષેત્રે ગુજરાતી લેખિકાઓના યોગદાન વિષે ભિન્ન ભિન્ન બેઠકો યોજાઈ. રાત્રે કવયિત્રીસંમેલન પણ યોજાયું. બધીયે બેઠકોમાં પુરુષ વક્તાઓ તો બે-ત્રણ જ હતા. બાકીનો સમગ્ર દોર બહેનોએ સંભાળ્યો. આ એક મોટી લાક્ષણિકતા હતી. 'અખિલ હિન્દ મહિલા પરિષદ' બૃહદ્ શાખાનાં અધિષ્ઠાત્રી અને સુરતનાં માતૃમૂર્તિ સમાન નેવુંવર્ષીયા ધ્રુલતાબહેન પારેખ સત્રમાં અથિતિ હાજર રહ્યાં તે પણ વિશેષ ઉલ્લેખનીય ઘટના હતી.

'લેખિકાસત્ર'ની બધી જ બેઠકો સાંગોપાંગ સફળ અને સાર્થક રહી એમ કહેવું યોગ્ય નહીં લેખાય. મંચ પરની બેઠકોમાં થોડીક અધૂરપો અને કચાશ વર્તાઈ. કેટલીક અપેક્ષાપૂર્તિ પણ ન થઈ. પરંતુ તે સ્વાભાવિક લેખાવું જોઈએ. કારણ કે આ પ્રકારનો આ પ્રાયઃ પ્રથમ પ્રયોગ અને તજ્જન્ય અનુભવ હતા. આ સત્રને સ્પ્રિંગબોર્ડ સમાન લેખવામાં ઘણું ઔચિત્ય છે. આ સત્રમાંથી મળેલા અનુભવોને આધારે બીજું વધારે સાર્થક અને સુશ્લિષ્ટ આયોજન થઈ શકે અને અહીં જે ઉત્સાહ પ્રગટ્યો, દિશા મળી તેને આધારે કહી શકાય કે તેવું આયોજન થશે પણ ખરું. આમ છતાં આ સત્રમાં કેટલાંક વક્તવ્યો અત્યંત નોંધપાત્ર રહ્યાં. તેમાં કવિતાની બેઠકનાં અધ્યક્ષા ઉષા ઉપાધ્યાય અને નવલકથાની બેઠકનાં અધ્યક્ષા બિંદુબહેન ભટ્ટનો સવિશેષ ઉલ્લેખ કરવો જોઈએ.

લેખિકાઓ-કવયિત્રીઓની કેફિયતોનો કંઈક અતિરેક અને પ્રસ્તાર પણ થયો. પરંતુ નવલકથાની બેઠકમાં લોકપ્રિય નવલકથા-લેખિકા કાજલ ઓઝા-વૈદ્યની કેફિયત ખાસ નોંધ માગી લે છે. કાજલબહેન આજનાં ઘણાં લોકપ્રિય નવલકથા-લેખિકા છે. તેમણે જ કહ્યું તે પ્રમાણે તેમની નવલકથાઓ બહોળા વાચકસમુદાય સુધી પહોંચી છે અને તેની ઘણી પ્રતો વેચાતી રહે છે. તેમણે આ પુસ્તક-પ્રસારમાં માર્કેટિંગનો પણ મહિમા કર્યો. એક વાત નિઃસંદેહ છે કે કાજલ ઓઝા-વૈદ્ય ગુજરાતી ભાષાનાં કદાચ પહેલાં 'લોકપ્રિય' નવલકથા-લેખિકા છે. લોકપ્રિય નવલકથાકારોની આપણે ત્યાં કશી નવાઈ નથી. વિઠ્ઠલ પંડ્યા, સારંગ બારોટ, હરકિશન મહેતા, અશ્વિની ભટ્ટ, પ્રિયકાંત પરીખ, રજનીકુમાર પંડ્યા વગેરે કેટલાંક નામો આ સંદર્ભે ગણાવી શકાય. પરંતુ 'લોકપ્રિય' નવલકથા-લેખિકાની પ્રથમ મુદ્રા સંભવતઃ કાજલબહેનને પ્રાપ્ત થઈ છે. આ એક નવીન નોંધનીય ગતિવિધિ છે. જોકે નવલકથાની લોકપ્રિયતા અને તેના માર્કેટિંગનો કાજલબહેને જે મહિમા કર્યો તેનો પ્રતિભાવ હિમાંશીબહેન શેલત તેમના સમાપન-વક્તવ્યમાં આપશે જ એવી અપેક્ષા હતી. અને તે ફળી પણ ખરી. હિમાંશીબહેને કહ્યું કે લોકપ્રિયતા, માર્કેટિંગ એ બધું બરાબર છે, પણ સાચા સર્જકની અપેક્ષા અને સાધના તો સર્જનમાં ઉત્કૃષ્ટતાની જ હોય. એમના આ મંતવ્ય સાથે કયો સાચો સાહિત્યસર્જક અસંમત થશે ? હિમાંશીબહેને હવે આવાં સત્રોમાં કેફિયતોમાંથી બહાર નીકળી જવાની અને આગળ વધવાની આવશ્યકતા પર યોગ્ય રીતે જ ભાર મૂક્યો. મારું સૂચન એવું રહ્યું છે કે ભવિષ્યે કવિતાઓની જેમ થોડીક

ગદ્યકૃતિઓનું પણ પઠન આવાં સત્રોમાં થાય તે ઇચ્છનીય છે, કારણ કે છેવટે તો ભાવકને લેખક કે લેખિકાની કેફિયત કે મથામણ કરતાં તેની કૃતિઓના આસ્વાદની જ વિશેષ અપેક્ષા રહે.

આ ‘લેખિકાસત્રે’ ગુજરાતી લેખિકાઓ, કવયિત્રીઓમાં નવી આશા અને ઉત્સાહનો સંચાર કર્યો છે, તેવી મારી પ્રતીતિ છે. ‘સાહિત્યક્ષેત્રે’ અમે સાવ ઉપેક્ષિત કે સેકન્ડ ક્લાસ સિટિઝન જેવાં નથી’ એવો આત્મવિશ્વાસ બહેનોમાં પ્રગટ થયો હોય તો તે પર્યાપ્ત લેખાવું જોઈએ. એ તો સ્પષ્ટ છે કે લેખિકાઓ લેખકો અને ભાવકો પાસે કૃપાદૃષ્ટિ માગતી નથી. તેઓને ‘કૃપાગુણથી ઉત્તીર્ણ’ના પ્રમાણપત્રની આવશ્યકતા પણ નથી. નારીમુક્તિવાદ આ સત્રમાં પ્રારંભે સહેજ ડોકાયો અને સત્રઅધ્યક્ષાની ટકોર પછી તે લુપ્ત થયો જે ઇષ્ટ હતું. છતાં નારીવાદના દૃષ્ટિબિંદુથી લખતી લેખિકાઓ અને કવયિત્રીઓની નોંધ સત્રમાં લેવાઈ જ. થોડીક તેવી કાવ્યરચનાઓ પણ રજૂ થઈ. જેમ આજની સ્ત્રી માનવવ્યક્તિ તરીકેનો પોતાનો સ્વીકાર વાંછે છે તેમ લેખિકાઓ અને કવયિત્રીઓ પણ જાતિનિરપેક્ષભાવે એક સાહિત્યસર્જક તરીકેનો પોતાનો સ્વીકાર ઇચ્છતી હોય તો તે યોગ્ય જ છે.

તા. ૧૨-૬-૨૦૧૦ **ભગવતીકુમાર શર્મા**

## આશા

પ્રભાતે મંદ પ્રસ્પંદે પૃથ્વીનું પોપચું ખૂલે,
નવેલાં તેજનાં દર્શે ઘડી આનંદમાં ઝૂલે.
વિભાવરી નીંદરમાં વિતાવી
પ્રભાતનાં મંગલ સ્વપ્ન સેવતાં;
કોલાહલે, કિંતુ, દિને નિહાળી
મીઠાં બધાં એ ઉરસ્વપ્નની ચિતા !
સન્ધ્યાનાં શાન્ત અંધારે પૃથ્વીનું પોપચું ઢળે,
ભાવિનાં નવલાં સ્વપ્ને ફરી એકાન્તમાં સરે.

[‘સમગ્ર કવિતા’] **– ઉમાશંકર જોશી**





# કવિતા

## સ્વગત સર્વોક્તિ | હરિકૃષ્ણ પાઠક

(મંદાક્રાન્તા સૉનેટ)

**માન્યો સૌએ ગહન-ગભીરો, છીછરો કાં વહું છું ?**
**શ્રદ્ધા – જેની મુજ પર – પડી સાવ ભોંઠી લહું છું.**
**વાતે વાતે વળ બદલતો, છેતરું જાત પહેલાં –**
**જેથી હૈયું લવ ન થડકે અન્યને છેહ દેતાં.**

**ટૂંકા સ્વાર્થે નિજ, અવરની હાણ છાની કરું છું,**
**દાવા પાછો પ્રબળ કરતો : શ્રેય સૌનું ચહું છું.**
**પામ્યો ઊંચાં પદ અવનવાં ને રળ્યો કંઈ પ્રતિષ્ઠા**
**ખેલ્યું ભેદી છળ, ધરી દીધી હોડમાં સર્વ નિષ્ઠા.**

**ભોગે-જોગે પણ પનારું પડ્યું જેમને તે**
**વાળી લેતાં મન : વરદ કેવો ફળ્યો વક્ર રીતે !**
**સાચી-ખોટી સમજણ ધરીને કશો બાખડ્યો છું;**
**આજે પાછો અચરજ કરું – શો મને સાંપડ્યો છું !**
**માઠું લાગ્યું કદીક પણ ? – તો ચીંતવો સ્વસ્થ ચિત્તે,**
**નિર્ભ્રાંતિનું સુખ રળવિયું લો, નજીવા નિમિત્તે...**

## નિયતિ | પ્રા. મુકુંદ દે. ભટ્ટ

**નીકળવું હતું આમ અને તેમ નીકળ્યા !**
**ધાર્યા’તા જે આધાર નિરાધાર નીકળ્યા.**

**મળવાનાં હતાં રાજ ને મળવાના હતા પાટ,**
**ત્યાં મળ્યાં વલ્કલ ને વનવાસ નીકળ્યા.**

**સંધાય માંડ સાત ત્યાં તૂટી જાય તેર,**
**માન્યા’તા જે હમદમ તે જલ્લાદ નીકળ્યા.**

**ધપે છે કારવાં બસ ખાનાબદોશની જેમ,**
**થાક્યા ચરણની શોધમાં વિસામા ન નીકળ્યા.**

**વિશ્વાસે ડૂબ્યાં વ્હાણની વ્યથા ભંડારવી રહી,**
**માલમ પર માંડી’તી આશ તે છળનાર નીકળ્યા.**

## મરીઝ | હરીશ મીનાશ્રુ

આ સતત અવગણના એની મ્હેરબાની છે, મરીઝ
સાવ ભીની આંખ ને ભીતર વિરાની છે, મરીઝ

ખુદ ખુદાની આપણા જેવી કહાની છે, મરીઝ
મુખવટો છે ને ઉપરથી આ બુકાની છે, મરીઝ.

દર્દની બાબત બહુ મિથ્યાભિમાની છે, મરીઝ
ઔષધિ યે કરગરે, કારણ ? – સ્વમાની છે મરીઝ.

આપણી યે પંખી જેવી ખાનદાની છે, મરીઝ
માટીનો મનખો ને મન તો આસમાની છે,
મરીઝ.

છો ને કાયમ કાફિયે રમઝટ રવાની છે, મરીઝ
સ્થિરતા સાધે રદીફે તે જ જ્ઞાની છે, મરીઝ.

એક ક્ષણની માનતા તો મેંય માની છે, મરીઝ
જ્યાં મરણની ટોચ ઉપર જિન્દગાની છે, મરીઝ.

આપણે કરતા રહ્યા તૌબા ને એ ભરતો રહ્યો
તે જ છે રહેમત વળી અનહદ તૂફાની છે, મરીઝ.

મેં તને જોઈને લડખડવાનો લય શીખી લીધો
બાકી આ બંદાને ક્યાં આદત નશાની છે, મરીઝ.

ના, નથી ઓછી મદિરા કે ન ગળતું જામ છે
પણ હકીકતમાં તરસની બેઈમાની છે, મરીઝ.

જામમાં છે બે'ક પરપોટા વળી ઝીણી તરડ
કે હવે તો માન, દુનિયા સાવ ફાની છે, મરીઝ.

સાવ ખાલી ગ્લાસમાંથી ચુસ્કીઓ ભરતો રહે
રિન્દની આ રિક્તતા કેવી રૂહાની છે, મરીઝ.

અન્યની મોજૂદગી તો છે જ ક્યાં નવખંડમાં
તે છતાં ખંડિત અરીસે ભીડ શાની છે, મરીઝ.

આપણે જાચક ને એની બાંધી મૂઠી લાખની
રાખ ધરપત : એ સખી દાતાર દાની છે, મરીઝ.

જો, હૃદય ઊછળે કે આ તો એની એંધાણી જ
તું જ તો અલ્લાહના નામે ઉલા મિસરો અને
શબ્દના સોગંદ, મારું નામ સાની છે, મરીઝ.

તાળીઓના ગડગડાટે ભરસભામાં તું સદા
જે કથા કહેતો રહ્યો તે સાવ છાની છે, મરીઝ.

રાખજો ઝીણો ભરોસો આ ગઝલની વાત પર
સાવ મૂંગી એક કન્યાની જુબાની છે, મરીઝ.

આ ગઝલ મારી અને મક્તામાં તું, ક્યા બાત હૈ
સૌ કહે છે આ તો તારી માનહાનિ છે, મરીઝ.

પુણ્યસ્મરણ : મરીઝ

## તાર જોડાઈ ગયો છે | નીતિન વડગામા

જૂજવા આકાર સાથે તાર જોડાઈ ગયો છે.
સાવ નિરાકાર સાથે તાર જોડાઈ ગયો છે.

બંધ આંખે પણ જગત આખુંય કેવું ઝળહળે છે !
જાગતા અંધાર સાથે તાર જોડાઈ ગયો છે.

દોડતી આવી રહી છે મ્હેકતી ભીનાશ સામે,
ગુંજતા મલ્હાર સાથે તાર જોડાઈ ગયો છે.

ભૂંસવા ચાહે અહીં એ ખુદ બધાં ભૂંસાઈ જાશે,
જીવતા આધાર સાથે તાર જોડાઈ ગયો છે.

રોમરોમે સામટી ઊગે સભરતા આપમેળે,
સ્હેજ અપરંપાર સાથે તાર જોડાઈ ગયો છે.

સાંપડ્યું છે આજ ભગવા રંગનું સાચું પગેરું,
તત્ત્વના આ તાર સાથે તાર જોડાઈ ગયો છે.

આથમ્યા સઘળા ઉધામા, ઓસરી અંતે ઉપાધિ,
સાબદી સરકાર સાથે તાર જોડાઈ ગયો છે.


પરબ v જુલાઈ, 2010

## ભોમિયા વિના

ભોમિયા વિના મારે ભમવા 'તા ડુંગરા,
જંગલની કુંજ કુંજ જોવી હતી;
જોવી 'તી કોતરો ને જોવી 'તી કંદરા,
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે
હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે
અંતરની વેદના વણવી હતી.

એકલા આકાશ તળે ઊભીને એકલો
પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,
એકલો અટૂલો ઝાંખો પડ્યો.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજ કુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

['સમગ્ર કવિતા'] **– ઉમાશંકર જોશી**



# શતાબ્દીવંદના

## કવિવર ઉ.જો.નું પ્રભાવક ગીત : લૂ, જરી તું – | લાભશંકર ઠાકર

બે-એક વર્ષ પહેલાંની સ્મૃતિ છે. કવિવર ઉ.જો.ની સ્મૃતિસંધ્યામાં એક વક્તાએ મંચ પરથી, ઉ.જો.ના ગીતો વિશે આ ભાવકને ન ગમે તેવું વિધાન કર્યું. હું ક્ષુબ્ધ થયો. મારી ચેતનામાં ઉ. જો. એક અનન્ય ગીતસર્જક તરીકે નિત્ય સ્મરણીય અને શ્રવણીય ભાવસત્ય છે. ખેર. ભારતભરમાં ગુજરાતી સાહિત્યના વિદ્વાન અભ્યાસી તરીકે પ્રતિનિધિત્વ કરનાર (હાસ્તો, ભારતભૂષણ) અને વળી કવિ ઉ.જો.ના ચાહકનું ભાવતંત્ર ઠપ થઈ ગયું હશે ? મારી કિશોર – કુમાર વયથી આજ સુધી મારા પ્રિય ગીતસર્જક રહેલા કવિ ઉ. જો.ના ગીતસર્જન વિશે આવો અભિપ્રાય ? એ ક્ષણોમાં હું શાંત રહ્યો. આ ક્ષણોમાં થાય છે, મારા પ્રિય ગીતસર્જક ઉ.જો.ની કોઈ એક ગીતરચના વિશે મારા ભાવનને કંઈક વિગતે આમ લખતા લખતા સાંભળું, પામું.

કવિ શ્રી નિરંજન ભગત સાથે, આપણી ભાષાના દલપતરામથી રાવજી પટેલ સુધીના કવિઓને અમે પ્રતિમાસ સ્મરવાનો ઉપક્રમ રાખેલો. ભગત સાહેબ મને ગાવા પણ દે. હા, યાદ આવે છે, ઉ. જો.ને સ્મરવાના ઉપક્રમમાં મેં એક ગીત ગાયેલું.' એ ગીત વિશે મારા ભાવનને સાંભળવા આ ક્ષણોમાં ઉત્સુક છું.

**લૂ, જરા તું ધીરે ધીરે વા,**
**કે મારો મોગરો વિલાય !**
**કોકિલા, તું ધીમે ધીમે ગા,**
**કે મારો જીયરો દુભાય !**

'લૂ' પછી ગીતસર્જકે અલ્પવિરામ લીધો છે. હાસ્તો ભાવકે (કહો કે ગાયકે) અલ્પવિરામ લેવો અનિવાર્ય. લૂનો દીર્ઘોચ્ચાર (હાસ્તો ગાતા ગાતા) પછી અલ્પવિરામ. આ અલ્પવિરામ નાટ્યાત્મક ક્ષણનો અનુભવ કરાવે. ગીતમાં નાયિકાની પ્રથમ વ્યક્તિ એકવચનમાં અભિવ્યક્તિ છે. નાયિકા અટકે અને એક વિરામ, કહો કે સાયલન્સ સર્જાય. તે ભાવપૂર્ણતાનો નાટ્યાત્મક અનુભવ કરાવે. ગીતનો આ વિરામ અને પછીના ભાવકથન સાત્યત્યની સંરચના પ્રેક્ષણીય પરિમાણ સર્જે છે. હા, ભાવકની ચેતનાના ઇનર રંગમંચ પર એક નાયિકા પ્રત્યક્ષ થાય છે. તે લૂ-ને સંબોધન કરે છે. લૂ-નો ઊ-કાર અને પછી આવતા તુંનો ઉં-કાર ભાવકની ચેતનાને શ્રવણીય પકડમાં પકડે-જકડે (હા, અનાયાસ) અને એક ભાવલોકમાં તલ્લીન કરે.

નાયિકા લૂ-ને 'તું જરા ધીરે ધીરે વા' એમ કહે છે; કેમ જે તે લૂથી 'મારો મોગરો વિલાય !' મોગરો તે પ્રસિદ્ધ પુષ્પ છે. તે લૂ-થી વિલાય. નાયિકાના અંતઃકરણમાં મોગરો કયો ભાવસંકેત વ્યંજિત કરે છે ? આ ક્ષણે એક ભાવક એમ કહે; પ્રેમભાવ. કોઈ ભાવક કહે : પ્રેમમિલન ભાવ.

પછીની પંક્તિઓમાં કોકિલાને સંબોધન છે. તે ગાઈ રહી છે. તેને નાયિકા 'ધીમે

Parab Online
July 2010
Page: 5

ધીમે ગા' એમ કહે છે. કેમ ? 'કે મારો જીયરો દુભાય !' મોગરો વિલાય છે અને જીયરો દુભાય છે. જીયરો એટલે જીવ, નાયિકાનું ધબકતું હૃદય.

આ ગીતરચના તરત જ રંગમંચને પ્રત્યક્ષ કરે છે. ગીતના આરંભ સાથે જ નાયિકાના આંગિકમ્ વાચિકમ્ પ્રત્યક્ષ થાય છે. કોઈએ આ વિશ્વને રંગમંચની ઉપમા આપી છે. આ ગીતમાં જે વિશ્વ સર્જાય છે તેના ઘટકોમાં સૃષ્ટિ સમસ્ત છે અને કાલ (ધ ટાઇમ) છે. આ ગીતની સહજ એવી રંગમંચક્ષમતા પરમ પ્રકર્ષક અને પ્રભાવક બની રહે છે. નાયિકા ગીતની સંરચનાના કેન્દ્રમાં છે. અને નાયિકાની ઐતસિક ઘટનાના કેન્દ્રમાં નાયક, નાયકની પ્રતીક્ષા છે. ભાવકની આંતરચેતનામાં સ્થલકાલસાપેક્ષ રંગમંચ સર્જાય, એક ગીતમાં, તે ગીતસર્જકની અપૂર્વ વસ્તુનિર્માણક્ષમા પ્રજ્ઞાનો પ્રભાવ છે.

આ ડ્રામેટિક રૂપ સાથે પ્રત્યક્ષ થતા ગીતના આરંભ પછી, ગીતની લયાત્મક સ્ટ્રક્ચરલ બ્યુટિમાં કેવું રૂપાંતર આવે છે, તે સાંભળો.

**પાંખો થંભાવી ઊભું સ્થિર આભપંખી**
**સૃષ્ટિ મધ્યાહ્ન કેરી ઘેનમાં છે જંપી.**
**એકલી અહીં હું રહી પ્રિયતમને ઝંખી..**
**લૂ, જરી તું...**

કળાના ભાવસત્યને પામવામાં એક સમજ તો ભાવકમાં અપેક્ષિત છે. કળા માત્ર, તેના formal રૂપમાં, રૂપના કથનમાં અને આ કે ચરિત્રના તથ્યમાં કેવલ, શુદ્ધ કલ્પના હોય છે. કલ્પના તે રચનાનો પર્યાય છે. ના રિયાલિટી (વાસ્તવ)ની કોઈ મેયપટ્ટી, માપપટ્ટી આ સંદર્ભમાં પ્રયોજવી યથાર્થ નથી. જેમકે આ નાયિકા, તેના પ્રથમ વ્યક્તિ એક વચનમાં પ્રકટ, પ્રત્યક્ષ થતો ભાવપૂર્ણ અવાજ તે કેવળ કલ્પના (રચના) છે. હા, એક વિરહિણી પ્રત્યક્ષ થઈ છે. તે શું વિરહાગ્નિ-ની આગ-ઝાળમાં ગાય, નર્તન કરે ? ના, કળા એવા વાસ્તવની મેયપટ્ટીની સાપેક્ષતાથી ભિન્ન, અલગ એવા નિજ પરિમાણ સત્યમાં રાચે. આ નાયિકા 'આભપંખી'-ને અનુભવે છે. પાંખો છે. પણ તેણે પાંખો થંભાવી દીધી છે. આ કલ્પન વિરહિણી નાયિકાના ગાનલયમાં પ્રત્યક્ષ થયું છે. 'સૃષ્ટિ મધ્યાહ્ન કેરા ઘેનમાં છે જંપી.' આવી આભ-સૃષ્ટિની સંચાર-રહિત ક્ષણોમાં નાયિકાનું નિજ ભાવકથન છે :

**એકલી અહીં હું રહી પ્રિયતમને ઝંખી.**

હા, આ વિરહિણીની એકલતાની અને ઉત્કટ એવી પ્રિયતમની ઝંખનાની ક્ષણો વિશ્વમંચ પર પ્રત્યક્ષ થઈ રહી છે. વિરહિણી વિરહથી વિદગ્ધ છે, અને ઋતુકાળથી ય વિદગ્ધ છે.

મનોદૈહિક સત્ય છે તો મારા પ્રતિભાવનના અવાજને સાંભળું. પ્રાણૈષણા (સજીવ ધબકતા રહેવાની ઇચ્છા) તે સર્વ પ્રથમ ઉત્કટ, સહજ એષણા છે. કહો કે પ્રાણને ટકાવવા ધનની, સાધનની અનિવાર્યતા. તેથી ધનૈષણા ય પ્રાણૈષણાનું સહજ પરિણામપ્રવર્તન. પછીય એક દુર્નિવાર એષણા સહજ, ઇનેટ છે. હા, ડિઝાયર ઑફ સેક્સ. તે ઉત્કટ મનોદૈહિક સુખનો, આનંદનો અનુભવ છે. કોઈ વેદકથન છે કે ઉપસ્થ-યોનિનો આનંદ તે સર્વોચ્ચ આનંદ છે.

વિરહિણીનાં વ્યથા-પીડા-અગન-દાહ-એકલતા આ ગીતમાં, કહું કે વિશ્વરંગમંચ પર, પ્રત્યક્ષ થયાં છે. હાસ્તો એમાં યોગ-સંયોગની, એક અને અનન્ય થવાની ઝંખના છે. પણ (સાંસ્કૃતિક સત્યને કારણે) પ્રિયતમ તો દૂર-સુદૂર હોય, હશે. 'એક' મટીને અન્યતાથી મુક્ત



થવાની, અનન્ય, અદ્વૈત થવાની ઝંખના તે પ્રાકૃતિક સત્ય છે. હા. ભાવકની ચેતનામાં મંચ અનાયાસ રચાઈ જાય છે. મારા પ્રતિભાવનની આ ક્ષણોના યથાર્થને વ્યક્ત કરું તો આ ગીતરચના પ્રકૃતિની ઉત્કટ ઝંખનાને જગત મંચ પર પ્રગટ, પ્રત્યક્ષ કરે છે, જેને પુરુષ સાથે એક થવું છે.

કવિ ઉ.જો.એ એક સર્વસામાન્ય એવી વયસ્ક નારીને, નાયિકાને એવા સંરચના-સત્યમાં ચાક્ષુષ, શ્રુતિગોચર કરી છે કે ભાવયિત્રી પ્રતિભાને નિજ સર્જનપ્રક્રિયામાં સ્વયં પ્રકૃતિનો સાક્ષાત્કાર થાય.

કવિ ઉ.જો. આ પૃથ્વી પર મનુષ્ય હોવાના પાયાના, સહજ એવા 'માનવીય' સત્યને પ્રગટ, પ્રત્યક્ષ કરે છે. ના, તે લેશ માત્ર 'છોછ'ના કવિ નથી. હા, 'વિશ્વશાંતિ'ના કવિ છે. વિશ્વેતિ સર્વમ્. તે અખિલ-નિખિલના સમગ્ર સંદર્ભની સાપેક્ષતામાં મનુષ્યને, એક વયસ્ક નારીને, એક આવતી કાલની જનનીને, એના ઇનેટ સત્યથી પ્રેરાયેલાં આંગિકમ્ – વાચિકમ્‌ને તદ્રૂપ થઈને જોઈ-સાંભળી રહ્યા છે. હા, તે ઑડિયો-વિડિયો કૅમેરા સાથે, એક વ્યક્તિચેતનાને, footage આપીને તેના આંગિકમ્-વાચિકમ્‌ને નેત્રપટ પર અને અંતઃશ્રુતિપટ ઝાલવામાં તદ્રૂપ છે. સાંભળો બીજો અંતરો –

**ધખતો શો ધોમ ધીકે ધરણીની કાયા :**
**ઊભી છું ઓઢીને પ્રિયતમની છાયા,**
**પરિમલ ઊડે, ન ફૂલ હૈયે સમાયા.**
**લૂ, જરી તું...**

ધખતા ધોમમાં ધરણી ધીકે છે. નાયિકા આ ધોમ ધખતા તાપથી સંતપ્ત છે, તેથી અધિક વિરહાગ્નિથી સંતપ્ત છે. હા, ઇન અને આઉટ ધોમ ધખે છે. એ આઉટ કેમ છે ? પ્રતીક્ષામાં છે, પ્રિયતમની. ના, તે બંધ બારણે તાપથી બચવા પુરાઈ રહે તેવું તેનું ઇનર સત્ય નથી. દૂરથીયે એ દેખાય તો એને શાતાનો, સુખનો અનુભવ થાય. એ ધોમ ધખતા તાપમાં ઊભી છે. પ્રથમ વ્યક્તિ એકવચનમાં એ કહે છે. (કૌંસમાં કોઈ પૂછે એમ કલ્પીએ. કોણ પૂછે ? પ્રેક્ષક, શ્રોતા. એ પૂછે તે પહેલાં નાયિકાનું ઇનર એવું આશ્વાસન સત્ય પ્રકટ થાય છે. સાંભળો, ફરી.)

**ઊભી છું ઓઢીને પ્રિયતમની છાયા;**

હા, એ પ્રિયતમની છાયાને ઓઢીને ઊભી છે. છાયા છે ? છે. ક્યાં ? નાયિકાના મનમાં અને ઉત્કટ પ્રતીક્ષામાં. આ એનું મનોમય સત્ય છે. હા, છે અને ઉત્કટ એવું પ્રભાવક સત્ય છે. સ્નેહમિલન પુષ્પ છે. છે જ. એનો પરિમલ ઊડે છે જે નાયિકા feel કરે છે. એનું ઇનર સત્ય તો એવું છે કે 'ન ફૂલ હૈયે સમાયાં.' તેનું સત્ય સ્નેહાધીન છે.

હા, કહું કે આ પુષ્પિતા નારીનું આંતર કથન છે. વેલ પુષ્પિત થાય પછી ફલિત થાય. આ વયસ્ક નારી પુષ્પિતા છે. હા, ઉત્કટ આશા અને અભિલાષા સાથે She is waiting. આ દુર્નિવાર એવી મનોદૈહિક ઝંખના છે.

ગીતના અંતે, આરંભ, પુનરુક્ત થાય છે.

**કોકિલા, તું ધીમે ધીમે ગા,**
**કે મારો જીયરો દુભાય,**

**લૂ, જરી તું ધીરે ધીરે વા,**
**કે મારો મોગરો વિલાય.**

[અમદાવાદમાં, ગીત રચાયું ૨૫-૧૧-૧૯૫૦ના દિવસે. આ ગીત 'વસંતવર્ષા'માં છે.]

કવિ ઉ.જો.નાં બીજાં એકાધિક ગીતો વિશેના મારા પ્રતિભાવને આમ લખીને સાંભળવાની સહજ અભિલાષા છે.

[૩૧-૫-૨૦૧૦]

## 'છિન્નભિન્ન છું' – ઉમાશંકરની કવિતાના નવા પ્રસ્થાનનું પહેલું પદ

**ચંદ્રકાન્ત શેઠ**

ઉમાશંકર જોશીના કાવ્યપ્રાસાદનો પાયો 'વિશ્વશાંતિ', તેનું શિખર તે 'સપ્તપદી' અને શિખર પરનો સુવર્ણકળશ તે 'પંખીલોક'. કવિ ઉમાશંકરના દસ કાવ્યગ્રંથોમાંથી ત્રણમાં છે સાત સાત કાવ્યો. 'પ્રાચીના' તથા 'મહાપ્રસ્થાન' સાત સાત નાટ્યાત્મક દીર્ઘ કાવ્યોના સંગ્રહો તો 'સપ્તપદી', તેનું નામ સૂચવે છે તેમ, સાત પદોનો – સાત ઊર્મિકાવ્યોનો સંગ્રહ. જેમ લગ્નજીવનમાં સપ્તપદીનો તેમ ઉમાશંકરના કવિજીવનમાં એમની 'સપ્તપદી'નો વિશેષભાવે મહિમા છે. सतां हि सख्यम् साप्तपदीनम् आहुः । – સતિયાં જનો (સંતો)નું સખ્ય સાત ડગનું કહેવાય છે. સત્કવિ ઉમાશંકરનાં 'સપ્તપદી'માંનાં સાત કાવ્યો એના અંતરંગે ને બહિરંગે કવિ શ્રી ઉમાશંકર જોશીની વિકાસલક્ષી કાવ્યયાત્રાની ખૂબી તથા ખાસિયતનાં દ્યોતક છે. જેમ 'વિશ્વશાંતિ'થી 'અર્વાચીન કવિતા'ના લેખક – કવિ-વિવેચક શ્રી સુન્દરમે ગુજરાતી કવિતાનો એક નૂતન તબક્કો શરૂ થયાનું જણાવેલું તેમ ૧૯૫૬માં રચાયેલા 'છિન્નભિન્ન છું' કાવ્યથી પણ સ્વાતંત્ર્યોત્તર કવિતાનો વિષયવસ્તુ તેમ જ અભિવ્યક્તિના સંદર્ભમાં એક નૂતન તબક્કો શરૂ થયાનું આપણે કહી શકીએ એમ છીએ.

'છિન્નભિન્ન છું' 'સપ્તપદી'ના કાવ્યસપ્તકમાંનું પહેલું કાવ્ય છે. શરદપૂનમની રાત્રે નખી સરોવર પાસેથી – પ્રકૃતિ પાસેથી કાવ્યસૌંદર્યની દીક્ષા પામનાર તથા કારાગૃહના બંધન વચ્ચેય અહંમુક્તિની – ચેતોવિસ્તારની આધ્યાત્મિક ભૂમિકાની જીવનદીક્ષા પામનારા ઉમાશંકરે ૧૯૫૩માં કહેલું : **'અમે સારસ્વતો, સંવાદિતાના સાધકો.'** અને એ જ કવિ ૧૯૫૬માં કહે છે :

> **"છિન્નભિન્ન છું.**
> **નિશ્છંદ કવિતામાં ધબકવા કરતા લય સમો,**
> **માનવજાતિના જીવનપટ પર ઊપસવા મથતી કોઈ ભાત જેવો,**
> **ઘેર ઘેર પડેલ હજી નવ-હાથ-લાગ્યા ભિક્ષુકના ટુક જેમ,**
> **વિચ્છિન્ન છું."**

એવું તે પોતાની અંદર-બહાર શું ગુજરી રહ્યું હતું કે આ સંવાદિતાના સાધક કવિને વિસંવાદિતાના વિષમ અનુભવો વેઠવાના આવ્યા ?!

આ કવિએ ૧૯૩૧માં વિશ્વશાંતિની અને એ નિમિત્તે વિશ્વપ્રેમની વાત માંડી, પણ ૧૯૩૫માં તો એમની કવિદૃષ્ટિએ આપણી સમક્ષ 'આત્માનાં ખંડેર' રજૂ કર્યું. ૧૯૩૫થી ૧૯૫૬ વચ્ચેના ગાળામાં જાગતિક ભૂમિકાએ એવું એવું જોવા મળ્યું કે વ્યક્તિએ અને સમષ્ટિએ મૂળભૂત રીતે પોતાના વિશે, પોતાની આસપાસના સંદર્ભો અને સંબંધો વિશે વિચારવાનું – રિબાઈનેય સમજવાનું અનિવાર્ય થઈ પડ્યું. સ્વતંત્રતા, બંધુતા અને સમાનતા માટેના સંઘર્ષોએ ને યુદ્ધોએ માનવજાતિના ધર્મપ્રેમ ને પ્રેમધર્મના, અર્થનીતિ ને રાજનીતિના, શિક્ષણનીતિ ને સમાજનીતિના પરંપરાગત ખ્યાલો સામે અનેક યક્ષપ્રશ્નો ઊભા કર્યા. યંત્ર-તંત્રની જટિલ જાળજંજાળને કારણે સુન્દરમ્ જેવા કવિને 'હું માનવી માનવ થાઉં તો ઘણું' એમ કહેવાનું તો આપણા આ કવિને પણ 'સ્વપ્નોને સળગવું હોય તો —' એ કાવ્યમાં "મંત્ર તો 'મનુષ્ય' – માનવનું હોવું, માનવનું જીવવું' – એમ કહેવાનું પ્રાપ્ત થયું. માનવ થવું એટલે માનવતાવાળા થવું; પ્રેમ અને કરુણાવાળા થવું, અને એવા થવાનું – એવા થઈને રહેવાનું વસમું બની જાય એવો જો જીવન અને જગતનો માહોલ બની જાય તો તે કેમ ચાલે ? મનુષ્યને વીંખીપીંખી નાખનારાં તત્ત્વો પોતાની અંદર કંઈ ઓછાં નથી અને તેથી જ પોતાની છિન્નભિન્નતા જોનાર કવિની અંતર્યાત્રા અનિવાર્યપણે અહીં ઉખેળાઈને રહે છે.

કવિ કાવ્યનો આરંભ કરે છે પોતાની છિન્નભિન્નતાની હાલત પોતાની આગવી શૈલીથી બતાવીને. કવિનું હોવું 'છું' પદથી સૂચવાય છે. આ 'છું'માં 'હું' અંતર્હિત છે જ. છિન્નભિન્નતાનો અનુભવ વેદનાકર છે, પરંતુ એ અનુભવને અભિવ્યક્ત કરવા જેટલી કવિની અડીખમતા હજી બચી છે. છંદનો સાંગીતિક સંવાદ ભલે વિક્ષિપ્ત કે ખંડિત થયો પણ હજીયે નિશ્છંદતામાં ધબકી શકે એવું લયતત્ત્વ – કવિની સર્જકતાનું સ્પંદન-તત્ત્વ ઊંડે ઊંડે સાબૂત છે જ અને તેથી છિન્નભિન્નતાની અનુભૂતિની આવી કવિતાનું રચનાવિધાન શક્ય બન્યું છે. જેમ અંધકારમાંથી પ્રકાશમાં તેમ વિચ્છિન્નતામાંથી – વિસંવાદિતામાંથી અવિચ્છિન્નતામાં – સંવાદિતામાં પહોંચવાની વૃત્તિ ને ક્ષમતા નિઃશેષ થઈ નથી જ.

કવિની આસપાસનો માહોલ – કહો કે, પરિવેશ – એવો છે કે કોયલનો ટહુકો પણ કવિ સહી શકતા નથી. યંત્રતંત્રની જાળ એવી વકરી છે કે હવે પ્રકૃતિનો સ્વાદ – સંવાદ પણ કવિચિત્ત સહજતયા અનુભવી શકે એવી ભાવસ્થિતિ બચી નથી. વસંતપંચમી કેમ આવી ને કેમ ગઈ એની આ કવિને ('કોકિલ, પંચમબોલ બોલો / કે પંચમી આવી વસંતની.' – એવું ગાન કરનારા 'વસંતવર્ષા'ના આ કવિને) ખબર સરખી રહેતી નથી. પ્રકૃતિ તો જેવી છે તેવી છે, રામાયણ ખરી તો મનુષ્યપક્ષે છે. મનુષ્યનાં એવાં કારનામાં કે કરતૂતો છે કે એથી પ્રકૃતિનો ચહેરો મ્લાન થયો હોય એવું હવે લાગવા માંડ્યું છે. મનુષ્યની ડખલગીરીથી પ્રકૃતિની સંવાદ-સુષમા વિક્ષિપ્ત કે વિક્ષુબ્ધ થઈ હોય એવું લાગે છે અને એથી કવિનો પોતે વિચ્છિન્ન હોવાનો ભાવ વધુ ઘેરો બને છે. એ રીતે કવિ પોતાની આસપાસના પ્રાકૃતિક સંદર્ભથી અને તેના પરિણામે માનવીય સંબંધોથી પણ વિચ્છેદ પામ્યાનો વેદનાકર અનુભવ કરે છે. આવો અનુભવ એક પ્રકારની ઉન્મૂલનતા કે નિરાધારીનો ભાવ પણ સંકોરી શકે, જોકે કવિ એવા સંપ્રજ્ઞ કે સભાન છે, એવી સુદૃઢ સહનશક્તિવાળા છે કે વેદનાનો ભરપૂર અનુભવ કરવા છતાં વેદનામાં પોતાને તણાવા દેતા નથી. વેદનાથી તરડાય છે ખરા, પણ તૂટતા નથી. તેઓ આત્મદ્રષ્ટાની રીતે કહે છે :

**“માની લીધેલી એકતા વ્યક્તિની**
**શતખંડ ત્રુટિત મેં નજરોનજર દેખી લીધી છે.”**

કવિ પોતાના વ્યક્તિત્વમાં પડતી તિરાડો જોવા જેટલી ખબરદારી પણ દાખવે છે. તેઓ વિચ્છિન્નતાનો અનુભવ કરનારા છે તો પોતાનામાં વિચ્છિન્નતાના કારણે કેવી સ્થિતિ સર્જાય છે તેનું સાક્ષીભાવે દર્શન કરનારા પણ છે.

ઉમાશંકર જે ભાવાત્મક પરિબળોના દબાવ હેઠળ પોતાનું સંવિત્‌તંત્ર કામ કરે છે તેની વાત માંડે છે. એમ કરતાં પોતાની અંદરની પ્રકૃતિમાં વિકાર-વિવર્તો પેદા કરનારાં રાગ, દ્વેષ અને ભયનાં તત્ત્વોનો નિર્દેશ કરે છે. તેઓ એ ત્રણેય તત્ત્વોને મૂર્ત (મૂર્તિ) – સ્વરૂપે અહીં રજૂ કરે છે.

રાગમૂર્તિનું અને તેના પ્રભાવનું નિરૂપણ કરતાં કહે છે :

**“તમારે સ્મરણે રુધિર નાચી ઊઠ્યું,**
**તમારે દર્શે હૃદય રાચી ઊઠ્યું,**
**ને વિરહમાં બસ મરણ યાચી ઊઠ્યું,**
**તમે મારી ઝંખનાનું મધુર પ્રેયોરૂપ —**
**રાગમૂર્તિ, નમોનમો !**

તે પછી દ્વેષમૂર્તિનું અને તેના પ્રભાવનું નિરૂપણ કરતાં કહે છે :

**તમે મારી વાસનાનું કાલકૂટ વિરૂપ,**
**આંખની પ્યાલી મહીં ઊછળેલ અગ્નિકૂપ,**
**ઊડેલ શ્વાસોચ્છ્‌વાસ સાથે દગ્ધ હૈયાધૂપ,**
**તમારા સ્પર્શે નયન-પક્ષ્મો વિખૂટાં —**
**દ્વેષમૂર્તિ, નમોનમો !**

અને છેલ્લે ભયમૂર્તિનું અને તેના પ્રભાવનું નિરૂપણ કરતાં કહે છે :

**તમારા શવ-આશ્લેષથી શીત છૂટ્યાં,**
**હીર હૈયા તણાં છેક સુકાઈ ખૂટ્યાં,**
**ચેતનાસ્પંદનો મંદ આક્રંદ-ડૂબ્યાં,**
**તમે મારી કામનાનો નગ્ન નિશ્છલ છંદ —**
**ભયમૂર્તિ, નમોનમો !**

— આ ત્રિમૂર્તિએ કોઈક રીતે ઉમાશંકરને પ્રેમધર્મની દિશામાં – વિચ્છિન્નતાની વિરુદ્ધની સંવાદિતાની દિશામાં પ્રેર્યા છે, ધકેલ્યા છે અને તેથી જ ઉમાશંકર કૃતજ્ઞતા અને નિખાલસતાથી કહે છે :

**“એક-કેન્દ્ર વ્યક્તિત્વ કરવા મથ્યાં તમે મારે માટે**
**અને દીક્ષા આપી પ્રેમધર્મની**
**જેના કખગઘનેયે પામવાનું કેમે કરી**
**ફાવતું નથી હજીય.”**

ઉમાશંકરે જીવનમાં જેમ દુરિતના તત્ત્વનો વિધેયાત્મક અભિગમથી તેમ રાગ, દ્વેષ અને ભયનો પણ નમસ્કારપૂર્વક સત્કાર કર્યો જણાય છે. વિષમતાના અનુભવો જીવનમાં તોડવાનું કામ કરતા જણાય તે તો એક ભૂમિકાએથી, બીજી વધુ ઉન્નત ભૂમિકાએથી જોતાં એ અનિષ્ટ તત્ત્વો પણ પ્રત્યક્ષ રીતે નહીં તો પરોક્ષ રીતે ઇષ્ટ તત્ત્વોના સમર્થન, સંવર્ધન અને વિકાસમાં કોઈક રીતે ઉપકારક પણ થતાં વરતાય. ઉમાશંકર વિચ્છિન્નતાના તળિયે એક-કેન્દ્ર વ્યક્તિત્વ કરવા માટેની જે ક્ષમતા રહેલી છે તેથી અભિજ્ઞ જણાય છે અને તેથી જ રગશિયા ગાડાની જેમ કિચૂડ-કટ-ચૂં કિચૂડ-ખટ-ચૂં એમ અવાજ કરતાં કરતાં પોતાનું જીવન જે રીતે પસાર થાય છે તેમાં કોઈ રીતે સૌને સૌની શરતે ચાહતાં રહેવું એ જ એક મહત્ત્વનો આશ્વાસક આધાર અને અગત્યનું સંધારક ભાવબળ હોવાનું કવિને પ્રતીત થયું છે. કવિએ રાગ, દ્વેષ અને ભયની ત્રિમૂર્તિ પાસેથી પ્રેમધર્મની દીક્ષા જરૂર ગ્રહણ કરી છે પરંતુ તેઓ તો એ પ્રેમધર્મના પોતાને પ્રાથમિક નિશાળિયા માત્ર માને છે ! પ્રેમધર્મ એવો વ્યાપક, ગહન અને સંકુલ છે કે એનો પૂરો તાગ પામવાનું એક વ્યક્તિ તરીકે, એક મનુષ્ય તરીકે પોતાના માટે, ખાસ તો વિચ્છિન્નતાનો અનુભવ કરનાર કવિ માટે આસાન નથી.

કવિને ખબર છે જીવનમાં જાતભાતના સંબંધોની કેવી જટિલ જાળ હોય છે તેની. કવિએ એવા સંબંધોનો મર્મસંકેત પણ અહીં કર્યો છે. કોઈને ચાહતાં ન આવડતું હોય, કોઈ ધિક્કારતા હોય, કોઈ પોતાની વંકાઈથી તાવતા હોય – એ રીતે પારસ્પરિક સંબંધોમાં ભીંસાવાનું, પિસાવાનું, ખંડિત થવાનું બને; પણ તેથી જેમ જીવનને ન છોડાય એમ ચાહવાનું પણ ન જ છોડાય એ આ કાવ્યમાં કવિનું અંતર્નિહિત ધ્રુવપદ હોવાનું લાગે છે. કવિ વિવિધ સંબંધોની વાસ્તવિક ભૂમિકાનો અનુભવ કરતાં માર્મિક રીતે કહે છે :

**“ભલે એમ તો એમ, ઝઘડવાનો સમય ક્યાં છે ?**
**તમારી શરતે ચાહીશ તમને.”**

પછી કહે છે :

**“તમને ધિક્કારવાની મને ફરજ નહિ પાડી શકે,**
**કદીયે ધિક્કારી શકાય, એક વાર ચાહ્યું જેને ?”**

કવિ મૂળભૂત રીતે જ આદમી છે ચાહતના. જેમને પ્રેમ દ્વારા નહીં પણ ધિક્કાર દ્વારા જ ચાહતાં ફાવે છે તેમનેય તેઓ તો ‘ભલા જીવ’ કહે છે. પામરતાથી કે વંકાઈથી વર્તનારાઓ પ્રત્યે પણ તેમની ઉદારતા બરકરાર રહે છે. ઉમાશંકર પોતાને દુનિયાના શિષ્ય તરીકે ઓળખાવે છે; પરંતુ દુનિયાદારી કેવી છે તેનો તેમને અંદાજ છે. દુનિયા તો બે મોઢેય બોલે. એ દુનિયા કવિને ‘તું દુનિયાને સમજતો નથી’ એમ પણ કહે અને ‘તું દુનિયાનો જ જીવ છે’ એમ પણ કહે ! દુનિયામાં એ રીતે બેય પ્રકારે બોલનારા જડે. વળી એ દુનિયા જ્યારે કરોડોપતિઓને, સફળતાના શહીદોને, માનમોટાઈમાં મહાલનારાઓને ભૂલીને પાગલ પ્રેમીઓ અને કવિઓને સંભારતી રહી છે ત્યારે એ દુનિયા ખરેખર દુનિયાદારીમાં માને છે એવું કહી શકાય ખરું ? કવિનો આ મર્માળો પ્રશ્ન છે.

કવિ ‘સ્મૃતિ એ જ તો જીવન છે’ એમ સ્વીકારે છે અને તે સાથે કોઈ સંભારે ન સંભારે એની તથા શા માટે કરવી એવો પ્રશ્ન પણ ઉઠાવે છે. પોતાની ભીતર છિન્નભિન્નતાની

ઝાંખી કરનારા આ કવિનો વધુમાં વધુ મદાર છે હૃદયની ઉષ્માશક્તિ ઉપર. હૃદયની ઉષ્મા હશે – મનુષ્યનો પ્રેમ હશે તો વિચ્છિન્નતાના તબક્કામાંથી પસાર થઈ શકાશે અને સાબરની શીળી સરવાણી જેવી સ્નેહની સરવાણીથી જીવનના મરુભૂમિ ('વેસ્ટલૅન્ડ') જેવા યંત્રતંત્રગ્રસ્ત વિસ્તારોમાંથી હેમખેમ પાર પણ નીકળી શકાશે.

કવિનું હૃદય – મનુષ્યનું હૃદય કોઈક રીતે પોતાને સ્પર્શે ને ઠારે એવી અમૃત-સરવાણી આજની વિષમ આબોહવામાં શું નહીં પામી શકે ? અજંપો છે, ખિન્નતા છે, એક-કેન્દ્ર થવા મથી રહેલા કવિજીવની ક્લિન્નતા પણ છે – એ રીતે છિન્નભિન્નતા પણ છે; પરંતુ એ છિન્નભિન્નતાને અભિવ્યક્ત કરવા પૂરતી કવિસંવિતની કેન્દ્રસ્થતા છેક જ ભ્રષ્ટ કે વિલુપ્ત થઈ નથી એ મોટું આશ્વાસન છે અને જીવનની કવિતાની અને કવિતાના જીવનની હજુયે અખંડિત એવી અને ટકી રહેલી ઊજળી આશા પણ છે.

આ કાવ્યમાં કવિએ વર્તમાન જાગતિક પરિસ્થિતિની જે વિભીષિકા છે તેમાં માનવમનની – માનવજીવનની જે ભીંસ છે, વેદના છે તેને અભિવ્યક્તિ આપતાં કાવ્યનાં છંદોલય, બાની વગેરેમાં ઠીક ઠીક અરૂઢ તત્ત્વોનો વિનિયોગ કરી વિષયવસ્તુ અને રજૂઆતની દૃષ્ટિએ અનન્ય કહેવાય એવો કાવ્યપ્રયોગ સિદ્ધ કરી બતાવ્યો છે. ઉમાશંકરે 'છિન્નભિન્ન છું' અને 'શોધ' – એ બે કાવ્યોથી એમના લયઇબારત અંગેના પ્રયોગો – પ્રયત્નો શરૂ કર્યા. તેઓ જણાવે છે તેમ, આ કૃતિએ ગુજરાતી ભાષામાં છંદોમુક્તિના પ્રયોગોને મદદ કરી છે. ગુજરાતી પદ્યરચનાના ચારેય પ્રકાર – અક્ષરમેળ, માત્રામેળ, સંખ્યામેળ, લયમેળ ઉપરાંત ગદ્યના ટુકડાનો પણ એમાં ઉપયોગ થયો છે. મુક્તપદ્યને ખેડવું અને છંદોમુક્તિ સુધી પણ પહોંચી જવું – એવા ખ્યાલ સાથે ઉમાશંકરે 'છિન્નભિન્ન છું' અને 'શોધ' કાવ્યો અવાજ દ્વારા પહેલવહેલાં આકાશવાણી પરનાં કાવ્યસંમેલનોમાં પ્રસ્તુત કર્યાં હતાં. આ બંને કાવ્યોમાં આરંભના લયની ઇબારત એવી છે કે વાચનથી પણ વિચક્ષણ ભાવક તેમાંનો લય પકડી શકે; પછીથી ભલે, વિચાર કરવા બેસે કે લયનો આધાર શો છે.

પ્રસ્તુત કાવ્યમાં કવિએ અરૂઢ કલ્પનો, યંત્રતંત્રગત વિલક્ષણ ઉક્તિસંદર્ભો દ્વારા પોતાની  છિન્નભિન્નતાની ભૂમિકાને લય, પ્રાસ, બાની આદિથી ઉઠાવ આપવાનો સભાન પ્રયત્ન કર્યો છે. આ કાવ્ય ઉમાશંકરની કવિ તરીકેની પ્રતિભા કેવી ઉત્કૃષ્ટ છે અને એમનો કાવ્યકસબ પણ કેટલો ઉદાત્ત છે તેનું સબળ ઉદાહરણ પૂરું પાડે છે. ગાંધીયુગના આ પ્રતિનિધિ-કવિ સ્વાતંત્ર્યોત્તર આધુનિક યુગના પણ નવપ્રસ્થાનકાર ને પ્રભાવક કવિ બની રહે છે તે ખાસ તો આ 'સપ્તપદી'ની કાવ્યસંપત્તિના આધારે, એમ આપણે કહી શકીએ. આધુનિક યુગ-સંવેદનાને અનુરૂપ એવી વિલક્ષણ વાઙ્મય-આકૃતિમાં રજૂ થતી આ કૃતિ ઉમાશંકરની કવિતામાં પણ 'અભિજ્ઞા'થી જે વળાંક આવે છે તેનાયે એક સાહસપૂર્ણ કવિકર્મની દ્યોતક છે. 'ભિન્નભિન્ન છું'નો ભાવાનુભવ સંવાદિતાના સાધક ઉમાશંકરની અહમ્‌ની અકળામણ પણ દાખવે છે એમ કહી શકાય. છેવટે 'પંખીલોક'માં અહમ્‌ના વિગલન ('નામ મારું ભાષામાં ઓગળી ગયું છે.') સુધી પહોંચતી ઉમાશંકરની કવિતાના નવા પ્રસ્થાનના પહેલા પદ તરીકેય આ કૃતિનું મૂલ્ય અને મહત્ત્વ છે તેય સુજ્ઞ સહૃદયો યથાર્થતયા પ્રીછશે એવી શ્રદ્ધા વ્યક્ત કરીને અહીં વિરમીએ.

૨૩-૬-૨૦૧૦



# કવિશ્રી ઉમાશંકર જોશી : થોડીક અંતરંગ વાતો... | મણિલાલ હ. પટેલ

ગુજરાતી ભાષામાં લખનારા ભારતીય સર્જક ઉમાશંકર જોશી, વિશ્વના વીસમી સદીના મોટા લેખકો-સર્જકોમાં, મહત્ત્વના અને સશક્ત સાહિત્યકાર તરીકે પણ ગણના પામેલા છે. આપણી ભાષાના આ મૂર્ધન્ય સર્જકનું સર્જક વ્યક્તિત્વ તો ખરું જ પણ 'માણસ' તરીકેની વ્યક્તિમત્તા પણ સમૃદ્ધ અને દૃષ્ટાંતરૂપ રહ્યાં છે. ઈ.સ. ૧૯૧૧ના જુલાઈની ૨૧મી તારીખે ભીલોડા તાલુકાના બામણા ગામે પિતા જેઠાલાલ જોશીને ત્યાં માતા નવલબાની કૂખે તેમનો જન્મ થયેલો. આમ, ઈ.સ. ૨૦૧૦ જુલાઈથી ૨૦૧૧નું વર્ષ એમની જન્મશતાબ્દીનું વર્ષ છે. ૧૯૮૮ના ડિસેમ્બરમાં કવિશ્રી સ્વર્ગવાસી થયા હતા.

કહેવું હોય તો કહી શકાય કે ઉમાશંકર પણ નોખા અર્થમાં પહાડોનું સંતાન હતા. એમનું બામણાનું ઘર ખંભેરિયા ડુંગરાની કૂખમાં ઊભું છે. આ આખો મલક અરવલ્લીની ગિરિમાળાનો દક્ષિણ પૂર્વનો છેલ્લો હિસ્સો છે. ઈડર-શામળાજીના આ ડુંગરો લાખો વર્ષ જૂના છે. ઈડરના પથ્થરિયા પહાડોનું સૌંદર્ય કૅમેરાના કલાકારને લોભાવે તો શામળાજી-ભિલોડાના ડુંગરોની વનશ્રી કવિજીવને સંમોહિત કરે જ કરે ! ખેતી-પશુપાલન કરનારી અહીંની પંચરંગી પ્રજા પણ ભલી, માણસૂડી અને અભાવો વચ્ચેય પ્રકૃતિની ગોદમાં મોજ કરનારી, મેળા મહાલનારી તથા પ્રેમ-વિરહનાં ગીતો ગાનારી ખમીર-ખુમારીવાળી પ્રજા. એને ખુવાર થતાં અને જીરવતાં પણ આવડે. ઉમાશંકર જોશીના સમગ્ર સર્જનમાં આ આખો ઈશાનિયો (પૂર્વોત્તર સાબરકાંઠા) પ્રદેશ પ્રતિબિંબિત થતો રહ્યો છે. કવિનો શબ્દ પહાડોની ગોદમાં રમતા ઝરણાંની કલકલ વાણીમાંથી પ્રગટ્યો અને વેદઉપનિષદોની અધ્યાત્મવાણીમાં જઈને વિરમ્યો. વચ્ચે એમાં ગાંધીવિચારે પ્રાણ પૂર્યા તો શાંતિનિકેતન અને ટાગોરની સૌંદર્યધારાએ માધુર્ય છલકાવ્યાં છે.

ઊજળી, ગૌરવર્ણી કાયા; હસું હસું થતો ભાવથી છલકાતો એ ચહેરો, મોટું તેજસ્વી કપાળ; આંખો સ્નેહાર્દ્ર; બોલે ત્યારે આખું વ્યક્તિત્વ બોલતું પમાય. ચહેરો રતાશ પકડે... એમની સાથેના સંવાદની ક્ષણો પણ રતુંબડી બની રહ્યાનું યાદ છે. ધોતી-ઝભ્ભો સફેદ ખાદીનાં, ઉપર બદામી ઝાંયની બંડી, શિયાળે ટોપી પણ મૂકતા ને મુસાફરીમાં ગળે મફલર કે ખભે સરસ શાલ હોય જ ! ઝીણી આંખો કરીને વાતમાં ઊંડા ઊતરે ને માર્મિક હાસ્ય સાથે વાત પૂરી કરે... ક્યારેક વાણી ઉગ્રતાને વિકલ્પે ઊંચી થાય, નક્કર પ્રતીતિ કરાવે ને પાછા હળવા હાસ્ય સાથે દોરને ઢીલ આપે. ઉમાશંકર જોશીને સાંભળવા એ લ્હાવો હતો લ્હાવો !!

જોનારને તરત લાગે કે આ વ્યક્તિ કવિ જ છે; પ્રતિભાશાળી છે. દેખાવે ય નાજુક ને વાણીવર્તનેય બહુધા નર્યા પ્રેમાળ. મારી પાસે તો 'માઈલોના માઈલો' એમની સાથે મુસાફરી કર્યાના અને નિરાંતે એમને બોલતાં સાંભળવા – માણવાના અમૂલ્ય અવસરોની યાદો છે. ધીમે મંદ્ર સ્વરે દ્રવતાં ઝરણાંની જેમ એ કૈંક કહેતા હોય, ક્યારેક ભર્યાભાવથી શબ્દો વહી આવતા હોય... ઝરમર ફુહારમાં અને એકધારા વરસાદમાં પલળવાનો મારો અનુભવ ઉમાશંકર સાથેના સંવાદોમાંય રહ્યો છે. એમનો શબ્દ અને સ્વભાવ : બંનેની જાદુગરી મેં જાણી-માણી છે. સહજતા, અર્થપૂર્ણતા અને નિસબત એમની પ્રત્યેક પ્રવૃત્તિમાં મહેસૂસ થતાં રહ્યાં છે.

નદીનાં 'બળતાં પાણી' જેમ કહે છે : 'અરે ! જે પ્હાડોએ નિજ સરુ નિચોવી અરપિયું...' એ વાત કવિને પોતાનેય એટલી જ લાગુ પડતી હતી... એ મલકે આપેલું દી ખૂટલ નથી નીવડ્યું. કવિ પોતે એના ઓશિંગણ રહ્યાનું કબૂલતા રહેતા, પણ જ્યારે મોડાસા જતા (ડૉ. ધીરુભાઈ ઠાકરના તેડ્યા) કે અમારી ઈડર કૉલેજમાં અમે પરિસંવાદોમાં એમને લઈ આવતા ત્યારે અફસોસને દબાવ્યા વિના – પ્હાડોમાં ફરતાં મને, અમને કહેતા કે 'મારા મલકમાં મારે કરવું જોઈએ તે હું તો નથી જ કરી શક્યો... તમે સૌ એ કરી રહ્યા છો – મારા વતી જાણે; એમ લાગે છે. માટે આભારી છું !' સચ્ચાઈ અને આર્દ્રતા બંને મને ભીંજવતાં બલકે ધન્ય કરતાં ! ''નદીએ પાસેનાં સળગી મરતાંને અવગણી / જવું સિન્ધુ કેરા અદીઠ વડવાગ્નિ બૂઝવવા...'' હા, નદીનાં કાર્યો જ એ છે. માટે તો એ લોકમાતા છે – સૌની છે. ઈડરમાં અને સમીપવર્તી પ્હાડોમાં ફરતાં ફરતાં એ પોતાના (તથા પન્નાલાલ સાથેના) શાળાજીવનના અનુભવો, એટલા ભર્યાભાવથી અને ઓતપ્રોત થઈને કહેતા તે જાણે પાછા કિશોરવયમાં ચાલ્યા જતા. કવિ બાળક બની જતા.

ઈડરની સર પ્રતાપ હાઈસ્કૂલ (એ પછીનું નામ) પાસેની કેસરીસિંહ બોર્ડિંગનો, એમનો ત્યારનો ઓરડો (૧૯૯૦ સુધી તો બોર્ડિંગ હતી) અને ઓરડામાંનો ગોખલો મને બતાવીને કહેતા : ''આ મારી લાઇબ્રેરી હતો. એમાં જ રાક્ષસો ને રાજકુંવરીઓ સંતાઈ રહેતાં – 'સરસ્વતીચન્દ્ર'ની પાછળ સ્તો !'' મદાલસા ડુંગર, એનાં ઝરણાં ને ત્યાં જોયેલાં ઝરખનું વર્ણન કરતા. ઓમ કારેશ્વર પાસેની તળાવડીમાં પોતે ડૂબતા હતા ત્યારે માથાની ચોટલી પકડીને મિત્રે બચાવેલા તે વાત કહીને ઘડીક ત્યાં સૂનમૂન થઈ ગયેલા !

એંશી (૧૯૮૦ તથા પછીનાં) વર્ષોમાં ઈડર કૉલેજમાં અમે એમને ચારેક વખત મેળવી શકેલા. ખૂબ ઉમળકાથી પોતાના મલકમાં આવતા ને જૂની વાતોની સ્મરણ મંજૂષાઓ ખોલતા... પ્રસન્નતા વ્હેંચતા હતા જાણે ! અલબત્ત, સાંપ્રતનાં વિપથગામી વલણોથી એ ચિંતિત પણ રહેતા હતા. પણ માનવમાં શ્રદ્ધા ને સમાજલોક માટે ખૂબ પ્રેમાદર. ખાસ્સા આશાવાદી થઈને વાતો માંડતા. ઉત્તમનો આસ્વાદ કરાવતા અને મૂલ્યાંકન કરી આપતા ઉમાશંકરને અમે ઈડર કૉલેજમાં નિરાંતે સાંભળ્યા હતા. એમની હાજરીમાં કવિસંમેલન યોજેલું. મારું સંચાલન હતું. ચિનુ મોદી, રાજેન્દ્ર શુક્લ, માધવ રામાનુજ, રામદરશ મિશ્ર, રઘુવીર ચૌધરી વગેરેના કાવ્યપાઠ વચ્ચે મેં થોડાક નવોદિતોને રજૂ કરેલા. સમાપનમાં બોલેલા : 'નવી પેઢીને આવવા દો... એમને વધુ સમય ફાળવો... આજે એમને સાંભળીને પ્રસન્ન છું...' પોતાના પછીની સર્જક પેઢીનું જતન કરવું ને પ્રોત્સાહન આપવું એ એમણે કર્યું 'એટલું પછી પણ કોઈએ નથી કર્યું... આધુનિકોએ તો જરા પણ નહિ ! અફસોસ !! સ્વાતંત્ર્યોત્તર હિન્દી-ગુજરાતી કવિતા / કથાસાહિત્યના એ રાષ્ટ્રીય પરિસંવાદોએ ખાસ્સી કીર્તિ મેળવેલી. મારા જેવાઓ એમાંથી ઘડતર પામ્યા... વિનોદ જોશી, જયદેવ શુક્લ, પુરુરાજ જોશી, નીતિન મહેતા જેવા અનેક નવા અભ્યાસીઓ એ પરિસંવાદોમાં વક્તા તરીકે પ્રથમ વાર આવેલા અને ધ્યાનપાત્ર વક્તવ્યો આપેલાં.

એક વાર, વાયા બામણા-ભિલોડા માર્ગે હું ઉમાશંકર જોશીને ઈડર કૉલેજના પરિસંવાદ માટે, ટૅક્સી દ્વારા લઈ આવેલો. ત્યારના ચારેક પ્રસંગો યાદગાર બની ગયા છે. આજે પણ એ યાદ કરતાં રોમાંચિત થઈ જવાય છે. બામણાના એમના ઘરમાં – પડસાળમાં બેઠેલા અને જૂની યાદો તાજી કરતાં કરતાં ભાવવિભોર થઈ રહેલા ઉમાશંકર હજીય આંખો સામે તરવરે છે. કેટલાં બધાં વર્ષો પછી એ વતનગામ આવ્યા હતા... ભૂલેશ્વરભાઈ સાથે, ટેકરીઓના ઊંચા-પથ્થરિયા આસને બેસીને એમણે 'સાપના ભારા'નાં એકાંકીઓ વાંચેલાં, તે બતાવીને કહેતા હતા કે તળબોલીના શબ્દો બીજે દિવસે ભૂલેશ્વરે લોકોમાં સાંભળેલા ને રાજીપો વ્યક્ત કરેલો. બામણા ગામ પુનાસણ ગામની પાસે હાથમતી – ઇન્દ્રાસણીના ડેમથી બનેલા સરોવરને દક્ષિણ-પૂર્વ છેડે વસેલું છે... ડેમનાં પાણી ચળકતાં હતાં ને કાંઠે ઘઉં-ચણા-મકાઈની શિયાળુ ખેતી લહેરાતી હતી. સામે ક્ષિતિજમાં ત્રાંબકિયા પ્હાડોની હારમાળા ને એની પાર શામળાજીના ડુંગરો ! આવા રમણીય પરિસરમાં ઉમાશંકર ખૂબ પ્રસન્ન દેખાતા હતા.

બામણાના ઘરેથી નીકળતાં ઢાળ પછીની જમણી શેરીને નાકે, એમનાં બહેન જશોદાબહેન (કદાચ આ જ નામ ?) મળવા ઊભાં હતાં. ઘણે વર્ષે થતું ભાઈબહેનનું એ મિલન આંખથી ઓઝલ થતું નથી, બલકે આર્દ્ર કરી મૂકે છે. 'હાજાનરવા તો ખરા ક નીં ?' પૂછતી બહેનનો ગળગળો અવાજ અને પાંપણેથી તૂટતો મોતનમાળ ! પરિસર ભીંજાઈ ગયો હતો. હું કવિશ્રીના ચહેરાને – એની વધતી રતાશને અને ધ્રૂજતા-કંપતા હોઠ તથા ભાવને મારામાં અનુભવતો હતો ! ભાણાંઓનાં લગ્નમાંય નહિ પહોંચી શકેલા ઉમાશંકર અફસોસ દબાવીને બધાંની ખબર પૂછતા હતા... 'બધાં કુશળક્ષેમ તો ખરાંને !...' હાથમતી-ઇન્દ્રાસણીનાં પાણી છેક એમની પાંપણોમાં તગતગી રહેલાં તે હું આર્દ્ર થૈને જોતો હતો. બહેને ભાઈનો હાથ પકડ્યો ને કાંડા ઉપર હોઠ અડાડી હેતની બચી કરી; પછી આશિષ માગતાં બહેન નમ્યાં ને હાથ જોડીને બોલ્યાં : ''તમે તો ઘણા મોટા માણસ થૈ ગ્યા, ભૈ ! ભગવાન તમને સો વરસના કરે... કુટુંબની ખતખબર્ય લેતા રહેજો... ભૈ !'' લાગણીનાં પૂરને ખાળતા અને નહિ વહી શકતાં પાણીના ધમપછાડાને રોકતા કવિશ્રીને હું મોટર સુધી દોરી ગયો હતો. નાંદોજ અને વાંકાનેર ગામ આવતાં એમની વાણી પુનઃ વહેવા લાગી હતી... ફોઈનું ઘર યાદ કર્યું ને એમને ઘરે અમે ગયા. ફોઈ સરપંચ બનેલાં, કાંતણ કરતાં ને ગામસુધારણા હાથ ધરેલી. ફોઈ સાથે એ જૂની વાતોમાં પછી ખોવાઈ ગયા તે પણ હું માણતો જ રહેલો... એમના મલકમાં એમને લાવ્યાનો આ અવસર મને પણ ધન્ય કરતો હતો... હવે ઉમાશંકરજી ઈડર ન આવે ને અહીંથી જ 'સેતુ' પર પરત જાય તોય મને પરમ સંતોષ હતો...હા, આ ઘટના એમના ગામ-સમાજના સંદર્ભો જાણનારને સમજાશે કે વિરલ જ હતી !

બપોર પહેલાં અમે ભિલોડા પહોંચ્યા. એન. આર. એ. વિદ્યાલયના આચાર્યશ્રી લાભુભાઈ પંડ્યાએ બધું ગોઠવેલું. વિદ્યાર્થીઓ જ નહિ, આખ્ખું ગામ ઊમટેલું. લોકવાદ્યો વાગતાં હતાં ને કન્યાઓ કળશ-ગગરી-કુમકુમ અક્ષત – ફૂલો લૈને સ્વાગત માટે ઊભી હતી... જાણે કોઈ શુભ પર્વ ને મંગલ મહોત્સવ ન હોય !! 'આ બધું શું છે ?' એવી સવાલી નજરે એ મને જોઈ રહેલા; મેં ક્ષમાયાચના કરતાં કહેલું કે : ''આની તો મનેય જાણ નથી; લાભુભાઈનો પ્રેમ છે આ...'' મને જરા ડર હતો – એમની નારાજગીનો ! પણ ના ! આજનો દિવસ એમને માટેય જાણે નોખો હતો ! શિક્ષકો-યુવાનો-ગ્રામજનો એમનું અભિવાદન કરતાં ધરાતાં નહોતાં !

મારી કસોટીની ક્ષણો – ત્યાં જ – આવી ઊભેલી. ઉમાશંકરની હાજરીમાં, પહેલી

જ વાર મારે જાહેરમાં અને એમને વિશે બોલવાનું હતું ! 'ગાણું અધૂરું મેલ્ય મા 'લ્યા વાલમા...' 'ભોમિયા વિના' તથા 'રહ્યાં વર્ષો' અને 'ઘરે આવું છું હું –' આટલી એમની કાવ્યરચનાઓને કેન્દ્રમાં રાખી મેં વાતો કરી. પન્નાલાલની બેત્રણ વાર્તાઓ વિશે ચર્ચા કરી વાત પૂરી કરેલી. ઉમાશંકરે ભર્યા ભાવે સૌને સ્વજનો ગણીને સમાજ-શિક્ષણ-સાહિત્ય-સંસ્કારની વાતો કરેલી... પછી ભોજન. આરામ... ને નીકળ્યા ઈડર ભણી !

રસ્તામાં ઝુમસર તથા મુડેફી ગામે જવાના રોડ મળતા હતા. ત્યાં એક લીલીછમ ને ખાસ્સી ઊંચી ટેકરી ઊભી છે. એમણે ગાડી રોકવા કહ્યું. અમે ઊતર્યા ને ટેકરી સામે ઊભા રહ્યા. ટેકરીને માથે એક માત્ર ઝાડ – લીલુંછમ. એની નીચે દેરી – નાનકડી. સુંદર દશ્ય હતું... ધીમેથી મર્માળુ હસતાં બોલ્યા : ''આ ટેકરી તે જાણે કવિતા; સૉનેટ. ને માથે ઝાડ તે એનું શીર્ષક... દેરી એ છંદ સૂચવે  છે.'' પછી મેં ઉમેર્યું : ''ને તળેટીમાં નામને બદલે કવિ સાક્ષાત્ ઊભા છે...'' તો વળી બોલેલા : ''એનો કર્તા તો કિરતાર – અલખ ને અગોચર. એનું પ્રાગટ્ય આટલું સુંદર ન હોય તો જ નવાઈ !'' એ ધન્ય ક્ષણોમાં હું સર્જકમય હતો – બંને અર્થમાં !! ઓહ ! વિરલ સુયોગ !!

ઈડર કૉલેજના અતિથિનિવાસમાં થોડી વાર બેઠા. ચાપાણી કર્યાં. પંદરેક મિનિટ આંખો મીંચી સૂતા રહ્યા હશે... પછી કહે, હવે ચાલો નીકળીએ – રાજચન્દ્રવિહાર જઈ આવીએ. ઈડરની પશ્ચિમે પહાડીની ટૂંક પર વિશાળકાય પથ્થર : ઘંટિયો પહાડ કહે છે એને. એની ઉપર શ્રીમદ્ રાજચન્દ્રે સાધના કરેલી. ત્યાં સાધનાખંડ છે ને બીજી વ્યવસ્થાઓ છે. એ આશ્રમ. ત્યારે પગથિયાં નહોતાં. સીધું ચઢાણ... પન્નાલાલ સાથેના પ્રસંગો યાદ કરતાં કરતાં અમે ચઢતા હતા. સાથે મારા મિત્ર અરવિંદ ગજ્જરને લીધેલા. દર્શન કરી આશ્રમની ધારેથી નીચેનો પ્રદેશ જોતા ઊભા હતા. ત્યાં નીચે રીક્ષા આવી ઊભી. બંને હાથમાં સામાન સાથે; આશ્રમના જ વડીલ હશે – તેમણે બૂમ પાડી : 'ઈશ્વર, ઓ ઈશ્વર...' અવાજના પડઘા પડ્યા... ઈશ્વર... ને આશ્રમમાંથી બીજા વડીલે દોડતાં આવીને કહ્યું... 'એ તો નથી... નથી..' પડઘા પડતા હતા... 'ઓ ઈશ્વર ! એ તો નથી... નથી...' જરાક વાર સન્નાટો છવાઈ ગયો. પ્રકૃતિ પણ ઘડીક અસમંજસમાં પડી ગઈ જાણે ! અરવિંદભાઈ કહે : ''હું જાઉં છું... સામાન લેવા મદદ માટે જ બોલાવે છે.'' ઉમાશંકર ધીમેથી જાણે જાતને કહેતા હોય એમ સ્તો બોલ્યા... ''મણિભાઈ, ઈશ્વર છે, નહિ તો અરવિંદભાઈ કેમ જાય ? એણે જ એમને મોકલ્યા...'' અવાક્ કરી દેનારી એ ક્ષણો ભુલાતી નથી ! પવને પથ્થરોમાં કોરેલા આકારો, પશ્ચિમાકાશમાં આથમતો કીરમજી સૂર્ય... દૂરનાં ગામો-ખેતરો... જોતાં અમે અંધારું ઊતર્યું ત્યાં લગી બેસી રહેલા...

r



# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

## લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા  A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

# પ્રયોગાત્મક ટૂંકીવાર્તાના સર્જક ઘનશ્યામ દેસાઈની ચિરવિદાય

પ્રફુલ્લ રાવલ

‘કાગડો’, ‘ગોકળજીનો વેલો’, ‘ગણગણાટ’, ‘તુકા મ્હણે’ અને ‘ટોળું’ જેવી ટૂંકીવાર્તાઓમાં આધુનિકતા સાથે દીપક દોશી કહે છે તેમ ‘માટીની સુગંધ’નો અનુભવ કરાવનાર ઘનશ્યામ દેસાઈએ સદેહે ૨૯ એપ્રિલ, ૨૦૧૦ના રોજ આપણી વચ્ચેથી વિદાય લીધી. મૃત્યુ ક્યારેક વ્યક્તિના ભીતરને પ્રકાશિત કરે છે. ભુલાયેલું પુનઃ સ્મરણમાં આવે છે અને ઢંકાયેલું અનાવૃત્ત થાય છે. એ વ્યક્તિનું સમસ્ત વ્યક્તિત્વ જાણે ખૂલી રહે છે ! સિતાંશુ યશશ્ચન્દ્ર ઘનશ્યામ દેસાઈને ‘આપણા સમયનો હસતો ફિલસૂફ’ તરીકે ઓળખાવે કે લાભશંકર ઠાકર, મધુરાય, અનિલ જોશી કે હોમી દસ્તુર એમના વ્યક્તિત્વની એકાધિક બાજુને ઉઘાડી આપે, પરંતુ ટૂંકીવાર્તા ને બાળસાહિત્યના સર્જક તરીકેની એમની ઓળખ એટલી જ મહત્ત્વની છે. થોડું પણ સત્ત્વશીલ સર્જન કરવું એ મોટી વાત છે. વળી અર્થોપાર્જન નિમિત્તે સંપાદકીય પ્રવૃત્તિ કરવી ને છતાંય નવોદિત સર્જકોની સર્જનાત્મકતાને સંકોરવી એ એમના સંપાદનધર્મની વિશિષ્ટ બાજુ હતી.

ઘનશ્યામ દેસાઈનો જન્મ ૪ જૂન, ૧૯૩૪ના રોજ દેવગઢબારિયામાં થયો હતો. એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો. થોડો સમય ધીરુબહેન પટેલના વિદ્યાર્થી પણ હતા. અભ્યાસ પછી સોનગઢ અને મુંબઈની ન્યૂએરા સ્કૂલમાં શિક્ષક હતા પછી પત્રકાર બન્યા. અને એમાંથી સાહિત્યિક પત્રકારત્વમાં પ્રવેશ કર્યો ૧૯૬૨માં. હરીન્દ્ર દવે જેવા પત્રકાર-સર્જકનો સંગ મળ્યો. પછી તો એ જ એમની મુખ્ય પ્રવૃત્તિ બની રહી. ‘મૃદુભાષી’ ઘનશ્યામ દેસાઈ સંપાદક તરીકે ‘સ્પષ્ટભાષી’ પણ હતા જ. એમનાં પત્ની ઊર્મિબહેન ઉત્તમ ભાષાવિદ્ અને ઘનશ્યામ દેસાઈ ઉત્તમ ‘વાગ્-કર્મી.’ આથી તો ‘ગુજરાતી ભાષાની બે ઉત્તમ સમજણ એ દંપતી રૂપે સંલગ્ન થઈ’ એવા સિતાંશુના કથનમાં વાજબીપણું છે જ. ક્ષય ને પક્ષઘાતના રોગ વચ્ચે ન ઘનશ્યામ દેસાઈનું મનોબળ ઘટ્યું કે ન ઊર્મિબહેનની સહનશીલતામાં ઓટ આવી. એમની માંદગી સંદર્ભે સુરેશ દલાલે લખ્યું છે. ‘કોઈ જાળમાં માછલીની જેમ એ ફસાઈ ગયો હતો અથવા એમ કહું કે જાળમાં એનો આખો દરિયો ફસાઈ ગયો હતો.’

ઘનશ્યામ દેસાઈના એકમાત્ર વાર્તાસંગ્રહ ‘ટોળું’ને ગુજરાત સરકારનું પારિતોષિક મળ્યું હતું. બાળસાહિત્યની ‘મૌલિક કથામાળા’ને ગુજરાત સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયેલું તો ૨૦૦૭માં એમને ગંગાબહેન પટેલ સારસ્વત સન્માનથી નવાજવામાં આવ્યા હતા. ગુજરાતી ભાષામાં જ્યારે પણ ટૂંકીવાર્તાની વાત કરવાની થશે ત્યારે ‘ટોળું’માંની વાર્તાઓના સર્જક ઘનશ્યામ દેસાઈને હાંસિયામાં મૂકવાનું શક્ય નહીં બને. એ જ એમની સર્જકસિદ્ધિ છે.

‘ટોળું’ વાર્તાસંગ્રહ પ્રસિદ્ધ થયેલો ૧૯૭૭માં. એમાં માત્ર વીસ ટૂંકીવાર્તાઓ સમાવિષ્ટ થઈ છે. એક બાજુ આધુનિકતાનો સ્પર્શ ને બીજી બાજુ પારંપરિક વાર્તાશૈલી વચ્ચે સ્વત્વને જાળવી રાખવાની મથામણ એ ઘનશ્યામ દેસાઈની સર્જનયાત્રાનું કેન્દ્રબિંદુ છે. એમની વાર્તાઓમાં ગુજરાતી ભાષાનું વિત્ત વર્તાય છે તો ગુજરાતી ગદ્યની સર્જનાત્મકતાની સુગંધ પણ પમાય છે. ‘હું’નાં વિવિધ રૂપોનું – સંવેદનોનું વિસ્તરણ આ વાર્તાઓનો સમ છે. મનુષ્ય માનસિક ગડમથલ વચ્ચે જાતને જોવાનું કરે કે જાતને વેદનામાં ધકેલે છે તેની પ્રતીકાત્મક અભિવ્યક્તિ આ વાર્તાઓમાં છે. ‘કાગડો’ વાર્તાનો નાયક ‘હું’ છે જેણે ‘નાનું ટપકું’ જોયું છે. એ કહે છે, ‘હું એ ટપકા તરફ એકીટસે તાકી રહ્યો. મેં ધ્યાનથી જોયું તો એ ટપકાના કદમાં વધારો થતો હતો. તેથી તેની ગતિ માર દિશામાં જ હોવી જોઈએ એમ મેં માન્યું. મારું કુતૂહલ વધી ગયું. જોતજોતામાં એ ટપકું મોટું ને મોટું થતું ગયું. પછી જોરદાર પવન ફૂંકાયો. વૃક્ષોનો પડઘો અતિશય ફફડ્યો, દરિયાનાં મોજાં વધારે ઊંચાં ઊછળ્યાં. એક વિશાળ ચક્કર મારી એ ટપકું દરિયાના પાણી ઉપર બેસી ગયું, અને તરતુંતરતું મારી દિશામાં આવવા લાગ્યું. પછી પાણીમાંથી કિનારા પર એ ઊતરી પડ્યું. ત્યારે જ મેં જોયું કે એ તો એક સાધારણ કદનો કાગડો હતો. દડૂક દડૂક કરતો એ મારી દિશામાં આવવા માંડ્યો. છાતી ફુલાવીને એ એવી છટાથી ચાલતો હતો કે જાણે દરિયાને ખેંચીને કિનારે ન ઘસડી લાવતો હોય ! પાછળ દરિયો અને આગળ કાગડો એમ બેઉ થોડી વાર ચાલ્યા. કૂદતો કૂદતો એ મારી ખૂબ નજીક આવી ગયો.’ (પૃ. ૨)

કાગડાને આમ જોયા પછી સંવેદનશીલ વાર્તાનાયકનું આત્મનિરીક્ષણ ચાલે છે. કાગડો એ જ છે. કાગડાની સૃષ્ટિ એ જ વાર્તાનાયકની સૃષ્ટિ છે. ઉભયનું રૂપાંતર થાય છે અન્યોન્યમાં. કાગડો ઊડ્યો તેની સાથે વાર્તાનાયક ખેંચાયો ને ઊડવા લાગ્યો. છેવટે ‘આકાશમાં હું એકલો જ હતો અને જાણે કે જન્મનાળથી વિચ્છેદાઈ ગયો હોઉં એવી એકલતા અનુભવવા લાગ્યો.’ (પૃ. ૫) વાર્તાનાયકે પુનઃ ટપકું જોયું. એને પુનઃ એ પીળું પડવાની ધાસ્તી થઈ અને છેવટે એણે અનુભવેલી સ્થિતિ વચ્ચે રેતીમાં અર્ધો દટાયેલો એક માનવદેહ જોયો અને ‘ચહેરો ઓળખાતાં જ એક ક્ષણ હું ચોંક્યો.’ (પૃ. ૬) આ ચોંકવાની ઘટના જ વાર્તાનાયકની મનઃસ્થિતિને નિર્દેશે છે. આત્મપીડનની આ વાર્તા ઘનશ્યામ દેસાઈને આધુનિક વાર્તાકારની પંગતમાં સ્થાન અપાવે છે. માનવમનનાં સંચનલનોની અદ્‌ભુત સર્જનાત્મક અભિવ્યક્તિ એમની સર્જકપ્રતિભાને નિર્દેશે છે.

‘ટોળું’ વાર્તામાં ટોળું માનવપરિસ્થિતિનું પ્રતીક છે. અહીં પણ ‘ટપકું’ છે. વાર્તાનાયક – હું એ ટપકું ભૂંસવા મથે છે પણ ભૂંસી શકતો નથી. અને ‘એટલે જ હું ઘસડાઉં છું, અહીંથી તહીં ફંગોળાઉં છું, ધકેલાઉં છું, નિઃસહાય, નિરાધાર, ટોળા સાથે, ચિચિયારીઓની વચ્ચે ભાગાભાગી કરતા માણસો સાથે, પણ મનમાં એક વિચાર હંમેશાં ઘૂમરાયા કરે છે કે આ ટપકું ભૂંસી નાખવું જોઈએ... જો ભૂંસી નાખું તો...!’ (પૃ. ૧૪૫)

‘ગોકળજીનો વેલો’ વાર્તાનો કથક પણ ‘હું’ છે અને એની વ્યથા વાર્તાન્તે જે વાક્યથી અભિવ્યક્ત થઈ છે એમાં ‘હું’ને ભૂલવાની જ કથા છે. આ વાર્તામાં વાર્તાનો કથક જ વંશાવલિ આપે છે. અને એ અતીતને સ્મરતો કહી રહે છે : ‘હજીયે જ્યારે આછોઆછો વરસાદ વરસતો હોય છે, અને એકલો બેઠોબેઠો હું હયાતિ વિષે વિચાર કરતો હોઉં છું ત્યારે ઘણીયે વાર મારા વડદાદાના ખભા ઉપર હાથ મૂકી મિત્રભાવે કાકલૂદી કરતો હોઉં એમ મારાથી મનોમન બોલી જવાય છે : ‘ભલા’દમી ઉડાવી લે ને પથરો !’ (પૃ. ૧૧)

'રેણ' જુગુપ્સાપ્રેરક વાર્તા છે. 'ચીસ'માં અતીતવર્તમાન વચ્ચે આવતા-જતા હસમુખરાયનો આત્મસંવાદ છે. શંકા માનવમનને કેવી આંતરયાત્રા કરાવી વ્યથાગ્રસ્ત કરે છે એ 'ફરી એક વાર'ની કથા છે. અહીં પણ વાર્તાનાયક 'હું' જ છે અને એની શંકાથી ઉદ્ભવેલી વ્યથાનું જાણે એ સંભાષણ કરે છે. 'લાલ બોપટ્ટી'માં વાર્તાકથક-હુંની ભ્રાન્તિ પાસે વાર્તાનો કાવ્યાત્મક-કળાત્મક અંત છે. મનુષ્યની આંતરવૃત્તિની ધારણા-કલ્પના ન થાય તે 'નેપોલિયન નપુંસક હતો ?' એ વાર્તામાં અભિવ્યક્ત થયું છે. કેવળ સર્વનામથી આ વાર્તા કહેવાઈ છે. 'કાચીંડો' વાર્તામાં કાચીંડાના પ્રતીકથી ઘનશ્યામ દેસાઈએ મૃત્યુ અને મૃત્યુમાંથી જીવન શોધવાની વૃત્તિને છતી કરી છે. 'હૂંફ'માં સરિતાનાં મનોસંચલનોને વાર્તાકારે એમાં જ આત્મસંવાદથી વ્યક્ત કર્યાં છે. 'ગણગણાટ'ના નાયકને સતત એક ઝીણો ગણગણાટ સંભળાયા કરે છે જે એના હૃદયને સારડીની જેમ કોરે છે. વાર્તાનાયક કહે છે, 'મને ભય લાગે છે – લોકોનો, વૃક્ષોનો, મકાનોનો.' વળી કહે છે, 'જુઓ ગણગણાટ ધીમે ધીમે વધી રહ્યો છે. વારે વારે આમ જ થયા કરે છે. દીવાલ તરફ મોં કરીને હું શાંતિથી સૂતો રહું છું. મારી જાત સાથે વાત કર્યા કરું છું. નીચે બહુ લોકો એકઠા થયા લાગે છે. હિંસક પ્રાણીઓની જેમ એમની આછી ઘુરઘુરાટી સંભળાય છે. જમીન પર પંજા પછાડવાના, પૂંછડી પટકવાના અવાજો આવે છે. હું કાન સરવા કરું છું. પણ એકેય શબ્દ સમજાતો નથી. ગણગણાટની ભાષાનો અર્થ ઉકેલવો મુશ્કેલ છે.' (પૃ. ૮૭) આ ગણગણાટ વાર્તાનાયકનો પીછો છોડતો નથી. છેવટે લોકો ધસી આવ્યાની ભ્રાન્તિ થતાં 'ટેબલ નીચે ભરાઈ હું બે હાથ આંખો પર ઢાંકી દઉં છું... અને...' (પૃ. ૯૨) અને ત્યારે વાર્તાનાયક 'શરીર વગરનો બની ગયો.' (પૃ. ૯૩) આ 'શરીર વગરનો' બની જવાની ઘટના મનુષ્યની ભ્રાન્તિ છે તો ભીતિ પણ છે જ.

'....આ શરીર પર ચાસ પાડીને મૃત્યુએ ખેડ કરી રાખી છે; બી વાવી રાખ્યું છે, પાણી પિવડાવી રાખ્યું છે, ઓચિંતા એક દિવસ ફણગો ફૂટશે – લીલો, સુંવાળો, કૂણો, વાદળી જેવો પોચો.' (પૃ. ૯૬) વળી આ મકાન હવે ખખડધજ થયું, ઠેરઠેર એમાં તિરાડો પડી છે, જ્યાં ત્યાં એની દીવાલો નમી ગઈ છે, સિમેન્ટના પોપડા ઊખડી ગયા છે, અને છતાંય એ પડી જતું નથી એ નવાઈ કહેવાય.' (પૃ. ૯૭) 'લીલો ફણગો' વાર્તામાં વણાયેલી આ ઘટના મનુષ્યની જિજીવિષાનું જાણે આધુનિક કાવ્ય છે.

ઘનશ્યામ દેસાઈએ આ વાર્તાઓ દ્વારા આધુનિક યુગનો મનુષ્ય જે આત્મસંવાદની પરિસ્થિતિમાંથી પસાર થતો, આત્મનિરીક્ષણ કે આત્મપીડનના માર્ગે ગતિ કરે છે તેનું નિરૂપણ કર્યું છે. અલબત્ત, એમનું ગદ્ય માત્ર સપાટી પરની પ્રસન્નતા કે પ્રાસાદિકતાનું દ્યોતક નથી. એનું ભીતરી સત્ત્વ ભાવકનું મન ભરી દે છે. ગુજરાતી ગદ્યની સર્જનાત્મક ક્ષમતા એમણે પ્રયોજેલી વિધવિધ ગદ્યતરેહ દ્વારા અભિવ્યક્ત થઈ છે. એમણે પ્રયોજેલા અલંકારો એમની ગદ્યતરેહના સંદર્ભે જોઈશું તો ઘનશ્યામ દેસાઈના ગદ્યની અનન્યતા સમજાશે. 'એની હાજરીમાં હું લાકડાના ગચિયા જેવો બની જતો.' કે 'બેસી ગયેલી ઘોડીને ચાબૂક મારે અને સટાક કરીને આખું શરીર ખંખેરીને તે બેઠી થાય તેમ લીના ટટ્ટાર થઈ ગઈ.' કે 'એની માંજરી આંખો ભાવવિહોણી હતી, જાણે કે સુગંધ વિનાના ફૂલ જેવી' જેવા અલંકારો ઘનશ્યામ દેસાઈના ગદ્ય-વિત્તને દર્શાવવા પૂરતા છે.





## સમર્થ સમકાલીન કવિ-વિવેચક : નીતિન મહેતા | મણિલાલ હ. પટેલ

પહેલી જૂન (૧-૬-૨૦૧૦)ની બપોર થવામાં હતી ને ઘરનો ફોન, ફાળ પડે એ રીતે, રણકી ઊઠ્યો. હા, જયદેવ શુક્લનો ગળગળો અવાજ બલકે ડૂસકાંથી વીંટળાયેલો અવાજ હતો : 'નીતિન મહેતા હવે... આપણી વચ્ચે નથી... રહ્યા...' હું સાવ અવાક્... માની ન શકાય એવા આઘાતક સમાચાર હતા. હજી એપ્રિલની ત્રીજી તારીખે તો અમે મુંબઈમાં એમને ઘરે નિરાંતે મળ્યા હતા ને ઘણા વખત પછી ખૂબ વાતો કરી અને હસેલા. સાંજે એ મારું વ્યાખ્યાન સાંભળવા આવેલા ને રાતે છૂટા પડેલા. હવે મુંબઈ જઈશું ત્યારે કોને મળીશું ? વિદ્યાર્થીઓના પ્રિય 'નીતિન સર !' નહીં મળે... આપણા, અછાંદસના નોખા કવિનો અવાજ હવે એમની કવિતામાં જ સંભળાશે... એક સહજ, સરળ, પ્રેમાળ અને ઘણું ઘણું કહેવા માગતો મિતભાષી મિત્ર હવે ન્યૂ શિલ્પા ટેરેસના ઘરમાં નહિ મળે... સૂનકાર સહેવાશે નહિ !

કવિ-વિવેચક-સંપાદક નીતિન મહેતા (૧૯૪૪-૨૦૧૦); પ્રોફેસર નીતિન મહેતા મૂળે સૌરાષ્ટ્ર-ગુજરાતના વતની. પણ એમનાં ઉછેર-ભણતર-ઘડતર મુંબઈમાં થયાં... અધ્યાપક થયા. વચ્ચે ચારપાંચ વર્ષ વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગમાં જોડાયા પણ કુટુંબની સવલત માટે પાછા મુંબઈ ગયા ને મુંબઈ વિદ્યાપીઠમાં જોડાયા. અધ્યક્ષ તરીકે વિદ્યાકીય અને સાહિત્યિક પ્રવૃત્તિઓને ખૂબ વેગવંત બનાવી. ઊંચાં ધોરણો સાચવીને ગુણવત્તાસભર કાર્યો કરતા રહ્યા. એમનાં નિષ્ઠા-નિસબત અને સ્નેહસૌહાર્દ એવાં કે મિત્રો-વિદ્વાનો અગવડ વેઠીને, જાતે ઘસાઈનેય પરિસંવાદોમાં જાય... વિશેષ દૃષ્ટિકોણથી અભ્યાસપૂર્ણ ચર્ચાઓ-વક્તવ્યો થાય.. ને પછી મિલનમેળાના આનંદો છલકાય... નીતિન સર માટે વિદ્યાર્થીઓ ખડે પગે હાજર ને મિત્રો પણ... નહિ ભુલાય એ દિવસો !!

બેઠી દડીનું શરીર. કાબરચીતરી ભરચક દાઢી... ચહેરો 'ફિલૉસોફર' જેવો લાગે. શાંત ચિત્તે વિચારતા પમાય. ડાબે હાથે દાઢીના વાળને કે મોઢા પરના મસાને રમાડતા-ખણતા-પંપાળતા જાય અને વાત કરે... જરાક ઊંચી પીચ પરથી નીચે ઊતરે ને કશોક નર્મમર્મ કરીને હસી પડે – તરત તાળી માટે હાથ લંબાવે ત્યારે ચહેરો જ નહિ એ આખેઆખા અતિપ્રસન્નતાથી ખીલી ઊઠેલા હોય. એક પગે જરાક તકલીફ તે ધીમેથી ઉપાડે ને હળવેથી મૂકે... કાયમ પેન્ટશર્ટ ઇન તથા બૂટ-મોજાંમાં હોય. સાંજે અથવા વ્યાખ્યાન પતી ગયા પછી શર્ટઇન કાઢી દેતા. સફેદ ને સ્કાય બ્લ્યૂ શર્ટ ગમે ને ક્યારેક ચેક્સ પહેરતા. કવિતાની, વિવેચનની, મિત્રોના પ્રેમની સુ. જો. તથા ઉ. જો. અને મિલાન કુન્દેરાની વાતો કરતાં થાકતા નહોતા. નાસ્તો કે જમતી વખતે મંદાબહેને બંધાવેલા નાની સાઇઝના ખાખરા કાઢે. બધાંને આપે પછી જમવામાં ખોવાઈ જાય.

નીતિન મુખ્યત્વે કવિ-વિવેચક. સંપાદનો પણ કર્યાં. આધુનિકતાની આબોહવામાં ઘડાયેલા. આરંભે વિદ્રોહી. કવિતામાં એ વિદ્રોહી અવાજ પ્રારંભે વધુ હતો. એમની કવિતા વધુ તો આધુનિકતા તરફ ઢળેલી ને પછી અનુઆધુનિકતા તરફ વળેલી. ઓછી પણ સફાઈદાર અછાંદસ રચનાઓ કરતા હતા. મહાનગરની સમસ્યાઓ અને તનાવભર્યાં સંવેદનો વચ્ચે જીવતો સામાન્ય માણસ એમની કવિતામાં આવ્યો છે તો કવિ-તત્ત્વવેત્તા જેવા

સંવેદનશીલ તથા બૌદ્ધિકોની માનસિકતા વિશે પણ એમની કવિતા મૂંગી નથી રહી. નીતિનની કવિતા દુર્બોધ નથી પણ નર્મમર્મથી ભરેલી અને આધુનિક માનવીની કરુણ નિયતિને વ્યંગ્ય કે વ્યંજનામાં આલેખતી વિશિષ્ટ કવિતા છે. 'નિર્વાણ' (૧૯૮૮)ની કૃતિઓ આવાં અનેક ઉદાહરણો રૂપે ટાંકી શકાશે. બીજો કાવ્યસંગ્રહ હજી થવામાં હતો.

નીતિનનાં ટ્રેન કાવ્યો તથા દરિયો અને તુચ્છ વિષયની રચનાઓ પણ ખાસ્સાં જાણીતાં છે. બેત્રણ દૃષ્ટાંતો લઈશું : ટ્રેન વિશે – ૧ :

> **અહીં પરાંની ટ્રેનોનું વાતાવરણ અને જીવનનું સત્ય ઝિલાયાં છે. 'ટ્રેન વિશે એટલું તો / સાચું છે કે તે આપણા વિશે / કદી વિચારતી નથી / કોઈ આવે કે જાય / બારણા પાસે ઊભે / કે બારી પાસે બેસે / ખાંસી ખાય કે સીંગ ખાય / કે ઝોકાં ખાય / કે અડધી આંખ મીંચી લાઇન મારે / ગાળો બોલે કે ખિસ્સું કાપે / પણ ટ્રેનને શું ? / જ્યાં સ્મૃતિ નથી ત્યાં સુખદુઃખ નથી / તે સત્યનું બીજું નામ ટ્રેન છે.'** (નિર્વાણ : પૃ. ૨)

'માણસો' (પૃ. ૧૦) વિશેના કાવ્યમાં કવિ મારી-તમારી જ વાત માંડતા સંભળાય છે :

> **"મને તો સાચ્ચે જ એ માણસો માટે માન છે / જે અંધારામાં અથડાઈ પડે છે / કે ટ્રેનમાં ઊંઘી જાય છે ને / ભળતે સ્ટેશને પહોંચી જાય છે."**
>
> **"મને માણસ માટે હજી માન છે / ફર્નિચરની વાત કરતાં તેનું મોઢું પડી જાય છે / એક સાંજે તે કોઈની રાહ જુએ છે. / આત્મહત્યાના વિચારો કરે છે / ચાવીઓ ખોઈ નાખે છે / ભૂતકાળને ખોદ્યા ક રે છે / દંભ આચરી શકે છે... / તે હજી ઝઘડી શકે છે / મૂંઝાય છે, રઘવાયો થાય છે / ફીફાં જેવી વાતનો પહાડ કરે છે... / મને ખરેખર માણસ માટે / માન છે ને તે મને ગમે છે."**

'મૃત્યુ'-૨ (પૃ. ૧૩) વિશેની રચનામાં કહે છે :

> **"આજે મને શ્વાસમાં / સંભળાય છે લીલી લીલી મહેક. / સવારે ડૉક્ટર પાસે ગયો / ત્યારથી શરીર પર ધીમે ધીમે / ઘાસ ઊગી રહ્યું છે / ....દૂર ક્ષિતિજ સુધી હાથ લંબાવી / ચન્દ્રની ડાળીનો સ્પર્શ કર્યો / ટેરવાં પર બાઝેલી ધૂળમાં / પરી અને પાંખાળો ઘોડો ફૂટી નીકળ્યાં / ને મેં પતંગિયાંની જેમ ક્યાંય ક્યાંય ઊડ્યા કર્યું..."**

S

ગાંધીયુગમાં તુચ્છ વિષયો પર કવિતા થતી અને જીવનના માંગલ્યની કલ્પના કરવામાં આવતી. એ ભાવનાવાદ હતો. જાજરૂની માખી, ઉકરડો, ચુસાયેલો ગોટલો વગેરે વિશે નીતિન પણ વિડંબનાપૂર્વક કવિતા રચે છે ને વ્યંગ કરે છે. 'ચુસાયેલો ગોટલો' (પૃ. ૩૨) કાવ્ય નોંધવાથી બધું વિશદ થઈ જશે.

> **"રસ્તામાં જતો હતો / ત્યાં મને એક ગોટલો દેખાયો / અનુકંપાથી મારું હૃદય દ્રવી ઊઠ્યું / જે જે ગોટલાભાઈ, / કેમ છો તમે ? / તો સાલો મને કહે : ઊંચા વિચાર બિચાર / તમારામાં છે કે ! / મારા ત્યાગની ગાથા ગાતા નથી તે / તમે ક્યાંના કવિ હાલી મળ્યા ! / ઊંચા વિચાર, પ્રતીક, અલંકારનીભાષામાં / અમને અમર કરો / મેં ચશ્માંની દાંડી સીધી કરતાં / કહ્યું : ગાંડું ત્રીસ થયાં / ગોલીના તને શું અમારાં સુખદુઃખની / ખબર પડે – / કદી તેને જોરથી લાત મારી / આગળ ચાલતો થયો / વિચારતો હતો આ ગોટલાને / આંગણામાં વાવ્યો હોત તો / આવતી કાલ મારી ને કવિતાની / ઉજળી થાત – / ઘરે આવીને જોઉં છું તો / અંગૂઠામાં લોહી જામી ગયું છે / ને પાનીમાં આંબાની ડાળી / ફૂટી નીકળી છે."**

અભિવ્યક્તિની તિર્યક્તા છતાં વિશદતા ને પ્રત્યાયનક્ષમતા નીતિનની કવિતાને, આધુનિક કવિતાની કૃતકતાથી જુદી પાડે છે. હરીશ મીનાશ્રુ, ભરત નાયક, કમલ વોરા, જયદેવ શુક્લ, યજ્ઞેશ દવે જેવા એમના સમર્થ સમકાલીનો (અનુઆધુનિકો)માં પણ સંવેદન અને ભાષારચનાની ભાતે નીતિન ખાસ્સા જુદા પડે છે. હરીશ મીનાશ્રુ કહે છે તેમ એ કવિતાના જાણતલ કવિ રહ્યા છે.

મુંબઈ યુનિવર્સિટીમાં વ્યાખ્યાનો માટે જવાનું થતું ત્યારે અને પૂના તથા દિલ્હીમાં યુજીસીનાં કાર્યો માટે જતા ને અને ચાર દિવસ સળંગ જોડે રહેવાનું થતું ત્યારે દેશ-દુનિયાની કવિતા વિશે વધુ વાતો થતી. નીતિન બીજાનો જુદો મત નિખાલસપણે સ્વીકારતા એટલે તથા કશો અહમ્ કે ભાર જ ન રાખતા એટલે ચર્ચાઓ જામતી અને અનેક ક્ષેત્રોમાં ફરી વળતા. સાંપ્રતસાહિત્ય શિક્ષણનું ચિત્ર જોઈને એ પણ ઘણા નિરાશ થતા પણ થોડાક મિત્રો સરસ કામ કરે છે એની વાતે રાજીપો વ્યક્ત કરતા. એમનાં વિદ્યાર્થી-અધ્યાપકોને સતત પ્રેરતા ને સંકોરતા રહેતા... નીતિન સર એ રીતે પણ નહિ જ ભૂલી શકાય.

એમણે થોકબંધ નથી લખ્યું. પણ જે લખ્યું તે સારું થયું છે. એમનાં પુસ્તકો આટલાં છે :

- S નિર્વાણ (કવિતા : ૧૯૮૮) CAS એવૉર્ડ
- S કાવ્યબાની (સંશોધન : ૨૦૦૧) ગુ.સા. અકાદમી પ્રથમ પારિતોષિક
- S અપૂર્ણ (લેખો : ૨૦૦૪) ગુ.સા. અકાદમી પ્રથમ પારિતોષિક
- S નિરંતર (વિવેચન : ૨૦૦૭) ગુજ. સા. અકાદમી પ્રથમ પારિતોષિક
- S સુ.જો. કેટલીક નવલિકાઓ (સંપાદન : NBT : ૨૦૦૨)
- S પંડિતયુગનું પુનઃમૂલ્યાંકન (પરિસંવાદગ્રંથ : ૧૯૯૮)
- S ગુજરાતી કવિતાચયન (સંપાદન : ૨૦૦૩ : ગુ. સા. પ.)

'યાહોમ' અને 'પ્રત્યક્ષ'ના આરંભના અંકોનું સંપાદન કરેલું તથા હાલ 'એતદ્'નું સંપાદનકાર્ય સંભાળતા હતા.

સુરેશ જોષીના માર્ગદર્શનમાં '૧૯૫૬ પછીની ગુજરાતી કવિતાની પદાવલિ' વિશે શોધનિબંધ – જે 'કાવ્યબાની' નામે પ્રકાશિત છે – લખીને પીએચ.ડી.ની પદવી મેળવી હતી. આમ સુરેશ જોષીની નિકટ તો આવ્યા પણ અભ્યાસનિષ્ઠા કેળવાઈ અને નિજી મુદ્રા માટે સંઘર્ષ કરવાનું સહજ બન્યું. એમનાં વિવેચનોમાં એ ગુણ તરત દેખાય છે.

કવિતા વિશે નીતિન મહેતા એક કવિ તરીકે નોખી રીતે વાત કરે છે. જુઓ :

‘‘કવિતાની પ્રક્રિયા સંકુલ છે. તેનાં સંદર્ભો અને અર્થઘટનો સમયે સમયે નવા વાસ્તવ રૂપે આપણને મળે છે. દરેક કાવ્ય અપૂર્ણ છે એટલે તો બીજી રચના તરફ વળીએ છીએ. દરેક કવિતામાં કવિનું મૃત્યુ થાય છે અને ભાવનમાં દરેક કવિતા ફરીથી પ્રગટે છે. કવિતા કવિનો અસ્તિત્વલેખ છે. વાસ્તવ અને અસ્તિત્વ વારંવાર રચાય છે, છેંકાય-ભૂંસાય છે. આજ વાસ્તવ સાથેની અસ્તિત્વની ભાષાકીય મથામણ. એક જ શબ્દને, પદાર્થને, વસ્તુને કેટકેટલી રીતે, કેવા કેવા સંદર્ભોમાં, કેવા ભાષાકીય વાસ્તવ વડે પ્રયોજી શકાય – આ કવિની મથામણ છે.’’ (નિર્વાણ : નિવેદન)

શિરીષ પંચાલ જેવા વિદ્વાન અને કથાસાહિત્યના મોટા-ઊંડા અભ્યાસી તરીકે જાણીતા વિવેચક ‘કાવ્યવિવેચનની સમસ્યાઓ’ (સંશોધનાત્મક ગ્રંથમાં) વિશે વાત કરતાં સંવેદન અને ભાષારચનાની સહજસંપૃક્તિ વિશેના પ્રશ્નોની ચર્ચા કરે છે ત્યારે જાણે એ જ વાતની બીજી બાજુ કે બીજો છેડો લઈને નીતિન મહેતા, પોતાની નિજી ભાષા-ભાત લઈને આવતા સંવેદનનો અને સબળ અભિવ્યક્તિનો મહિમા કરે છે. ગુજરાતીના દસેક સમકાલીનોની કવિતા લઈને એમણે કાવ્યભાષાની ઊંડી સમીક્ષા કરી છે. એમની વિવેચક દૃષ્ટિનો અહીં વિ-શિષ્ટ પરિચય સાંપડે છે. તો વળી સુ. જો.ની વાર્તા વિશે વાત કરતાં, શિરીષ પંચાલ તથા અન્યોથી નોખા પડીને, સુ. જો.ના વાર્તાવિશેષોને પોતાની રીતે ઉપસાવી આપવામાં સફળ રહ્યા છે.

નીતિન મહેતા કૃતિનિષ્ઠ વિવેચનની મર્યાદાઓ જાણ્યા છતાં એ અભિગમમાં શ્રદ્ધા ધરાવે છે ને એ પ્રકારે સમીક્ષાઓ પણ કરતા રહે છે. ‘નિરંતર’માં એનાં દૃષ્ટાંતો મળે છે. પાશ્ચાત્ય સાહિત્યના એ સારા ભાવક અને આસ્વાદક રહ્યા છે. એમનો રસ ભાવકકેન્દ્રી અભિગમમાં પણ વિશેષ રહ્યો છે. કૃતિ સાંસ્કૃતિક સંદર્ભોથી સમૃદ્ધ બને છે એ વાત એ પછીથી વધુ વિચારતા અને સ્વીકારતા થયા હતા. ‘નિરંતર’ (પૃ. ૧૦૭)માં એમનો એક લેખ : ‘‘સાંસ્કૃતિક વિભેદનું રાજકારણ અને ૧૯૮૦ પછીની કેટલીક ગુજરાતી વાર્તાઓ’’ ખાસ્સો જુદો અને ધ્યાનપાત્ર છે. સર્જકની ભાવસંપત્તિને વિવેચકે ઓળખવાની જરૂર હોય છે. ‘અપૂર્ણ’માં એમણે નવ જેટલા કાવ્યસંચયોનો સમીક્ષાત્મક અભ્યાસ રજૂ કર્યો છે. સમકાલીનો માટેની એમની આવી નિસબત ઉમાશંકર જોશીની યાદ અપાવે છે. કાવ્યભાષા એમના રસનો વિષય હોવાથી એ નરસિંહની અને રાવજીની કાવ્યભાષા વિશે પણ વાત માંડે છે. ‘‘વિવેચક સુન્દરમ્ : પુનઃમૂલ્યાંકન’’લેખ પણ એમની સૂક્ષ્મદૃષ્ટિ અને સમૃદ્ધ રસવૃત્તિનો પરિચય કરાવે છે. વિવેચક તરીકે એ છેલ્લા દાયકામાં ખાસ્સું નિખર્યા હતા અને વિસ્તર્યા હતા.

આંખોની તકલીફને લીધે છેલ્લાં બેત્રણ વર્ષોમાં એમનું કાર્ય ધીમું પડેલું છતાં વર્ષમાં ત્રણચાર વાર ગુજરાતમાં પરિસંવાદો-વ્યાખ્યાનો માટે આવ્યા જ હોય. અમારે ત્યાં – વલ્લભવિદ્યાનગર ખાતે વિઝિટિંગ ફેલો તરીકે કૅમ્પસ પર રહેલા અને ઘણી સંસ્થાઓમાં વાર્તાલાપો અને વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ ચર્ચાઓ કરતા રહેતા હોવાથી એક વાતાવરણ રચાયું હતું. મિત્રોને મળવાના પ્રલોભન આગળ શરીરની પીડાઓને નગણ્ય ગણતા નીતિન મહેતા વિશાળ મિત્રવર્તુળને આટલા વહેલા અને અચાનક ઉદાસ છોડી જશે એવું કોઈએ ધાર્યું જ ન હોય ને ! કાળની આગળ આપણે નિઃસહાય છીએ...

r





## અહેવાલ

# સામાજિક સદ્ભાવના આપણી સહિયારી જવાબદારી છે – સદ્ભાવના પર્વ–૨ ઊજવાયું

**ડંકેશ ઓઝા**

‘વિશ્વગ્રામ’ની પહેલથી અને મોરારીબાપુના સહકારમાં ગુજરાતના કેટલાક વિચારશીલ અને સંવેદનશીલ નાગરિકોએ ‘સદ્ભાવના ફૉરમ’ રચીને ગુજરાતમાં સહચિંતન શરૂ કર્યું છે. શાંતિ-અહિંસા અને સંવાદિતાનું વાતાવરણ કાયમી બનાવવા થોડું કામ કરવા માંડ્યું છે. આખા વર્ષ દરમિયાન સમાજમાં અને શાળા-કૉલેજોમાં વિચાર-ગોષ્ઠિઓ અને વાચનશિબિરોમાં નાગરિકો-શિક્ષકો-યુવામિત્રોને જોડીને કરેલા કામ બાદ, વરસે એક વાર, સદ્ભાવના પર્વમાં બધા સાથે મળીને ચર્ચા-વિચારણા કરે છે. તા. ૧૬-૧૭-૧૮ મે દરમિયાન કૈલાસ ગુરુકુળ, મહુવા ખાતે મોરારીબાપુના સાન્નિધ્યમાં બીજું સદ્ભાવનાપર્વ યોજાયું જેમાં ૨૦૦થી વધુ કાર્યકરો એકઠા મળ્યા.

આ વખતનો મુખ્ય વિષય હતો : ‘સામાજિક સદ્ભાવના આપણી સહિયારી જવાબદારી.’ ડૉ. પુરુષોત્તમ અગ્રવાલે ડૉ. રામચંદ્ર શુક્લને યાદ કરીને કહ્યું કે લોકોને સમજીને ધર્મનો માર્ગ કાઢવો. નહીં તો સમાજ રહેશે, આપણે નહીં રહીએ. સંઘ લોકસેવા આયોગના સભ્ય અને હિન્દી સાહિત્યકાર ડૉ. અગ્રવાલ ‘સામાજિક સદ્ભાવના અને શિક્ષણ’ વિષય પર બોલી રહ્યા હતા. કૉલોનિયલ શિક્ષણપદ્ધતિની સામે ટાગોર અને ગાંધીએ ભારતીય શિક્ષણપદ્ધતિનાં ઉદાહરણો મૂક્યાં પણ આપણો સમાજ તેને હૃદયથી સ્વીકારી ન શક્યો. બીજાની પીડા સમજવાનું શિક્ષણ અપાય તો માનવમાત્ર તરીકેની મૂળભૂત સમાનતા આધારિત સદ્ભાવના કેળવી શકાય. માનવસમાજની બધી પરંપરાઓમાં હિંસા છે. આપણે બીજા પ્રત્યે નિસબતભાવ પેદા કરવાનો છે. ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ. સુદર્શન આયંગારે જણાવ્યું કે દેશના વિભાજનની વિભીષિકા અને પીડા છતાં તેમના સિંધી શિક્ષકોએ ગાંધીધામમાં તેમને નફરત-ઘૃણા કે હિંસાનું શિક્ષણ નહોતું આપ્યું. તેમણે તો સહઅસ્તિત્વ અને પરસ્પરાવલંબનની જ શીખ દીધેલી. બીજી બેઠક કલા અને સાહિત્યની હતી. ડૉ. મણિલાલ હ. પટેલે કહ્યું કે પ્રકૃતિ સાથેનો વિચ્છેદ માણસને લાગણીશૂન્ય બનાવે છે. શિક્ષક જ ઊણો ઊતરે છે અને તેથી જ ધારેલાં પરિણામ પ્રાપ્ત નથી થતાં. ફિલ્મજગતના ગુજરાતી કલાકાર ફારૂખ શેખે પ્રશ્ન કર્યો કે આઝાદીનાં આટલાં વર્ષો પછી ગુજરાતમાં સદ્ભાવનાની શોધ શા માટે આદરવી પડે છે ? ગાંધી નોઆખલી પછી કરાંચીમાં હિન્દુઓ પરના અત્યાચારની બાબતે તપાસ કરવા જવા ધારતા હતા અને પાકિસ્તાનસરકારની આઈ. બી.નો અહેવાલ હતો કે ગાંધી આવશે તો પ્રજા તેમની વાત માનશે, સરકારની નહીં ! ફિલ્મો સમાજને ભાગ્યે જ માર્ગદર્શન પૂરું પાડી શકે. એ તો લોકોને મઝા કરાવવાનું સાધનમાત્ર છે.

બીજા દિવસે સામાજિક સદ્ભાવના અને વિકાસના મૉડેલની ચર્ચા હતી. ડૉ. વાય. કે. અલઘે આજનાં ભૌતિક સુખોની પ્રાપ્તિ પછી નિજી સુખ અને સામાજિક સુખ વચ્ચે પસંદગી કરવાનો તકાજો હોવાનું જણાવ્યું. સિંગાપુર મૉડેલ તરફ નજર કરવાની જરૂર નથી કારણ તે તો કાચા સિદ્ધાંતો પર ઊભું છે. સામાજિક સંસ્થાઓના કામ તરફ બાબુશાહીએ

નજર કરીને તેને ટેકો પૂરો પાડવાની જરૂર હોવાનું પણ તેમણે કહ્યું. પૂર્વ નાણામંત્રી અને અભ્યાસી વિચારક સનત મહેતાએ કહ્યું કે આપણે અમેરિકા તરફ નજર કરીએ છીએ તે યુરોપ-અમેરિકા પડી ભાંગ્યા અને હવે જગત ભારત-ચીન તરફ અને ગાંધીવિચાર તરફ નજર કરે છે ત્યારે આપણે આપણા તરફ જોવાની જરૂર છે, બીજા તરફ નહીં. ગાંધીના અર્થશાસ્ત્રના મૂળમાં સદ્‌ભાવના છે જે વિસ્તારવાની આવશ્યકતા છે. જે લોકો ગરીબીને પારખી શકે તેમ નથી તેઓ તેનો ઉકેલ કેવી રીતે કરી શકવાના ?

બપોરની બેઠક સમૂહમાધ્યમો અંગે હતી. પીઢ પત્રકાર રવીન્દ્ર ત્રિપાઠી અને ભાસ્કરના ગ્રૂપ એડિટર અજય ઉમટે જણાવ્યું કે મીડિયા તો અવળા માર્ગે જ છે અને વિશ્વસનીયતાની કટોકટી ઊભી થઈ છે. ગુજરાતમાં ટીકાત્મક વિચાર અને વિરોધના સૂરની પરંપરા જ ઊભી થતી નથી. બજારુ કલ્ચરના માહોલમાં મીડિયા પાસે સામાજિક સદ્‌ભાવનાની આશા રાખવી વ્યર્થ છે એવો સૂર તેમાંથી પેદા થતો હતો. પૂર્વાંચલમાં આરોગ્ય સેવામાં પ્રવૃત્ત સત્ય શિવરામન પત્રકારિતા છોડીને સેવાકાર્યમાં લાગ્યા છે. તેમણે ટીવી અને છાપાં જોવાનું બંધ કર્યું છે. યુદ્ધોમાં માણસો મરે તેથી વધુ તો આરોગ્ય સેવાના અભાવે મરે છે ત્યારે નાગરિક સમાજે બંધારણીય મૂલ્યોના અમલ માટે દબાણ ઊભું કરવું પડશે અને સહાનુભૂતિ-સદ્‌ભાવનાનું વાતાવરણ રચવું પડશે. રાત્રિબેઠકોમાં ‘ગમે હવા’ (એમ. એસ. સથ્યૂ) ફિલ્મનું નિદર્શન અને ચર્ચા હતાં. તો બીજી રાત્રે કાલુરામ બામણિયાના જૂથે દેવાસથી આવીને કબીરનાં ભજનોથી શ્રોતાઓને રસતરબોળ કર્યા.

સમાપન-વક્તવ્યમાં મોરારીબાપુએ ગયા વર્ષની વાત દોહરાવતાં કહ્યું કે આપણા સત્યનો આગ્રહ રાખવા સાથે, સામેના સત્યને પણ સ્વીકારવું જોઈએ. વિવિધ પરંપરાઓનો આદર કરીને આગળ વધવું જોઈએ. રામનામથી ગાંધીનું ચાલ્યું એમ મારું પણ ચાલે છે. દ્વંદ્વ તરફથી અદ્વૈત તરફ જવાની ભારતીય પરંપરા વિશિષ્ટ છે. ગીતામાં કહ્યું છે તેમ સદ્‌ભાવનાની સાથે સાધુભાવ એટલે શ્રેષ્ઠભાવ જોડતાં શીખવું જોઈએ.

‘સદ્‌ભાવના ફૉરમ’ દ્વૈમાસિકના ચોથા અંકનું વિતરણ કરવામાં આવ્યું. પ્રત્યેક બેઠકમાં અડધોઅડધ સમય પ્રશ્નોત્તર માટે ફાળવાયો હોવાથી ભાગીદારી અને નિસબત પ્રગટ્યાં અને વિચારમંથનને આગળ લઈ જવામાં ઉપકારક સાબિત થયાં. પ્રત્યેક વ્યક્તિ જ્યાં છે ત્યાંથી સદ્‌ભાવનાનું નાનું-મોટું કામ ચાલુ રાખે અને મીડિયામાં પ્રસિદ્ધિની ચિંતા ન કરે તેવું પણ કહેવાયું. તેજસ્વી ઘટના કદી નાની નથી હોતી ભલે તે અંતરિયાળ વિસ્તારમાં બે વ્યક્તિ વચ્ચે કેમ ન ઘટી હોય.

અનેરાના ગોવિંદ-સુમતિ રાવળ દંપતી, મુંબઈ સદ્‌ભાવના સંઘના કિશન ગોરડિયા અને આખી પ્રવૃત્તિના પ્રેરણાસ્રોત અને માર્ગદર્શક બની રહેલા સનત મહેતા બધા દિવસો દરમિયાન સક્રિય રહ્યા. નિરમા આંદોલનના લડવૈયા પ્રજાપ્રતિનિધિ ડૉ. કનુભાઈ કળસારિયાની પણ હાજરી રહી. નસવાડી નજીકના નાનકડા ગામના કલાકાર ફારૂખ શેખ સાથેની ચર્ચાવિચારણા શ્રોતાઓને મન ઘણી સંતર્પક બની રહી. ‘ગર્મ હવા’ તેમની પહેલી ફિલ્મ હતી. તેમની નાગરિક નિસબત પ્રેરણારૂપ બની. આગામી દિવસોમાં સાબરમતીથી દાંડી સુધીના બાકીના વિસ્તારમાં સદ્‌ભાવના યાત્રા યોજાશે અને અન્ય કાર્યક્રમો અને કામો પણ થતાં રહેશે. ગુજરાતની આ નાગરિક પહેલ સ્વયંભૂ અને ચોકઠાબંધ વિચારસરણીથી અલગ હોવાને કારણે સામાન્ય પ્રજાનો સારો એવો પ્રતિસાદ સાંપડી રહ્યો છે તે આનંદની બીના છે.



# સમીક્ષા/ગ્રંથાવલોકન

## રાષ્ટ્રભાવનાનું ઘડતર અને રચનાત્મક કાર્ય | ડૉ. અરુણ કક્કડ

[**રાષ્ટ્ર, રચનાત્મક કાર્ય અને રાષ્ટ્રપિતા :** નારાયણ દેસાઈ, પ્ર. આ. ફેબ્રુઆરી-૨૦૦૮, પ્રકાશક : રૂપાયતન – જૂનાગઢ, પૃ. સં. ૩૦, સદ્‌ભાવ મૂલ્ય રૂ. ૨૦]

સ્વાતંત્ર્યસેનાની, આરઝી હકૂમતનાં સરસેનાપતિ અને રચનાત્મક ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપનારાં રતુભાઈ અદાણીની સ્મૃતિમાં રૂપાયતન સંસ્થા દ્વારા ‘શ્રી રતુભાઈ અદાણી સ્મૃતિ વ્યાખ્યાનમાળા’ શરૂ કરી. તેનું પ્રથમ વ્યાખ્યાન તા. ૧૩-૧૧-૦૫ના રોજ શ્રી નારાયણભાઈ દેસાઈએ ‘રાષ્ટ્ર, રચનાત્મક કાર્ય અને રાષ્ટ્રપિતા’ એ વિષય પર આપ્યું હતું. જે આપણને પુસ્તિકા રૂપે મળ્યું છે. પુસ્તિકાના આરંભે પ્રકાશકનું નિવેદન છે. ત્યારબાદ મુખ્ય વ્યાખ્યાન પ્રગટ કર્યું છે. વ્યાખ્યાન પછી શ્રી મનસુખભાઈ સાવલિયાનો સાધુચરિત રતુભાઈ અદાણી વિશેનો ‘ઉંબરે થઈ અંબરને આંબતું વિરાટ વ્યક્તિત્વ’ લેખ આપ્યો છે. ત્યારબાદ રતુભાઈના લગ્નપ્રસંગે તેમનાં ધર્મપત્ની કુસુમબહેનને, તેમના પિતાતુલ્ય પૂ. નારાયણદાસ ગાંધીએ આપેલા આશીર્વચન પ્રગટ કરવામાં આવ્યાં છે. ત્યાર પછીનો લેખ શ્રી [illegible] લહેરીનો છે. જેમાં રતુભાઈના વ્યક્તિત્વને ‘સૌરાષ્ટ્રનું ખમીરવંતું વ્યક્તિત્વ’ [illegible]વામાં આવ્યું છે. અંતે શ્રી હેમંત નાણાવટીએ મુખ્ય વક્તા શ્રી નારાયણભાઈ દેસાઈનો પરિચય, સંકલિત કરીને, મૂકી આપ્યો છે.



શ્રી નારાયણભાઈ વ્યાખ્યાનના આરંભે કહે છે કે : રતુભાઈ એટલે રચનાત્મક કાર્ય, સાદું સંયમપૂર્વકનું જીવન અને ઉત્તમ વહીવટકુશળતા – આ ત્રણ ગુણોનો ત્રિવેણીસંગમ. આ કારણે વ્યાખ્યાનમાળાના આ પ્રથમ મણકામાં, રચનાત્મક કાર્ય અંગે ગાંધીજીના વલણને જે રીતે હું સમજ્યો છું તે રીતે રજૂ કરવું, એ રતુભાઈને પણ મારા તરફથી અંજલિ થશે. ત્યાર બાદ ‘રાષ્ટ્ર’ શબ્દને સમજાવતાં તેઓ કહે છે કે, રાષ્ટ્ર શબ્દ મારી દૃષ્ટિએ ભાવના સાથે જોડાયેલો છે. ગાંધીજીએ સાબરમતી આશ્રમ સ્થાપ્યો અને તેનું બંધારણ લખ્યું. આ બંધારણના પહેલા વાક્યમાં જ ગાંધીની રાષ્ટ્ર વિશેની ભાવના શું હતી એ આવી જાય છે. ગાંધીજીને સૌપ્રથમ નેતાજી સુભાષચન્દ્ર બોઝે રાષ્ટ્રપિતા કહ્યાં હતા. ગાંધીજી રાષ્ટ્રના ઘડવૈયા હતા. એક એક ઈંટ ગોઠવી ગોઠવીને રાષ્ટ્રનું મંદિર ગાંધીએ બનાવ્યું. તેને કારણે એમને રાષ્ટ્રપિતા કહ્યા. રાષ્ટ્રભાવનાને ઘડવાનું સાધન એટલે રચનાત્મક કાર્ય. માતૃભાષા પોતાના પ્રદેશમાં અને પ્રદેશ બહાર હોય તો રાષ્ટ્રભાષા. આ ભાષા રાષ્ટ્રની ઇમારત ઘડવાની બે ઈંટો હતી. ગાંધીજીએ કહ્યું રાષ્ટ્ર એના ગામડામાં છે અને એમાં જો રાષ્ટ્રીયતાની ભાવના, એકાત્મકતાની ભાવના પેદા થાય તો જ રાષ્ટ્ર બને. રાષ્ટ્રભાષાનો પ્રચાર એ એક રચનાત્મક કાર્ય તરીકે ગાંધીજીએ લીધું.

ક્રાન્તિનાં બે પાસાં હોય છે. જૂની વ્યવસ્થાને જમીનદોસ્ત કરી અને નવી વ્યવસ્થાને

અંકુરિત કરવી. પરંતુ દુનિયાનાં મોટા ભાગના ક્રાન્તિકારીઓને કઈ વ્યવસ્થાને જમીનદોસ્ત કરવી છે એ જેટલું મગજમાં સ્પષ્ટ છે એટલું કેવી વ્યવસ્થા ઊભી કરવી છે એ સ્પષ્ટ નથી. એ લોકો શું પાડી નાંખવું એ બરાબર જાણે છે પણ શું ઊભું કરવું તેની ખબર નથી. મોટે ભાગે તો જેને પાડી નાંખ્યું હોય એની જ નકલ કરતા હોય છે. પણ ગાંધીજી જાણતા હતા કે મારે અન્યાયી વ્યવસ્થાને ખતમ તો કરવી જ છે પણ એ ખતમ કરતાં કરતાં નવી અહિંસા વ્યવસ્થા પણ ઊભી થવી જોઈએ. માટે આવી વ્યવસ્થા માટે શબ્દ વાપર્યો રચનાત્મક કાર્ય. અસહકારનું આંદોલન કરવા માટે તે વિસ્તારના લોકો માટે ત્રણ શરતો રખાતી. ગામેગામ રેંટિયો ચાલવો જોઈએ, ગામની હરિજનબાળા ગામના જાહેર કૂવામાંથી પાણી ખેંચી ગામ આખાને પિવડાવે અને ગામની શાળા રાષ્ટ્રીય શાળા બને. આ ત્રણેત્રણ રચનાત્મક કાર્યક્રમો થાય તેને અસહકારની પરવાનગી અપાતી. બારડોલી તાલુકાવાળાએ આ ત્રણ કરી બતાવ્યું એટલા માટે બારડોલીની પસંદગી થયેલી. આ ત્રણ સાંકેતિક કાર્યક્રમોનો અર્થ એ કે બ્રિટિશ સામ્રાજ્યનું રાજ્ય અહીંથી સમાપ્ત થાય અને બીજી બાજુ સમાજનાં લોકો બેઠાં થાય.

ત્યાગને લીધે ઉત્પન્ન થયેલું નેતૃત્વ રાષ્ટ્રઘડતરને માટે અત્યંત આવશ્યક હતું. એ નેતૃત્વ પેદા કરવાની તાકાત આ રચનાત્મક કાર્યે આપી. ત્યાગમાંથી ઉત્પન્ન થયેલા રોલ મૉડેલ પેદા કરવાનું કામ પણ રચનાત્મક કામ હતું. જ્યાં જ્યાં રચનાત્મક કામ થયું ત્યાં ત્યાં આંદોલનને ટકાવી રાખવાની શક્તિ કાયમ રહી. કાં જેલ જાઓ અને જેલ ન જવાય તો ગામડામાંજાવ. જેલમાં જવાથી સત્યાગ્રહને તાકાત મળે છે. ગામડે જવાથી સત્યાગ્રહીને આરામ મળે છે. રચનાત્મક કાર્યનો મુખ્ય ઉદ્દેશ લોકોની અહિંસક શક્તિને જગાડવાનો હતો. જે હજુ પણ પૂરો નથી થયો. એ બાકી રહી ગયો છે.

ત્યાગનું આંદોલન જ્યાં હોય ત્યાં પ્રજા તાકાત અનુભવે છે. ભોગનું આંદોલન હોય ત્યાં પ્રજા લપસવા માંડે છે. ગાંધીજીનો સૌથી સમર્થ કાર્યક્રમ જો કોઈ હોય તો એ ત્યાગનું આંદોલન છે. ત્યાગના આંદોલન મારફતે ગાંધીજીએ દેશની કરોડરજ્જુને મજબૂત કરી, રાષ્ટ્રભાવના કેળવી. રચનાત્મક કાર્યક્રમ મારફત રાષ્ટ્રીયતાની ભાવના પેદા કરી. આમ, આ વ્યાખ્યાનમાં શ્રી નારાયણભાઈ દેસાઈએ રાષ્ટ્રભાવનાનું ઘડતર અને ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓનો સંબંધ જોડી આપ્યો.

લોકસેવા કરનાર રતુભાઈએ પોતાની લાંબી જીવનયાત્રામાં સાચા વૈષ્ણવજનના સદ્‌ગુણો પાળ્યા છે. તેઓ શુદ્ધ ખાદીના શ્વેત વસ્ત્રમાં સંત હતા એવું મનસુખભાઈ સાવલિયા નોંધે છે. શ્રી મોરારીબાપુના શબ્દો ‘ઉંબરથી અંબરને આંબતા વિરાટ વ્યક્તિત્વના મહામાનવ’ કઈ રીતે રતુભાઈ માટે યોગ્ય છે તે આ સાધુચરિતનું વર્ણન કરીને દર્શાવી આપ્યું છે. શિક્ષણ, સત્યાગ્રહ, રચનાત્મક કાર્યો, આરઝી હકૂમત, મુંબઈ રાજ્યમાં પ્રધાન પદ, સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ, અક્ષયગઢનું નિર્માણ વગેરે પ્રવૃત્તિઓ ઉપરાંત તેમના સાહિત્યસર્જનની વાત પણ અહીં કરવામાં આવી છે. ગાંધીશૈલીમાં પ્રગટ થયેલાં તેમનાં દશ પુસ્તકોમાં ‘સત્યાગ્રહનાં સંભારણાં’, ‘સોરઠની લોકક્રાન્તિનાં વહેણ અને વમળ’ વગેરેને યાદ કરે છે અને રતુભાઈ સર્જનહારનું અનોખું સર્જન હતા એમ કહી તેમના સાધુચરિતને આ લેખમાં પ્રગટ કરી આપેલ છે. રતુભાઈનાં જીવનસાથી કુસુમબહેનને લગ્નપ્રસંગે





નારણદાસ ગાંધીએ આપેલાં આશીર્વચનમાંથી કુસુમબહેનની સેવાભાવના અને કાર્યશક્તિનો પરિચય આપણને થાય છે. અંતિમ લેખમાં શ્રી પ્રવીણ ક. લહેરીસાહેબ પણ સૌરાષ્ટ્રના આ ખમીરવંતા વ્યક્તિ રતુભાઈનો આત્મીય પરિચય કરાવે છે. જેમાં તેમની તરવડા ગામની પ્રવૃત્તિ અને ચર્મઉદ્યોગની પ્રવૃત્તિની વાતો મુખ્ય છે. આરોગ્યને લગતી પ્રવૃત્તિમાં સોરઠ ક્ષય નિવારણ સમિતિ નિમિત્તે રતુભાઈએ કાર્યો કર્યાં છે. રોજગારી ક્ષેત્રે પણ કાર્યો કર્યાં છે. રતુભાઈ સાથે ખભેખભા મિલાવીને મીઠાના સત્યાગ્રહમાં, ભારત છોડો આંદોલનમાં અને આરઝી હકૂમતમાં કામ કરનાર શ્રી કનુભાઈ લહેરીનાં પુત્ર હોવાને કારણે પ્રવીણભાઈનો આ લેખ આત્મીયતાના સંસ્પર્શવાળો બન્યો છે. પુસ્તિકાના અંતે મુખ્ય વક્તા શ્રી નારાયણભાઈ દેસાઈનાં જન્મ, જીવન, ઉછેર, પ્રવૃત્તિઓ અને સાહિત્યસર્જન વિશેની વીગતો સંકલિત કરીને મૂકી છે.

r

## મારી ઋતુઓ

શિયાળામાં મારી હ્રદયરસની ઊર્મિઝરણી
જતી થીજી; વીણા હિમપડ વિશે મૂક બનતી.
મહા ઝંઝાવાતો પ્રબળ સૂસવે બુદ્ધિબળના,
કરે રક્ષા કો ત્યાં ? ન ઘરસઘડી, કાષ્ઠ પણ ના !

અને ગ્રીષ્મે તાપે તપી તપી અતિશે ઊકળવું,
મને રોમે રોમે કરમ લખિયું છે પ્રજળવું !
ન ઘેને ઘેરાયો કંઈ સમજતો કે જીવન શું,
અને તાપે મારું છણછણી ઊઠે ઊર્મિઝરણું !

અહા ! ત્યાં તો વર્ષા કરુણ રસ રેલંત વરસે,
અને થાતાં મારું ઉર સભર ભાવે, નવ રસે
હસે, નાચે, કૂદે, વિહગ-વનવેલીથી રમતું,
તરંગો ઊર્મિના દૂર દૂર સમુદ્રે વહવતું.

પ્રવાતે બુદ્ધિના જીવન તણું થીજેલ ઝરણું
ફરી ભાવોર્મિએ નવલ રસ ઝીલે અણુ અણુ.

[‘સમગ્ર કવિતા’] **– ઉમાશંકર જોશી**

## પત્રસેતુ

તંત્રીશ્રી, 'પરબ'

મે, '૧૦ના 'પરબ'માં પરિષદ-પ્રમુખશ્રીના પત્રમાં પ્રકાશકનો હવાલો આપી તેમણે ચિંતા વ્યક્ત કરી છે કે નવલકથાઓ 'હવે' નથી વંચાતી. રસોઈ, મૅનેજમેન્ટ, પ્રેરણાત્મક વગેરેનાં પુસ્તકો જ વંચાય છે.

આ વિધાન આમ તો સાચું છે. અમારા જેવાને પણ નવલકથાના બદલે સારા અનુવાદો આપવાનું સૂચન થાય છે. પણ છતાં આ વિધાન પૂર્ણ સત્ય નથી. આજે પણ એવી નવલકથાઓ પ્રગટ થાય છે, જેની એકથી વધારે આવૃત્તિ થાય છે. ધ્રુવ ભટ્ટની નવલકથાઓ તેનું ઉત્તમ ઉદાહરણ હોઈ શકે. બીજા પણ હશે. ખુદ મારી વાત કરું તો ત્રણ વર્ષ પહેલાં, કોઈ પ્રકાશકે ન સ્વીકારતાં, મેં મારી નવલ 'અંગદનો પગ' સ્વખર્ચે માત્ર ૫૦૦ નકલ છાપેલ. ખૂબ ડર હતો, પણ આજે તેની છઠ્ઠી આવૃત્તિ ચાલે છે અને છેલ્લી ત્રણ આવૃત્તિ તો પ્રકાશકે સ્વીકારી પણ લીધી.

લાગે છે કે બે પ્રકારની નવલકથાઓ આજે – આજની વાંચતી પેઢીને – ગમે છે. કાં તો 'થ્રીલર' વાર્તાઓ ગમે છે. તે ખૂબ વેચાય અને વેચાય છે. અથવા વાસ્તવિકતા દર્શાવતી અને કશોક આશાનો સંદેશો આપતી નવલ વંચાય-વેચાય છે. મારી નવલકથા વિષે 'જાણીતા' વિવેચકોમાંથી કોઈએ લખવા તો ઠીક, વાંચવાની તસ્દી પણ ન લીધી, પરંતુ અજાણ્યા કહેવાતા સામાન્ય વાચકોએ ખૂબ ઉમળકાથી વધાવી અને તેના પર ૧૫થી ૨૦ લેખો પણ લખ્યા. આજે પણ લખાય છે. બે-ત્રણે તેના પર M.Phil. M.Ed.માં નિબંધ પણ લખ્યા, ખૂણેખૂણામાંથી પ્રતિભાવો સતત આવે છે.

એટલે, તદ્દન નવલકથા નથી વંચાતી એમ કહેવું અર્ધસત્ય છે. હા, અન્ય વિષયોની તુલનામાં ઓછી વંચાતી હશે. તેનું કારણ ઉતાવળ, તાણ અને સમયનો અભાવ હોઈ શકે. 'ઉપયોગી' પુસ્તકોની માંગ વધુ છે તે પણ કારણ હોય. છતાં ''સારી'' નવલકથાઓ બધા વાચકો અવશ્ય વાંચે છે. નવી ન મળે તો જૂની !

સમસ્યા 'સારી' નવલકથાઓ લખવાની છે.

**– હરેશ ધોળકિયા, ભુજ**

r



Parab Online
July 2010
Page: 18

## સૂચિ

## સાહિત્યિક પત્રકારત્વ વિષયના ગુજરાતી ભાષામાં પ્રાપ્ય સંદર્ભ ગ્રંથો-લેખો

**ડૉ. કિશોર વ્યાસ**

### ગ્રંથો

અખબારનું અવલોકન – ૧૯૮૧, યાસીન દલાલ, પ્રવીણ પ્રકાશન, રાજકોટ
અખબારી લેખન – ૧૯૭૯, કુમારપાળ દેસાઈ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ
અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા – નવમી આ. ૧૯૮૨, ધીરુભાઈ ઠાકર, ગૂર્જર
અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન – ૧૯૭૬, હિરાલાલ પારેખ, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ
આત્મનેપદી – ૧૯૮૭, સં. સુમન શાહ, પાર્શ્વ, અમદાવાદ
કલમ અને કિતાબ – ૧૯૮૭, સં. મહેન્દ્ર મેઘાણી, લોકમિલાપ, ભાવનગર
કંકાવટી – ૨૦૦૬, સં. શરીફા વીજળીવાળા, બકુલ ટેલર, કંકાવટી પ્રકાશન, સુરત
ગાંધીજીનું પત્રકારત્વ – બી. એમ. પટેલ (પરિચય પુસ્તિકા), ૨૦૦૩, પુ. ક્રમ ૧૦૭૪, પરિચય ટ્રસ્ટ, મુંબઈ
ગુજરાતી પત્રકાર લઘુ સામયિક વિશેષાંક – ઑગસ્ટ, ૧૯૯૮, મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘ
ગુજરાતી પત્રકારિત્વનો ઇતિહાસ – ૨૦૦૭, રતન રુસ્તમ માર્શલ, બીજી આ., સાહિત્ય સંગમ, સુરત
ગુજરાતી વિવેચનમાં 'સંસ્કૃતિ' – ૧૯૮૭, કુમાર જૈમિની શાસ્ત્રી, પાર્શ્વ, અમદાવાદ
ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ભાગ : ૩-૪ – ૧૯૭૮-૧૯૮૧, સંપા. ઉમાશંકર જોશી, યશવંત શુક્લ અને અન્ય, ગુજરાતી સા. પરિષદ
ગુજરાતી સાહિત્યનો દસમો દાયકો – ૨૦૦૩, સં. ભોળાભાઈ પટેલ, ગુજરાતી સા. પરિષદ
ગુજરાતી સાહિત્યિક સામયિકો (પરિચય પુસ્તિકા, ૯૭૪), ૧૯૯૯, કિશોર વ્યાસ, પરિચય ટ્રસ્ટ, મુંબઈ
ચોથી જાગીર – ૧૯૮૪, યાસીન દલાલ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ
જૂનું નર્મગદ્ય – ૧૮૬૫, નર્મદાશંકર દવે, ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ
જ્ઞાનસુધા : સ્વાધ્યાય અને સૂચિ – ૧૯૮૦, ધીરુભાઈ ઠાકર, ગુજરાત સાહિત્ય અકાદમી
ડાંડિયો – ૧૯૯૬, સં. રમેશ મ. શુક્લ, નર્મદ યુગાવર્ત ટ્રસ્ટ, સુરત
તંત્રીઅંક – શારદા, જાન્યુ. ૧૯૨૭
તંત્રીલેખ : સ્વરૂપ અને સર્જન – ૧૯૮૦, ઈશ્વરલાલ દવે, પ્રવીણ પ્રકાશન, રાજકોટ
નવચેતન અમૃત મહોત્સવ અંક (આપણા ગણમાન્ય તંત્રીઓ), ઑક્ટો.-નવે. ૧૯૯૭, નવચેતન કાર્યાલય, અમદાવાદ
નવલ ગ્રંથાવલિ – ૧૯૬૬, સં. નરહરિ પરીખ, ગૂજરાત વિદ્યાપીઠ
નીલમ અને પોખરાજ – ૧૯૬૨, વિજયરાય વૈદ્ય, એન. એમ. ત્રિપાઠી, મુંબઈ
નેપથ્યેથી પ્રકાશવર્તુળમાં – ૧૯૯૬, સં. રમણ સોની, પાર્શ્વ, અમદાવાદ
પત્રકારત્વ-પર્વ – ૨૦૦૯, યાસીન દલાલ, ગૂર્જર

પત્રકારત્વ : સિદ્ધાંત અને અધ્યયન – ૧૯૯૯, ચન્દ્રકાન્ત મહેતા, નવભારત, મુંબઈ
પત્રકારત્વના પ્રવાહો – ૧૯૯૧, વિષ્ણુ પંડ્યા, નવભારત, મુંબઈ
પત્રકારત્વના સિદ્ધાંતો – ૧૯૮૯, યાસીન દલાલ, પ્રવીણ પ્રકાશન, રાજકોટ
પત્રકારત્વની વિકાસરેખા – ૧૯૯૧, વિષ્ણુ પંડ્યા, નવભારત, મુંબઈ
'પરબ'સૂચિ – ૨૦૦૭, સં. ઇતુભાઈ કુરકુટિયા, પારુલ દેસાઈ તથા અન્ય, ગુજ. સા. પ.
પરિભ્રમણ ભાગ : ૧/૨ – ૧૯૪૭, ઝવેરચંદ મેઘાણી (નવસંસ્કરણ ૨૦૦૯, સં. જયંત મેઘાણી, ગુજરાત સાહિત્ય અકાદમી)
પરિષદ પ્રમુખોનાં ભાષણો (૧થી ૧૩ અને ૧૪થી ૨૭) – ૧૯૪૧, ૧૯૭૪, ગુજ. સા. પરિષદ
પુનર્લબ્ધિ – ૨૦૦૪, કિશોર વ્યાસ, પ્ર. પોતે
પ્રકાંડ પત્રકારો – ૨૦૦૨, યાસીન દલાલ, પાર્શ્વ
'પ્રિયંવદા' અને 'સુદર્શન' – ધીરુભાઈ ઠાકર, ૧૯૬૨, પ્ર. પોતે
બચુભાઈ રાવત સ્મૃતિ અંક, કુમાર – ઑક્ટો.-નવે. ૧૯૮૧
બુંદબુંદની સૂરત નિરાલી – ૨૦૦૯, સં. રમણ સોની, કિશોર વ્યાસ, પાર્શ્વ
ભાષણો અને અહેવાલો – ૧૯૬૩, ૧૯૬૫, ૧૯૬૭, ગુજરાતી સાહિત્ય પરિષદ
મણિલાલ ન. દ્વિવેદીનું આત્મવૃત્તાંત – ૧૯૭૯, ધીરુભાઈ ઠાકર, નવભારત પ્રકા.
માધ્યમમીમાંસા – ૧૯૯૪, યાસીન દલાલ, પાર્શ્વ
યશવંત દોશી (પરિચય પુસ્તિકા, ૯૭૦), ૧૯૯૯, ચન્દ્રકાન્ત શાહ, પરિચય ટ્રસ્ટ, મુંબઈ
રમણલાલ જોશી સ્મૃતિ અંક – ઉદ્દેશ, જાન્યુ. ૨૦૦૭
રવિશંકર રાવળ સંસ્મરણ અંક – કુમાર, જાન્યુ. ૧૯૭૮
રા. વિ. પાઠક વાઙ્મય પ્રતિભા – ૧૯૮૧, કાન્તિલાલ કાલાણી
લીલાં સૂકાં પાન – ૧૯૪૨, વિજયરાય વૈદ્ય, એન. એમ. ત્રિપાઠી, મુંબઈ
લોકકથાનાં કૂળ અને મૂળ – ૧૯૯૦, હરિવલ્લભ ભાયાણી, પાર્શ્વ
વસંત રજત મહોત્સવ ગ્રંથ, ૧૯૨૭
વિનાયકની આત્મકથા – ૧૯૬૯, વિજયરાય વૈદ્ય, એન. એમ. ત્રિપાઠી, મુંબઈ
વિશ્વકોશ ભાગ : ૧થી ૨૫ – વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ
વૃત્તવિવેચન – ૧૯૪૫, રમેશ રંગનાથ ગૌતમ
શોધ નવી દિશાઓની – ૧૯૯૩, શિરીષ પંચાલ, ક્ષિતિજ સંશોધન કેન્દ્ર, વડોદરા
સર્જકની આંતરકથા – ૧૯૮૪, સં. ઉમાશંકર જોશી, ગંગોત્રી ટ્રસ્ટ, અમદાવાદ
સમાલોચક : સ્વાધ્યાય અને સૂચિ – ધીરુભાઈ ઠાકર, ગુજરાત સાહિત્ય અકાદમી
સમૂહમાધ્યમો અને સાહિત્ય – ૧૯૮૯, પ્રીતિ શાહ, પાર્શ્વ, અમદાવાદ
સંવિવાદના તેજવલયો – ૨૦૦૦ (પુનર્મુદ્રણ-૨૦૦૯), સાહિત્યિક પત્રકારત્વ નામે, પાર્શ્વ, કિશોર વ્યાસ
સામયિકોની સૃષ્ટિ – યાસીન દલાલ, પાર્શ્વ
સાહિત્ય અને પત્રકારત્વ – ૧૯૮૦ (વિશેષાંક પરબ, સં. કુમારપાળ દેસાઈ) ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ
સાહિત્યકારો સાથે પ્રશ્નાવલી – શબ્દસૃષ્ટિ (વિશેષાંક), ઑક્ટો.-નવે. ૧૯૯૭
સાહિત્યરંગી પત્રકારત્વ – ૨૦૦૨, અમિતા ઠાકોર, પ્ર. પોતે
સીધાં ચઢાણ – બીજી આ. ૧૯૪૭, ક. મા. મુનશી, ગૂર્જર, અમદાવાદ



'સુદર્શન' અને 'પ્રિયંવદા' – ૧૯૬૨, ધીરુભાઈ ઠાકર
સ્મૃતિ સંવેદન – બીજી આ. ૧૯૮૩, ચાંપશી ઉદેશી, નવચેતન કાર્યાલય, અમદાવાદ
સ્વપ્નસિદ્ધિની શોધમાં – ૧૯૫૩, ક. મા. મુનશી, ભારતીય વિદ્યાભવન, મુંબઈ
'સ્વાધ્યાય : સૂચિ (પુ. ૧થી ૨૫) – ૨૦૦૭, જયંત ઉમરેઠિયા, પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા
હાજી મહંમદ અલારખિયા શિવજી (પરિચય પુસ્તિકા, ૧૨૦૯) – ૨૦૦૯, કિશોર વ્યાસ
હાજી સ્મારક ગ્રંથ – ૧૯૨૨, સં. રવિશંકર રાવળ
હીરા અને પન્ના – ૧૯૮૪, વિજયરાય વૈદ્ય, રોહિણી પ્રતિષ્ઠાન, ભાવનગર

## લેખસૂચિ

'અસ્મિતા' વાર્ષિક વિશે – પરબ, ૧૯૯૮
આપણાં માસિકો – અભિલાષકુમાર, બુદ્ધિપ્રકાશ, નવે. ૧૯૨૯
આપણાં સાહિત્યિક સામયિકો – રમણ સોની, એતદ્, ઑક્ટો.-ડિસે. ૧૯૯૨, સાભિપ્રાય, ૧૯૯૮, આર. આર. શેઠ
આપણાં સાહિત્યિક પત્રકારત્વનો ઇતિહાસ શું શક્ય છે ? – કિશોર વ્યાસ, તથાપિ, ડિસે.-ફેબ્રુ., ૨૦૦૭
આપણાં સાહિત્યિક સામયિકો બંધ કેમ પડે છે ? – પ્રબોધ ર. જોશી, ઉદ્દેશ, જૂન, ૨૦૦૯
આવતી કાલનું ગુજરાતી સામયિક – ત્રિદીપ સુહૃદ, પરબ, ફેબ્રુ., ૨૦૦૫
ઉદ્દામ વિચારપત્ર : ડાંડિયો – રતન રુસ્તમ માર્શલ, પરબ, ઑગસ્ટ-સપ્ટે. ૧૯૮૩
ઉદ્દેશ' વિશે અવલોકન – યશવંત દોશી, ઓળખ, જાન્યુ., ૧૯૯૬
ઉમાશંકરનું સાહિત્યિક પત્રકારત્વમાં પ્રદાન – રમણલાલ જોશી, ઉદ્દેશ, સપ્ટે., ૧૯૯૭
કન્યાકેળવણીના પ્રખર હિમાયતી મણિલાલ દ્વિવેદી અને સૌરાષ્ટ્રનું પ્રથમ સ્ત્રીલક્ષી સામયિક 'પ્રિયંવદા' – નીતાબહેન ઉદાણી, અર્થાત્, એપ્રિલ-જૂન, ૨૦૦૩
કવિતાનાં સામયિકો – અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, વિશ્વમાનવ, મે-જૂન, ૧૯૬૫
કવિતાની વંશાવળી 'વહી' – કિશોર વ્યાસ, પરબ, મે, ૨૦૦૦
કવિલોકના મહાકાવ્ય વિશેષાંક વિશે – ભોળાભાઈ પટેલ, પરબ, ઑક્ટો., ૧૯૮૩
'કુમાર'નો ઘોડો – ભોળાભાઈ પટેલ, પરબ, માર્ચ, ૧૯૯૦
કેખુશરો કાબરાજીનું પત્રકારત્વ – રતન રુસ્તમ માર્શલ, પરબ, જૂન, ૧૯૯૬
'કૌમુદી'એ ગુજરાતી વિવેચન સાહિત્યમાં આપેલો ફાળો – રમણલાલ જોશી, શબ્દસેતુ, ૧૯૭૦, વોરા ઍન્ડ કંપની
(ભરત નાયક વડે ચલાવાતું) 'ગદ્યપર્વ' – સુમન શાહ, ખેવના, જાન્યુ., ૧૯૯૦
'ગદ્યપર્વ' વિશે – ભોળાભાઈ પટેલ, પરબ, ઑગસ્ટ, ૧૯૯૦
'ગદ્યપર્વ'ની વસમી વિદાયટાણે – જયેશ ભોગાયતા, તથાપિ, જૂન-ઑગસ્ટ, ૨૦૦૮
ગાંધીજી : પત્રકાર તરીકે – અંબાલાલ જોશી, પ્રાતઃસ્મરણીય મહાત્મા ગાંધીજી, ૧૯૫૫, ગૂર્જર
– ડી. એન. શુક્લ, વિદ્યાપીઠ, જુલાઈ-ઑગસ્ટ, ૧૯૬૭
– નગીનદાસ પારેખ, વિદ્યાપીઠ, નવે.-ડિસે., ૧૯૭૮
– રમણ મોદી, ગાંધીજીનું સાહિત્ય, ૨૦૦૭, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ
– રમણીક દલાલ, નવચેતન, મે, ૧૯૭૧
ગુજરાતનું પત્રકારત્વ – કપિલરાય મહેતા, વિશ્વમાનવ, મે, ૧૯૬૦
ગુજરાતનું પલટાતું પત્રકારત્વ – રવિશંકર મહેતા, ફાર્બસ ત્રૈમાસિક, જુલાઈ-ડિસે., ૧૯૭૩

ગુજરાતી પત્રકારત્વ અને વૃત્તાંતનિવેદન – જયવદન પટેલ, પરબ, જૂન, ૧૯૮૦
ગુજરાતી ભાષાનાં ચાલુ માસિકો – ?, વસંત, ૧૯૨૨-૨૩, પુ. ૨૧
ગુજરાતી માસિકો – હિરાલાલ પારેખ, બુદ્ધિપ્રકાશ, નવે., ૧૯૨૪
ગુજરાતી સામયિકો – હર્ષદ ત્રિવેદી, શબ્દાનુભવ, ૨૦૦૭, કવિલોક ટ્રસ્ટ, અમદાવાદ
ગુજરાતી સામયિકોનો પ્રથમ અધ્યાય – કિરીટ ભાવસાર, અર્થાત્, જુલાઈ-સપ્ટે., ૨૦૦૦
ગુજરાતી સાહિત્ય સામયિકો : એક દષ્ટિપાત – રમણ સોની, બુદ્ધિપ્રકાશ, ઑગસ્ટ, ૧૯૯૮, મથવું – ન મિથ્યા, રમણ સોની, ૨૦૦૯, રન્નાદે
ગુજરાતી સાપ્તાહિકનું સ્વરૂપ – નરભેરામ સદાવ્રતી, પરબ, જૂન, ૧૯૮૦
ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વ ૧૯૯૬-૯૭ – કિશોર વ્યાસ, પરબ, ફેબ્રુ.-માર્ચ, ૧૯૯૯
ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વ – રતિલાલ સાં. નાયક, તાદર્થ્ય, જૂન, ૨૦૦૨
ગ્રંથના ચૌદમા વર્ષે – વાડીલાલ ડગલી, ગ્રંથ, ડિસે., ૧૯૭૬
જ્ઞાતિપત્રો : આજના સંદર્ભમાં – કિશોર વ્યાસ, બુદ્ધિપ્રકાશ, સપ્ટે., ૨૦૦૧, વાચનવિશેષ – સં. ડંકેશ ઓઝા, ૨૦૦૨, ગુજરાત સાહિત્ય અકાદમી
ટી.એસ.એલ. વિશે – જયેન્દ્ર ત્રિવેદી, પરબ, જાન્યુ., ૧૯૯૪
તંત્રી તરીકે ભોળાભાઈ પટેલની વિદાય – રમેશ દવે, પરબ, ડિસે., ૧૯૯૮
તંત્રીકાર્ય એટલે શું ? – સુમન શાહ, ખેવના, નવે., ૧૯૭૧
તંત્રીકાર્ય ને એવું બધું – સુમન શાહ, ખેવના, સપ્ટે. ૨૦૦૫
ત્રણ ભારતીય સમીક્ષા સામયિકો – અંગ્રેજીમાં – રમણ સોની, પ્રત્યક્ષ, એપ્રિલ-જૂન, ૧૯૯૬, પરોક્ષે-પ્રત્યક્ષે, ૨૦૦૪, રન્નાદે
'ડાંડિયો'ના પ્રકાશનપ્રારંભ વિશે ચર્ચાનોંધ – દિનકર જોશી, પરબ, ડિસે., ૧૯૮૩; વી. બી. ગણાત્રા, પરબ, જાન્યુ., ૧૯૮૪
દશ્યશ્રાવ્ય માધ્યમો અને સાહિત્ય – વૈદ્ય ધીરેન્દ્ર મહેતા, પરબ, એપ્રિલ-મે, ૧૯૮૫
– રમેશ ર. દવે, પરબ, એપ્રિલ-મે, ૧૯૮૫
નર્મદ – ઉદ્દામ વિચારપત્ર 'ડાંડિયો' – રતન રુસ્તમ માર્શલ, પરબ, ઑગસ્ટ-સપ્ટે., ૧૯૮૩
નર્મદ – 'ડાંડિયો' : પત્રકારત્વ – રમેશ મ. શુક્લ, નર્મદ : શોધ અને સમાલોચન, ૨૦૦૫, પાર્શ્વ
નર્મદ : પત્રકારત્વનું મોટું અર્પણ – હરીન્દ્ર દવે, પરબ, ઑગસ્ટ-સપ્ટે., ૧૯૮૩
નર્મદ : સુધારક પત્રકાર – યાસીન દલાલ, પરબ, ઑગસ્ટ-સપ્ટે., ૧૯૮૩
નર્મદનું નિર્ભીક પત્રકારત્વ – નીરુભાઈ દેસાઈ, પરબ, ઑગસ્ટ-સપ્ટે., ૧૯૮૩
નર્મદયુગનું આખાબોલું સામયિક 'ડાંડિયો' – ગંભીરસિંહ ગોહિલ, ફાર્બસ ત્રૈમાસિક, ઑક્ટો.-ડિસે., ૨૦૦૮
'નવજીવન'ના સંપાદન વિશે ચર્ચાનોંધ – વી. બી. ગણાત્રા, પરબ, ઑક્ટો., ૧૯૮૨, જૂન, ૧૯૮૩
નવાં સામયિકો – સંજય શ્રીપાદ ભાવે, શબ્દસૃષ્ટિ, મે, ૧૯૯૮
નાની પત્રિકાઓ – પવનકુમાર જૈન, ગ્રંથ, માર્ચ, ૧૯૭૧
નાંદીકાર વિશે – સંજય શ્રીપાદ ભાવે, પરબ, એપ્રિલ, ૧૯૯૮
પત્રકાર – મગનલાલ દેસાઈ, સંસ્કૃતિ, નવે., ૧૯૫૫
પત્રકાર ક. મા. મુનશી – ધર્મેન્દ્ર મ. માસ્તર 'મધુરમ્', નવનીત-સમર્પણ, જાન્યુ., ૧૯૯૮
પત્રકારત્વ – બચુભાઈ રાવત, ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૩મું સંમેલન, ૧૯૬૫
પત્રકારત્વ – ભગવતીકુમાર શર્મા, 'વીસમી સદીનું ગુજરાત' – સં. શિરીષ પંચાલ, અન્ય, ૨૦૦૨
પત્રકારત્વ – હરીન્દ્ર દવે, પરબનો 'સદીનું સરવૈયું' વિશેષાંક, સં. રઘુવીર ચૌધરી, જૂન-જુલાઈ, ૧૯૮૨
પત્રકારત્વ અને સાહિત્ય – ભાવસેતુ, સં. ચિમનલાલ ત્રિવેદી અને નાથાલાલ રૈયારેલા (?)
પત્રકારત્વ અને સાહિત્ય – મધુસૂદન પારેખ, સંદર્ભ સં. જયંત કોઠારી, અન્ય, ૧૯૭૫, ગૂર્જર, અમદાવાદ
પત્રકારત્વ અને સાહિત્ય – મોહનલાલ મહેતા 'સોપાન' અને સાહિત્ય, સં. યશવંત ત્રિવેદી, વિ. આર. આર. શેઠ
પત્રકારિત્વ : તેનાં આદર્શો અને કર્તવ્યો – પંડ્યા મહેન્દ્ર ન., ગુજરાતી સાહિત્ય પરિષદ, ૧૮મું સંમેલન, ૧૯૫૨
પડકારજનક છતાં રસપ્રદ : ૧૯૬૦થી આજ સુધીનું સાહિત્યિક પત્રકારત્વ – કિશોર વ્યાસ, નવચેતન, ઑક્ટો.-નવે., ૨૦૦૮
પરબ વિશે – ?, પરબ, જૂન, ૨૦૦૦
પરબનાં પચીસ વર્ષ – ભોળાભાઈ પટેલ, પરબ, ડિસે., ૧૯૮૪
પરબને અલવિદા કહેતી વખતે – ભોળાભાઈ પટેલ, પરબ, ડિસે., ૨૦૦૧
પરબ હવે માસિક સ્વરૂપે – ભોળાભાઈ પટેલ, પરબ, જાન્યુ., ૧૯૭૭
પરિચય ટ્રસ્ટનું એક નવું સપનું : ગ્રંથ – ભોળાભાઈ પટેલ, પરબ, જૂન, ૧૯૭૮
'પ્રત્યક્ષ' સામયિકના સંપાદક રમણ સોનીની મુલાકાત – ડંકેશ ઓઝા, પ્રત્યક્ષે-પરોક્ષે – રમણ સોની, ૨૦૦૪, રન્નાદે
– હર્ષદ ત્રિવેદી, પ્રત્યક્ષે-પરોક્ષે – રમણ સોની, ૨૦૦૪, રન્નાદે
'પ્રત્યક્ષ' સામયિક, સંપાદક કેફિયત વિશેષાંક વિશે – ડંકેશ ઓઝા, શબ્દસૃષ્ટિ, એપ્રિલ, ૧૯૯૬
– ભોળાભાઈ પટેલ, પરબ, માર્ચ, ૧૯૯૬
'પ્રત્યક્ષ'ના પાંચ વર્ષ – ચન્દ્રકાન્ત ટોપીવાળા, પ્રત્યક્ષ, એપ્રિલ-જૂન, ૧૯૯૭
'પ્રસ્થાન'માં પ્રકાશિત કાવ્યરચનાઓનો અભ્યાસ – કિશોર વ્યાસ, ઇન્દુમૌલિ, જુલાઈ, ૧૯૯૯
ફાર્બસ ત્રૈમાસિકના સંપાદક મંજુ ઝવેરીની મુલાકાત – રમણ સોની, પ્રત્યક્ષ, જાન્યુ.-માર્ચ, ૧૯૯૧
ફાર્બસ ત્રૈમાસિકનો 'મધ્યકાલીન સાહિત્ય' વિશેષાંક – ભોળાભાઈ પટેલ, પરબ, ફેબ્રુ., ૧૯૮૬
બચુભાઈ રાવત : લોકરુચિના મહેતાજી – વાડીલાલ ડગલી, ગ્રંથ, ઑગસ્ટ, ૧૯૮૦
(આપણાં) બાળસામયિકો – કુમારપાળ દેસાઈ, પરબ, ઑગસ્ટ-સપ્ટે., ૧૯૮૫
બુદ્ધિપ્રકાશ ('ગુજરાત વિદ્યાસભા'નો મણકો) – મધુસૂદન પારેખ, બુદ્ધિપ્રકાશ, ડિસે., ૨૦૦૧
'બુદ્ધિપ્રકાશ'ના નવ દાયકા – અનંતરાય રાવળ, તારતમ્ય, ૧૯૭૧, ગૂર્જર
(છ દાયકા પહેલાંનાં) બે નાટ્ય સામયિકો – સંપાદક, નાટક, ઓક્ટો.-ડિસે., ૨૦૦૮, ૨૩
બે વર્ષનું સાહિત્યિક પત્રકારત્વ – તરુ કજારિયા, પરબ, એપ્રિલ, ૨૦૦૧
બે વિશેષાંકો – રમેશ ર. દવે, નિર્દેશ શુક્લ, પરબ, ઑક્ટો., ૧૯૮૩
ભાષાવિમર્શ : ભાયાણી સાહેબનું એક મહત્ત્વનું પ્રદાન – રમણ સોની, પ્રત્યક્ષ, ઑક્ટો.-ડિસે., ૨૦૦૦, પરોક્ષે-પ્રત્યક્ષે, ૨૦૦૪, રન્નાદે
મરાઠી સાહિત્યનું 'ટાઇમ્સ લિટરરી સપ્લીમેન્ટ' લલિત' – જયા મહેતા, ઝાંખી, ૧૯૯૪, પ્રકા. એસ. એન. ડી. ટી. યુનિ., મુંબઈ
મિલાપ – નાની શી મિલનબારી બંધ – ભોળાભાઈ પટેલ, પરબ, ફેબ્રુ., ૧૯૭૯
(સહૃદય દાર્શનિક સમા પત્રકાર) મેઘાણી – ચુનીલાલ મડિયા, ઊર્મિ-નવરચના, એપ્રિલ, ૧૯૪૭,

મેઘાણી વિવેચનાસંદોહ – સં. જયંત કોઠારી, ૨૦૦૨
(પત્રકારત્વનું શિયળ સાચવનાર) મેઘાણી – મગનલાલ સતીકુમાર, ઊર્મિ-નવરચના, એપ્રિલ, ૧૯૪૭
(સાહિત્ય અને પત્રકારત્વનો સેતુ) મેઘાણી – જયેન્દ્ર ત્રિવેદી, સાધના દીપોત્સવી વિશે. સં. ૨૦૫૧ (સને ૧૯૯૮)
(સાપ્તાહિક પત્રકારત્વનો ઉત્કૃષ્ટ ખેડૈયો) મેઘાણી – યશવંત દોશી, રેલ્યો કસુંબીનો રંગ, ૧૯૯૬
મેઘાણી : પત્રકાર તરીકે – જયમલ્લ પરમાર, સમયસમયના રંગ, ૧૯૯૩
મેઘાણી : પત્રકાર તરીકે – યાસીન દલાલ, પ્રત્યાયન, જુલાઈ-ડિસે. ૧૯૯૬, શબદનો સોદાગર, ૧૯૯૭, માધ્યમચિંતન, ૧૯૯૮
મેઘાણી : પત્રકાર તરીકે – યાસીન દલાલ, મેઘાણી શતાબ્દીવંદના, ૧૯૯૯
મેઘાણી અને સાહિત્યિક પત્રકારત્વ – રમણ સોની, પ્રત્યક્ષ, એપ્રિલ-જૂન, ૧૯૯૪, પરોક્ષે-પ્રત્યક્ષે, ૨૦૦૪, રન્નાદે
મેઘાણીનું પત્રકારત્વ – જયંત જોશી, ઝવેરચંદ મેઘાણી, ૧૯૬૮, સં. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ
મેઘાણીનું પત્રકારત્વ – નગીનદાસ સંઘવી, ફાર્બસ ત્રૈમાસિક, જાન્યુ.-માર્ચ, ૧૯૯૭, આ તડ ને આ ફડ, ૧૯૯૮, મેઘાણી વિવેચના સંદોહ – સં. જયંત કોઠારી, ૨૦૦૨
(મૂલ્યોનું તેજ, શૈલીનું સત્ત્વ) મેઘાણીનું પત્રકારત્વ – પ્રીતિ શાહ, રેલ્યો કસુંબીનો રંગ, ૧૯૯૬
મેઘાણીનું પત્રકારત્વ : એક અવલોકન – યાસીન દલાલ, શબદનો સોદાગર, ૧૯૯૭
'રુચિ' સામયિક વિશે – નવીનચંદ્ર ત્રિવેદી, મડિયાનું અક્ષરકાર્ય, ૧૯૭૮
'રે'નું આંદોલન : એક સમીક્ષા – ચિનુ મોદી, સમીપે, જાન્યુ., ૨૦૦૭
લાજવાબ 'મનીષા' – કિશોર વ્યાસ, તથાપિ, સપ્ટે.-નવે., ૨૦૦૫
લોકસંપર્કના દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ – વસુબહેન ભટ્ટ, પરબ, એપ્રિલ-મે, ૧૯૮૫
વર્તમાનપત્રોની ગુજરાતી સાહિત્ય પર અસર – ભોગીલાલ ગાંધી, વિશ્વમાનવ, સપ્ટે.-ઑક્ટો., ૧૯૬૬
વર્તમાનપત્રોમાં સાહિત્ય – હસમુખ દોશી, શબ્દસૃષ્ટિ, ઑગસ્ટ, ૧૯૯૫
'વિ'નો દલિત ગુજરાતી વાર્તા-વિશેષાંક (૯૫) – શરીફા વીજળીવાળા, કંકાવટી, જાન્યુ., ૧૯૯૬
વિકાસશીલ દેશોમાં સમૂહમાધ્યમોની ભૂમિકા – યાસીન દલાલ, શબ્દસૃષ્ટિ, સપ્ટે., ૧૯૮૮
વિજયરાયનું 'ચેતન' – રમેશ મ. શુક્લ, પરબ, જુલાઈ, ૧૯૯૬
વિજયરાય વૈદ્યનું સાહિત્યિક પત્રકારત્વ – રમણ સોની, ફાર્બસ ત્રૈમાસિક, જુલાઈ-સપ્ટે., ૧૯૯૭, સાભિપ્રાય, ૧૯૯૮, આર. આર. શેઠ
વિવિધ માધ્યમો વચ્ચે સાહિત્ય ટકશે ખરું ? – રમણલાલ જોશી, પ્રવાસી, ૪-૯-૮૪
'વીણા' અને 'શરદ' વાર્ષિકો વિશે – બટુકરાય પંડ્યા, પરબ, નવે., ૧૯૮૩
'વીસમી સદી' : સાહિત્ય, સમાજ અને ઇતિહાસ સંદર્ભે અભ્યાસ – મકરન્દ મહેતા, ફાર્બસ ત્રૈમાસિક, ઓક્ટો.-ડિસે., ૨૦૦૨
શબ્દસૃષ્ટિ (સુમન શાહ સંપાદિત) – ભોળાભાઈ પટેલ, પરબ, માર્ચ, ૧૯૮૪
શુદ્ધ સાહિત્યિક સામયિકો કેટલાં ? – સુમન શાહ, ખેવના, જુલાઈ, ૧૯૭૧
શું સમૂહમાધ્યમોનું વલણ સંસ્કૃતિ વિરોધી રહ્યું છે ? – રઘુવીર ચૌધરી, જન્મભૂમિ, ૧૯-૨-૮૮
'સન્ધિ' : થોડી પેટછૂટી વાતો – બાબુ સુથાર, સન્ધિ, એપ્રિલ-જૂન, ૨૦૦૯
સમૂહમાધ્યમ – ભોગીલાલ ગાંધી, પરબ પત્રિકા-૧, ૧૯૬૫
સમૂહમાધ્યમ અને સાહિત્ય – કેતન મહેતા, પરબ, એપ્રિલ-મે, ૧૯૮૫
સમૂહમાધ્યમો, ભાષા અને સાહિત્ય – કુલિનચંદ્ર યાજ્ઞિક, પરબ, જૂન, ૧૯૯૮
સંસ્કૃતિ : ઉમાશંકરના જીવનનું રમણીય તપોવન – કૃષ્ણવીર દીક્ષિત, સંસ્પર્શ, ૧૯૯૩, રન્નાદે
સંસ્કૃતિ વિદાય માગે છે – ઉમાશંકર જોશી, સંસ્કૃતિ, ડિસે., ૧૯૮૪
સંસ્કૃતિનાં પચીસ વર્ષ – ભોળાભાઈ પટેલ, કાલપુરુષ, ૧૯૭૯
સંસ્કૃતિનો પૂર્ણાહુતિ વિશેષાંક – ભોળાભાઈ પટેલ, પરબ, માર્ચ, ૧૯૮૫
સામયિકી : ૧/૨ – પ્રતિ-ભાવક, ઉદ્દેશ, જાન્યુ.-ફેબ્રુ., ૨૦૧૦
'સાહિત્ય' (તંત્રી : નિરંજન ભગત) – ભોળાભાઈ પટેલ, પરબ, જૂન, ૧૯૭૮
સાહિત્ય, પત્રકારત્વ અને સાહિત્યિક પત્રકારત્વ – વાસુદેવ મહેતા, પરબ, જાન્યુ., ૧૯૯૦
સાહિત્ય સામયિકોની ધરી : સંપાદક લેખક વાચક સંબંધ – રમણ સોની, ઉદ્દેશ, જુલાઈ, ૨૦૦૯, ૫૭૬-૫૮૧
સાહિત્ય અને દૃશ્યશ્રાવ્ય કલામાધ્યમો – રમેશ ર. દવે, પરબ, એપ્રિલ, ૧૯૮૫
સાહિત્ય અને પત્રકારત્વનો સંબંધ – કુમારપાળ દેસાઈ, પરબ, જૂન, ૧૯૮૦
સાહિત્યના પ્રચારમાં માસિકનું સ્થાન – કેશવ હ. શેઠ, બુદ્ધિપ્રકાશ, મે, ૧૯૨૦
સાહિત્યને સમૂહમાધ્યમ કહી શકાય ? – યશવંત શુક્લ, બુદ્ધિપ્રકાશ, જાન્યુ., ૧૯૭૮
સાહિત્યને સમૂહ પ્રત્યાયનના નવા વૈશ્વિક સંદર્ભમાં ક્યારે મૂલવીશું ? – યાસીન દલાલ, ગુજરાત સમાચાર, ૨૮-૧૨-૮૭
સાહિત્યિક પત્રપત્રિકાઓ અને સ્તંભો – પ્રસાદ બ્રહ્મભટ્ટ, પરબ, એપ્રિલ-મે, ૧૯૮૨
સાહિત્યિક પત્રકારત્વ – ગુલાબદાસ બ્રોકર, સંસ્કૃતિ, મે, ૧૯૬૮
સાહિત્યિક પત્રકારત્વ – વાડીલાલ ડગલી, પરબ, જૂન, ૧૯૮૦
સાહિત્યિક પત્રકારત્વ : મુંબઈનાં અખબારોની પ્રશસ્ય ભૂમિકા – તરુબહેન કજારિયા, પરબ, મે, ૨૦૦૧
સાહિત્યિક પત્રકારત્વ : સંજ્ઞાચર્ચા – કિશોર વ્યાસ, બુદ્ધિપ્રકાશ, સપ્ટે., ૧૯૯૯
સાહિત્યિક સામયિકો ચાલે તો, ચાલે શી રીતે ? – સુમન શાહ, ખેવના, જૂન, ૧૯૯૯
સાહિત્યિક સામયિકો : જૂનાં અને નવાં – નરેન્દ્ર ત્રિવેદી, પરબ, જૂન, ૧૯૮૦
સાહિત્યિક સામયિકો : શું આપણે ત્યાં, શું અમેરિકામાં – રમણ સોની, એતદ્, ઑક્ટો.-ડિસે., ૧૯૯૦, સાભિપ્રાય, ૧૯૯૮, આર. આર. શેઠ
સાહિત્યિક સામયિકો પ્રત્યે પ્રજાની વિમુખતા – કિશોર વ્યાસ, નવનીત-સમર્પણ, જૂન, ૧૯૯૯
સુન્દરમ્‌ના 'દક્ષિણા'નો છેલ્લો અંક – ભોળાભાઈ પટેલ, પરબ, ઑક્ટો., ૧૯૯૪
સુન્દરમ્‌ના પરમ યજ્ઞનો પ્રસાદ 'દક્ષિણા' – કિશોર વ્યાસ, શબ્દસર, ફેબ્રુ.-માર્ચ, ૨૦૦૮
સુરેશ જોષીનું સાહિત્યિક પત્રકારત્વ – સુમન શાહ, સુરેશ જોશીથી સુરેશ જોશી, બીજી આ. ૨૦૦૦, પાર્શ્વ
'સુવર્ણમાળા' – નિપુણ ઈ. પંડ્યા, ગ્રંથ, માર્ચ, ૧૯૬૯
સેતુ અને 'અ કોમન પોએટિક ફૉર ઇન્ડિયન લિટરેચર – દિગીશ મહેતા, પરબ, જાન્યુ., ૧૯૮૫
સ્વાતંત્ર્ય પૂર્વેનું ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વ – ચન્દ્રકાન્ત મહેતા, બુદ્ધિપ્રકાશ, માર્ચ, ૧૯૯૮

[આ સૂચિ સંપૂર્ણ ન ગણવા વિનંતી છે, તેમાં વધારાની માહિતી હોય તો લેખકને જણાવવા વિનંતી છે. ફોન : કિશોર વ્યાસ : ૯૯૨૪૭૭૩૫૧૧૧]

r



# પરિષદવૃત્ત

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

## રવીન્દ્રભવન

૨ જૂન-૨૦૧૦ના રોજ રવીન્દ્રભવન તરફથી સત્યજિત રાય દિગ્દર્શિત Rabindranath Tagore : A radio Biographyના શ્રવણનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં રવીન્દ્રનાથ વિષે વિશ્વના મહાનુભાવોના શબ્દોમાં એમના વ્યક્તિત્વ વિષે પરિચર્યા સંયોજિત હતી. શ્રાવ્યની સાથે દૃશ્ય માધ્યમનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. શ્રોતાઓએ કાર્યક્રમ રસપૂર્વક માણ્યો.

## પાક્ષિકી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી'ના ઉપક્રમે તા. ૧૭-૬-૨૦૧૦ ને ગુરુવારના રોજ સાંજે ૬.૦૦ કલાકેથી દીનાબહેન પંડ્યાએ 'ઓહવાટ' વાર્તાનું પઠન કર્યું હતું. તેના વિષયવસ્તુ, રજૂઆતની શૈલી અને બોલીના ઉચિત વિનિયોગે સૌ ભાવકોને પ્રભાવિત કર્યા હતા. આ વાર્તાને નર્મદ સાહિત્યસભા તરફથી સ્વ. કેતન મુનશી પારિતોષિક મળ્યું છે.

## શોકાંજલિ સભા

ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય સભા, કુમાર ટ્રસ્ટ, કવિલોક ટ્રસ્ટ, ગુજરાત સાહિત્ય અકાદમી તેમજ અન્ય સંસ્થાઓના ઉપક્રમે વાર્તાકાર સદ્‌ગત શ્રી ઘનશ્યામ દેસાઈ અને આધુનિક કવિ અને વિવેચક શ્રી નીતિન મહેતાની શોકસભા તા. ૨૨-૬-૨૦૧૦ના રોજ સાંજે ૬.૦૦ કલાકે શ્રી રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. શ્રી સુમન શાહે સદ્‌ગત નીતિન મહેતાને સ્વસ્થ, સરળ અને સમજદાર એવાં ત્રણ વિશેષણોથી નવાજ્યા હતા અને તેમની વિવેચન વિશેની સમજ આપીને તેમની કવિતાઓનું પઠન કરીને શ્રદ્ધાંજલિ આપી હતી. શ્રી રતિલાલ બોરીસાગરે સદ્‌ગત ઘનશ્યામ દેસાઈ વિશેના વક્તવ્યમાં દીપક દોશી, ધીરુબહેન પટેલ, લાભશંકર ઠાકર, સિતાંશુ યશશ્ચંદ્ર, સુરેશ દલાલ, મધુ રાય, અનિલ જોશી અને લલિત લાડે વિવિધ સામયિકોમાં આપેલી શ્રદ્ધાંજલિના કેટલાક અંશોનું પઠન કર્યું હતું. શ્રી રઘુવીર ચૌધરીએ અધ્યક્ષીય વક્તવ્યમાં વાર્તાકાર ઘનશ્યામ દેસાઈની 'કાગડો', 'ટોળું' વગેરે વાર્તાઓનું સ્મરણ કરીને વાર્તાની અને વ્યક્તિ ઘનશ્યામ દેસાઈની વિશેષતા ચીંધી આપી હતી. તો નીતિન મહેતાની સારા અધ્યાપક, સારા કવિ અને વિવેચક તરીકેની ચર્ચા કરી હતી. શ્રી રાજેન્દ્ર પટેલે સભાનું સંચાલન કર્યું હતું તેમજ શોકઠરાવનું વાચન કર્યું હતું.

## સાહિત્યસિદ્ધાન્ત વ્યાખ્યાનશ્રેણી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત 'સાહિત્ય-સિદ્ધાન્ત વ્યાખ્યાનશ્રેણી'નું ચોથું વ્યાખ્યાન તા. ૧૫ જુલાઈ, ૨૦૧૦ ને ગુરુવારે સાંજે ૫.૦૦ કલાકે જાણીતા આધુનિક વિવેચક અને સર્જક શ્રી શિરીષ પંચાલ 'રસપ્રતીતિનાં વિઘ્નો : પૂર્વ અને પશ્ચિમમાં' વિષય પર આપશે. સાહિત્યસિદ્ધાન્તની વધુ ને વધુ નિકટ જવાય, પૂર્વ અને પશ્ચિમના કાવ્યવિચારની તુલનાત્મક ચર્ચા થાય તેમજ નૂતન પ્રવાહોની જાણકારી મળે એ આ શ્રેણીનો ઉદ્દેશ છે. રસ ધરાવનાર સૌને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.



## મૂલ્યો તો અમૂલ્ય

કાઉન્સિલ ઑફ સિનિયર્સ ઑફ એડિસનની પંદરમી વાર્ષિક જયંતીની ઉજવણીના ભાગ રૂપે શ્રી ભાનુભાઈ ત્રિવેદી લિખિત 'મૂલ્યો તો અમૂલ્ય'નું ઉદ્યોગપતિ શ્રી પીયૂષભાઈ પટેલે તા. ૨૩ મે, ૨૦૧૦ના રોજ રેરિટન સેન્ટર ખાતે વિમોચન કર્યું હતું.

## માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમનો આરંભ

માતૃભાષા સંરક્ષણ અને સંવર્ધન માટે ગુજરાતી સાહિત્ય પરિષદની વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે 'માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર'ના ૨૧ દિવસના અભ્યાસક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૬-૭-૨૦૧૦થી તા. ૧૮-૮-૨૦૧૦ સુધી સાંજે ૫.૦૦થી ૬.૩૦ કલાક દરમ્યાન ચાલનારા આ અભ્યાસક્રમની હાલ પૂરતી ફી રૂ. ૧૦૦ રાખવામાં આવેલ છે. તેમાં એક કલાક અધ્યાપન અને અર્ધો કલાક પ્રશ્નોત્તરીનો રહેશે. ભાષાના પ્રાથમિક અને મહત્ત્વનાં પાસાંઓના અભ્યાસમાં કોઈપણ ભાષારસિક-ભાષાજિજ્ઞાસુ વયભેદ કે વ્યવસાયભેદ વગર જોડાઈ શકે છે. વધુ વિગત માટે પરિષદ કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.

S

ગુજરાત પુસ્તકાલય પ્રેરિત 'સાહિત્યસૃષ્ટિ'ના ઉપક્રમે 'ગુજરાતી ભાષા અને સાહિત્ય સમક્ષના પડકારો' વિશે ભગવતીકુમાર શર્માએ વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ ધો. ૧૨ વિજ્ઞાનની પરીક્ષામાં ૯૫ ટકાથી વધુ માર્ક્સ સાથે રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવનાર દેવલ અશોકકુમાર શાહ તથા 'શહીદે ગઝલ' માટે શકીલ કાદરીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. શ્રોતાઓને 'ગજવામાં ગામ' પરબ તરીકે પુસ્તક ભેટ આપ્યું હતું.

## પરદેશના સભ્યોને વિનંતી

પરબ એરમેઈલથી હવે મોકલવામાં આવે છે. જેની નોંધ લેવા વિનંતી. વધેલા પોસ્ટ ખર્ચના રૂ. ૭૨૦ (વાર્ષિક) સત્વરે મોકલી આપવા વિનંતી.

## જેલ કાર્યક્રમ અંતર્ગત

(૧) રન્નાદે પ્રકાશને કુલ ૧૧૨૨ પુસ્તકો ભેટ આપ્યાં તે બદલ રન્નાદે પ્રકાશનનો હૃદયપૂર્વક આભાર. (૨) રાજેન્દ્ર પટેલ તરફથી કુલ ૭૦ પુસ્તકો ભેટ મળ્યાં. (૩) અનિલાબહેન દલાલ તરફથી કુલ ૩૦ પુસ્તકો ભેટ મળ્યાં.

## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર માટે મળેલ દાન

| | |
|---|---|
| (૧) કમિશનરશ્રી, વાહનવ્યવહાર (ગુ.રા.), ગાંધીનગર | ૭૦૦૦/- |
| (૨) સ્થાનકવાસી જૈન સંઘ, ગાંધીનગર | ૭૦૦૦/- |
| (૩) ક્રિએટિવ ફૉરમ, ગાંધીનગર | ૭૦૦૦/- |

ઉપરોક્ત ત્રણેય દાન હ. શ્રી ગુણવંત શાહ

## પરબ અપીલ પેટે મળેલ દાન

| | |
|---|---|
| નીતિનચંદ્ર સી. મોદી, નવસારી | ૧૦૦૧/- |

ગુજરાતી સાહિત્ય પરિષદને શ્રી પાવન બકેરી તરફથી ચાર એસી ભેટ રૂપે મળ્યા તે બદલ હૃદયપૂર્વક આભાર. r

# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## દર્શક ફાઉન્ડેશન એવૉર્ડ

ગુજરાતીના અગ્રણી નવલકથાસર્જક શ્રી વીનેશ અંતાણીને દર્શક ફાઉન્ડેશનના એવૉર્ડ અને શિક્ષણક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર ઉત્તર ગુજરાતની સંસ્થા ગાંધી આશ્રમ – ઝીલિયાને દર્શક ફાઉન્ડેશન શિક્ષણ એવૉર્ડથી સન્માનિત કરશે.

## ભાવનગર ગદ્યસભા : સર્જકસંવાદ, વિમોચન સમારોહ તથા એકાંકીકાર સન્માન

ભાવનગર ગદ્યસભા, સર્જકસંવાદ ગુજરાતી લેખક મંડળ અને ડિવાઇન પબ્લિકેશન્સ (અમદાવાદ)ના સંયુક્ત ઉપક્રમે સર્જકસંવાદ દ્વારા સંપાદિત અને ડિવાઇન પબ્લિકેશન્સ દ્વારા પ્રકાશિત વાર્તાસંગ્રહ 'અભિનવ વાર્તાઓ'નું વિમોચન ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદીના હસ્તે; તથા ગદ્યસભાના અધ્યક્ષ શ્રી ગંભીરસિંહજી ગોહિલના લેખોનો સંગ્રહ 'ગ્રંથવિવેક'નું વિમોચન ડૉ. સતીશ વ્યાસના હસ્તે અને અજય ઓઝાની હિન્દી વાર્તાઓના સંગ્રહ 'સિતારોં કી ધૂપ'નું વિમોચન ડૉ. ગંભીરસિંહજી ગોહિલના હસ્તે તા. ૩૦-૫-૧૦ ને રવિવારે ભાવનગર ખાતે સંપન્ન થયું.

કાર્યક્રમના પ્રારંભે ગદ્યસભાના સંવાદહકશ્રી માય ડિયર જયુ અને ડિવાઇન પબ્લિકેશન્સના શ્રી અમૃત ચૌધરીએ સભાને ઉદ્‌બોધન કર્યું હતું. બી. એમ. કૉમર્સ કૉલેના પ્રિન્સિપાલશ્રી પરેશભાઈ ત્રિવેદીએ 'વાંચે ગુજરાત' વિશે વાતો રજૂ કરી હતી.

વિનોદ અમલાણીના સૌજન્યથી ભાવનગર ગદ્યસભા દ્વારા આયોજિત એકાંકી નાટ્યલેખન સ્પર્ધાના વિજેતાઓને જાણીતા નાટ્યવિદ ડૉ. સતીશ વ્યાસ દ્વારા સન્માનવામાં આવ્યા હતા. એકાંકીસ્પર્ધામાં પ્રથમ ક્રમે એકાંકી 'એક અધૂરો ઇન્ટર્વ્યૂ' (નીલમ દોશી), દ્વિતીય ક્રમે 'રઝળતી લાશ' (વાસુદેવ સોઢા) અને તૃતીય ક્રમે 'દીપમાલા' (યામિની ગૌરાંગ વ્યાસ) વિજેતા જાહેર થયાં હતાં.

ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી શ્રી રાજેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે આ સમારોહ નિમિત્તે શ્રી હર્ષદ ત્રિવેદીએ 'આજની ટૂંકીવાર્તા' વિશે અને ડૉ. સતીશ વ્યાસે 'આજના એકાંકી' વિશે રચનાત્મક વક્તવ્ય આપ્યાં હતાં. સમારોહના અંતે ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રીશ્રી રાજેન્દ્ર પટેલે પ્રેરક વક્તવ્ય આપ્યું હતું.

'વાંચે ગુજરાત'ને સમર્પિત આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અજય ઓઝાએ અને ગદ્યસભાના મંત્રીશ્રી નટવર વ્યાસે આભારવિધિ કરી હતી.

સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી સંદર્ભે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગુજરાતી ભાષાસાહિત્ય ભવનના ઉપક્રમે તા. ૨૯-૫-૨૦૧૦ના રોજ વર્ષા અડાલજાના પ્રમુખસ્થાને સુરેશ દલાલે 'રજનીકાન્ત જે. મહેતાના ડાયસ્પોરા નિબંધો'નો લોકાર્પણવિધિ મુંબઈમાં થયો હતો.

## કોરિયા ખાતે ઇન્ડો-કોરિયન લિટરેચર પરિસંવાદ

'કોરિયા ખાતે ઇન્ડો-કોરિયન લિટરેચર પરિસંવાદ' કોરિયન લિટરેચર એસોસિયેશન, કોરિયાના આમંત્રણથી અને સાહિત્ય અકાદમી, દિલ્હીના ઉપક્રમે ટાગોર લિટરેચર એવૉર્ડ વિજેતા ભારતીય લેખકો સર્વશ્રી ભગવાનદાસ પટેલ (ગુજરાત), અગ્રહાર કૃષ્ણમૂર્તિ (દિલ્હી), નાસીમા અખ્તર (કાશ્મીર), રાજી શેઠ (ઉત્તર પ્રદેશ) ચંદ્રશેખર કંબાર (કર્ણાટક) અને સુપ્રસન્નાચાર્ય કોવેલ (કર્ણાટક)એ કોરિયાની રાજધાની સિઓલમાં તા. ૭-૬-૨૦૧૦થી ૧૩-૬-૨૦૧૦ના પરિસંવાદમાં ભાગ લીધો હતો.

## ગુજરાતી-મરાઠી અનુવાદકો માટે કાર્યશાળા

સાને ગુરુજી રાષ્ટ્રીય સ્મારકના આંતરભારતી અનુવાદ સુવિદ્યાકેન્દ્ર, મુંબઈ વિદ્યાપીઠ તથા મહારાષ્ટ્ર રાજ્ય સાહિત્ય અને સંસ્કૃતિમંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૪-૬-૨૦૧૦થી ૬-૬-૨૦૧૦ના રોજ ગુજરાતી-મરાઠી અનુવાદકો માટે ડૉ. હરિશ્ચંદ્ર થોરાતના માર્ગદર્શનમાં ગામ વડઘર, ગોરેગાંવમાં કાર્યશાળાનું આયોજન થયું હતું. જેમાં વસંત દહાકે, પ્રા. પ્ર.ના. પરાંજપે, ડૉ. અભય દોશી, ડૉ. નૂતન જાની, ડૉ. સચિન કેતકર, પ્રા. અશ્વિની બાપટ, અરવિંદ ટિકેકર, સુષ્મા શાલિગ્રામ, ડૉ. રામદાસ ભટકળ અને પ્રા. પુષ્પા ભાવેએ અનુવાદકાર્યની સમસ્યા, ઉપયોગિતા અને વિશિષ્ટતાઓ વિશે વક્તવ્યો આપ્યાં હતાં.

## 'જીવનકોટેજ'નું અનાવરણ

ડૉ. રક્ષાબહેન પ્ર. દવેના ૪૭મા પુસ્તક 'જીવનકોટેજ'નું અનાવરણ તા. ૫-૪-૨૦૧૦ના રોજ શ્રી વેણીભાઈ વોરા તથા શ્રી લલિતભાઈ વોરાના શુભહસ્તે ભાવનગરમાં થયું.

## આદિવાસી સાહિત્યના અભ્યાસીઓ જોગ

શ્રી શિવશંકર ચુનીલાલ જોશી ટ્રસ્ટ, અંબાજીની શિવસન્માન ફેલોશિપ અંતર્ગત ગુજરાતના આદિવાસી કંઠપરંપરાનાં સંપાદન-સંશોધનનો ઇતિહાસ શ્રી હસુ યાજ્ઞિક લખી રહ્યા છે. જેમણે આ વિષય પર લેખ-પુસ્તકના રૂપમાં લખ્યું હોય, પ્રકાશિત કે પ્રકાશ્ય હોય એવી સામગ્રી ૧, પદ્માવતી બંગ્લોઝ, ભાવિન સ્કૂલ પાસે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯ના સરનામે મોકલાવવા વિનંતી.